

વાસંતી સ્વપ્ન — કનુ દેસાઈ


માર્ચ
૧૯૫૪
અંક ૩૬૩

આવતી કાલનાં
નાગરિકોનું માસિક

કુમાર

સંસ્થાપક: રવિશંકર રાવળ

તંત્રી: બચુભાઈ રાવત



મલબાર-કાંઠો : એ શબ્દ આપણામાં, જાણે, નૈસર્ગિક સમૃદ્ધિ અને સૌંદર્યનો પર્યાય ગણાય છે. આમ તો મુંબઈની દક્ષિણે કોંકણપટ્ટીથી માંડી છેક ત્રિવેન્દ્રમ-કન્યાકુમારી સુધીનો હિંદનો આખો યે પશ્ચિમ કાંઠો નિસર્ગશ્રીથી હર્યોભર્યો છે; પરંતુ જેને અંગ્રેજીમાં 'મલબાર બૅકવૉટર્સ' કહે છે એની રમણીયતાની વાત જ જુદી છે. સમુદ્રને સમાંતરે અંતરાળ ભૂમિભાગમાં વહેતી આવતી સળંગ સમુદ્ર-નહેરના કાંઠેકાંઠે માઇલો સુધી નાળિયેરી, તાડને અન્ય વનસ્પતિનાં લીલાંકુંજાર વનની વચ્ચે મોહક ભાત પાડતી લાલ માટીની ભોમકા અને તેની સાથે સમરસ થતી પર્ણકુટિઓ મનને આહ્લાદથી તૃપ્ત કરી દે છે. એ 'બૅકવૉટર્સ'માં ત્રિવેન્દ્રમથી કોચીન સુધી હોડીમાં સળંગ સફર કરવી એ જીવનનો એક લ્હાવો ગણાય છે. ચિત્રકાર : શાંતિલાલ શાહ

કુમાર

માર્ચ ૧૯૫૪

અંક ૩૬૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

વાચકો લખે છે.

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

નવેમ્બર અંકમાં 'ગુજરાત: એની વિશિષ્ટતા અને મહત્તા' એ લેખમાં ભગવાન નેમીનાથ(કૃષ્ણના સંબંધી)ને જૈનોના ૨૩મા તીર્થંકર કહ્યા છે, પણ ૨૩મા તીર્થંકર તો ભગવાન પાર્શ્વનાથ છે, જ્યારે શ્રી નેમીનાથ ૨૨મા તીર્થંકર છે. 'શાળાનો રિપોર્ટ' જેવી નાની પણ સૂચક ને બોધક વાર્તાઓ આપતા રહેશો.

(વલ્લભવિદ્યાનગર) —રમેશ ગાંધી

'કુમાર'ના ડિસે. '૫૩ના અંકમાં 'આકાશયાનની અર્ધશતાબ્દી' વાંચીને એક હકીકત યાદ આવી. 'નવચેતન'ના ઑગસ્ટ ૧૯૫૩ના અંકમાં અવનવી માહિતીવાળો એક લેખ છે. તેમાં જણાવ્યું છે કે સ્વ૦ તળપદેએ ઋગ્વેદ મં. ૧૦નાં કેટલાંક સૂક્તો પરથી 'મરુત્સખા' નામનું વિમાન બનાવ્યું હતું અને મુંબઈમાં ચોપાટી પર ઉડાડ્યું હતું. તે માટે સ્વ૦ ગાયકવાડે તેમને રૂ. ૫૦,૦૦૦નું ઈનામ આપ્યું હતું. તે વિમાનની ફૉર્મ્યુલા ત્યાર બાદ રાઈટ ભાઈઓને વેચવામાં આવી હતી. આ હકીકત ક્યાંથી મળી તે તેના લેખકને મેં પુછાવ્યું, પણ ઉત્તર ન મળ્યો. એ હકીકત સાચી હોય તો ઋગ્વેદના તે મંત્રોનું અર્થઘટન (interpretation) સ્વ૦ તળપદેએ કેવી રીતે કર્યું, એની રસપ્રદ ને ઉપયોગી માહિતી મળી શકે.

'કુમાર'નો કોઈ વાચક આ અંગે વધુ માહિતી આપી શકે તેમ હોય તો જણાવશે?

(નડિયાદ) —રમણલાલ ગાંધી

આપ ઓછામાં ઓછું એક પાનું અથવા અર્ધું પાનું હુન્નરઉદ્યોગ—અથવા ગૃહઉદ્યોગ માટે આપતા રહો તો સારું, જેથી કોઈપણ નવયુવાન આર્થિક કમાણી કરી શકે. આજકાલ બેરોજગારીનું પ્રમાણ ઘણું મોટું છે, તેને એ વિભાગ ખૂબ ઉપયોગી થઈ પડશે. જાપાનમાંના ગૃહઉદ્યોગો ત્યાં કેટલા આશીર્વાદ સમાન છે?

(મુંબાઇ) —જમનાદાસ નારાયણદાસ

'મૅટ્રિક પછીના માર્ગદર્શન'માં એક વધુ માર્ગ ઉમેરવો હોય તો હોમીઓપથીનો અભ્યાસ પણ ઘણો ફાયદાકારક ને નફાવાળો છે. હિંદ જેવા ગરીબ દેશને માટે આ દવાઓ સસ્તી ને આશીર્વાદ સમાન છે.

(મુંબાઇ) —કાન્તિલાલ કાપડિયા

હું 'કુમાર' માસિકનો નિયમિત વાચનાર છું. લગભગ બીજા વર્ષથી ગ્રાહક બન્યો છું અને દરેક વર્ષની ફાઇલો મારી પાસે છે. ગુજરાતી તરીકે ઓળખાતી પ્રત્યેક વ્યક્તિ એને અપનાવે; અને ગુજરાતનું એક પણ ઘર એવું ન હોય કે જ્યાં 'કુમાર' ન આવતું હોય. 'કુમારે' ગુજરાતી ભાષાભાષી જનસમૂહની પોતાની નવી ને દેશકાળને અનુરૂપ વાનગી દ્વારા અનુપમ સેવા બજાવી છે. હાલના સંયોગોમાં ગુજરાત ને મુંબઈમાં વસતા ધનિક વર્ગ ધન વડે ને મધ્યમ વર્ગ ગ્રાહક બનીને ઊગતી પ્રજાનું ઘડતર કરનાર આ માસિકને પગભર કરવું ઘટે.

માસિકમાં ભારતના જુદા જુદા પ્રદેશનાં ઐતિહાસિક સ્થળોનું વર્ણન તેમજ આ ભૂમિમાં થઈ ગયેલા સંત-મહાત્માઓનાં જીવન અંગે લખાણ પણ અંતરાયે અપાતું રહે. ગતકાલીન ગૌરવની વાતો નવચણતરમાં ઉપયોગી છે.

(મુંબાઇ) —મોહનલાલ ચોકસી

૩૫૮મા અંકમાં ૪૧૦મે પાને ખોરાક સંબંધે શ્રી કાસિમશાહ દર્દે લખ્યું છે, પરંતુ નિસર્ગોપચારનાં પુસ્તકોમાંથી પણ કેટલાક વિરોધાભાસી સૂરો નીકળે છે. તેથી જનતા સંભ્રમમાં પડે છે. જેમકે કોઇ ખૂબ પાણી પીને શરીરને સ્વચ્છ કરવાનું લખે, તો કોઈ 'શરીર કાંઇ ખાળકૂંડી નથી કે પાણીથી સાફ થાય, માટે તરસ લાગે ત્યારે જ પાણી પીવું' એમ લખે.

શ્રી દર્દે સામે મારે વિરોધ નથી; પણ દાળભાત, દૂધભાત કે રોટલી-દાળ ન ખાવાં જોઈએ એમ કહેનાર શાસ્ત્ર માટે, જેની સામે એ જ આપણો નિત્યનો બની ગએલો ખોરાક ખાઇને એંશી એંશી વર્ષનાં ખડતલ દાદા-દાદી બેઠાં હશે એને કેવો સંભ્રમ થશે? મને લાગ્યું છે કે આ બાબતમાં ગુજરાતમાં નિસર્ગોપચારથી કામ કરનાર, અથવા તો આયુર્વેદ અને પાશ્ચાત્ય વૈદકના સમજનાર શ્રી બાપાલાલભાઈ જેવા વૈદ્ય ભારતીય જનતા માટે આયુર્વેદની દૃષ્ટિએ પથ્યાપથ્ય સમજાવે તો જ લાભ થાય, અને ઉપર્યુક્ત લખાણમાં જણાવ્યા પ્રમાણે જે કાંઈ ખરેખર નુકસાનકારક હોય તે છોડી સાચા અને સાદા સરળ ખોરાકને અપનાવી શકાય. બર્નાર મૅકફૅડન, ડૉ. જોશીઆ ઓલ્ડફીલ્ડ તથા ડૉ. ચૌધરી જેવાનાં પુસ્તકો મારે ત્યાં છે છતાં આ લખું છું એ કહી લઉં.

(ચૂડા) —દિનકરરાય કેશવલાલ વૈદ્ય

ઑક્ટોબર(૧૯૫૩)ના અંકમાં પ્રો. રમણલાલ ગાંધીનો કલશેરી ઉપરનો લેખ વાંચ્યો. પ્રો. રમણલાલના મત પ્રમાણે કલેશરીની વ્યુત્પત્તિ કલા+ઈશ્વરી અગર ક્લેશ+હરી થાય છે, પણ એ બરાબર નથી. કલેશરીની સાચી વ્યુત્પત્તિ કુલ+ઈશ્વરી છે. એટલે એનો અર્થ થાય છે કુલની ઈશ્વરી—દેવી. આ કલેશરી માતા મૂળ વાણિયાની કુળદેવી ગણાય. લગભગ ૧૨૦૦ વર્ષ પહેલાં નાપા પ્રદેશના વાણિયા વસવાટ અને ઉદ્યોગધંધા અર્થે સારાયે ગુજરાતમાં ઘૂમી વળેલા. ઠેકઠેકાણે એમણે જ્યાં વસવાટ માટે યોગ્ય લાગ્યાં તેવાં સ્થળોએ કૂવા અને માતાનું સ્થાનક બંને બનાવ્યાં. દાખલો આ મારા ગામ ઉત્તરસંડાનો મોજૂદ છે. ઉત્તરસંડા વસ્યું તે પહેલાનું, આજે ગામ છે ત્યાંથી દોઢેક માઇલે, જૂનુપુરાણું સાવ ખખડી ગએલ દહેરું છે જે કલેશરી માતાના દહેરા તરીકે ઓળખાય છે. અવારનવાર તેનું સમારકામ થએલ હોય તેમ જણાય છે. વળી આ દહેરાથી આથમણી દિશાએ એક ખૂબ પુરાણો કૂવો છે જે નાપાવાળા કૂવા તરીકે જાણીતો છે. કૂવો અને દહેરું બંને, એક જ અરસામાં બંધાએલાં છે. રમણલાલે એમના લેખમાં કહ્યું છે કે 'આ પ્રદેશમાં મોટે ભાગે વાણિયાની વસતિ છે.' આ ઉપરથી અનુમાન કરી શકાય કે એ જ નાપાના વાણિયાઓએ તે સ્થળે પોતાની કુળદેવીનું મંદિર બાંધી વસવાટ કર્યો હશે અને ગામનું નામ પણ કુળદેવી પરથી કલેશરી પાડયું હશે.

વળી ઉત્તરસંડાની ભાગોળ પર તળાવના પગથાર પાસે ૪×૨॥ ફૂટની એક ખૂબ પુરાણી શિલ્પપ્રતિમા આજે બરાબર ૭૦ વર્ષથી સૌનું ધ્યાન ખેંચે છે. આ મૂર્તિ લગભગ ૯૦૦ વર્ષ પુરાણી છે એવો શ્રી કે. કા. શાસ્ત્રીનો મત છે. આવી કેટલીક મૂર્તિઓ આજે ગુજરાતનાં ગામડાંમાંથી મળી આવે છે. એ બંનેનાં ફોટાચિત્રો આ સાથે મોકલું છું. (નીચે)

(ઉત્તરસંડા) —રમણિક પટેલ



ખોલીએ ના કંઈ

·ગાન·

ખોલીએ ના કંઇ:
આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રે'વું ચૂપ:
નેણ ભરીને જોઇ લે, વીરા!
વ્હેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ...ખો૦

વન વેરાને મારગ વિજન,
સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન;
ગામને આરે હોય બહુ જન,
લખનો મેળો મળીઓ રે ત્યાં કોણને કોની તાન?
માનમાં જવું એકલ વીરા!
તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ...ખો૦

આપણી વ્યથા,
અવરને મન રસની કથા, ઇતર ના કંઇ તથા,
જીરવી એને જાણીએ, વીરા!
પ્રાણમાં જલન હોયનેતોયે ધારીએ શીતલરૂપ...ખો૦

રાજેન્દ્ર શાહ

લાવ, હજી—

·ગાન·

લાવ, હજી એક સાદ કરી લઉં, લાવ, ગાઇ લઉં ગીત;
લાવ, જોઉં કોઇ વિદાયસજલ આંખ માંડે અહીં મીટ.
વણમાણ્યાં સુખદુઃખની પોઠો વહી ચાલી વણઝાર,
પદરવના સંચાર હજી કયહીં, ખુલ્લાં હજી કંઈ દ્વાર;
લાવ, કરી જોઉં સાદ, જો કોઇ પંથનું થાયે મીત
લાવ હજી એક સાદ કરી લઉં૦
હાટ ગયું વીખરાઇ, હજી તો ય પશ્ચિમતીરે તેજ,
જગ-જમનાના તટથી ખેંચે અણદીઠ ઘરનું હેજ;
લાવ, જોઉં કોઇ જાય મળી, આ ભાર કરી લે ક્રીત:
લાવ, હજી એક સાદ કરી લઉં૦
જીવનમેળે વાટે ઘાટે જુગટે પામ્યો હાર,
લાવ, જતાં વળી આજ રમી લઉં જિંદગી આખિર વાર
એ ય બને કે અંતિમ દાવે સામટી થાયે જીત:
લાવ હજી એક સાદ કરી લઉં૦

ઉશનસ્

·હરિણી·

રૂપકુરૂપ દે રંગો કેરો ન ભેદ કહી ખરે,
ધવલવરણું, લીલું, પીળું, રૂપાળું ય રંગીલુ
સઘળું પડછાયો પાડે છે સદાય જ શ્યામ ના?

ગીતા પરીખ

આમંત્રણ

·મિશ્ર·

તું આવ નિદ્રા! પ્રિય આવ આલયે!
ને પોપચાંના પડદા વિના સ્વે
વાતાયને દષ્ટિતણા તું ઢાળી દે!
કોલાહલો ક્રંદન ક્લેશ નિત્યના,
આનંદહીણાં કટુ દશ્ય દુઃખનાં,
ગુલ્ફાંતળે ગોપવ અંધકારનાં!

તું આવ! લૈ છાબ ભરેલ ખ્વાબની,
ને ગાલિચા વાદળના બિછાવીને
વિમાનમાં દક્ષિણ વાયુના, મને
પ્હોંચાડજે, જ્યાં ફરી એક વાર હું
ચૂમી રહું સ્વપ્નમધુર હોઠ બે
ને, 'કોણ છે?!' કૂહે ઝબકી ઊઠે તે.

માણી લઉં એ ક્ષણ એક 'નંદની,
જાજે પછી જો જવું હોય, તો પ્રિય!

જસુભાઈ શાહ

કરુણતા

(શાલિની-મંદાક્રાન્તા)

ઝંખું ત્યારે આવતી તું ન પાસ,
આવે ત્યારે હોઉં છું હું ઉદાસ;
તો યે હૈયું તુજ મિલનની સેવતું વ્યર્થ આશ!

રૂઠે તો દે એક યે બુંદ તું ના,
રીઝે ત્યારે હાય! ઝીલી શકું ના;
ને હૈયાનો દવ તું વિણ કો વિશ્વમાં ઠારતું ના!

જશવંત લ. દેસાઈ

ભેદ

·ચોપાઈ·

મંદિર મૂર્તિ ને સોપાન,
સંગેમરમરનાં સંતાન.

વાહ! કહે મંદિરને દિલ
મૂર્તિ આગળ ઝૂકે શિર.

કિન્તુ જે છે સાચી શાન,
લાતો ખાયે છે સોપાન.

જીવતરના-પણ-કેવા ભેદ?
મુક્ત પગથિયું, ઈશ્વર કેદ!

અંબાલાલ ડાયર

આજના ત્રસ્ત જગતને નવો કલ્યાણકારી માર્ગ ચીંધનાર નવમાનવવાદના દ્રષ્ટા: એમનું

આ ત્યારની પેઢીને જે નામની મહત્તા લગભગ અપરિચિત જેવી છે એ શ્રી માનવેન્દ્રનાથ (એમ. એન.) રૉય એમના દેહરાદૂનના નિવાસસ્થાને ગત તા. ૨૭મી જાન્યુઆરીએ રાત્રે ૧૧-૫૦ કલાકે અવસાન પામ્યા. કુમારાવસ્થાથી જ ક્રાન્તિને ખોળે ઊછરેલા એ ક્રાન્તિકારીએ ગયા યુદ્ધમાં લોકશાહી બળોને સાથ આપવાની કરેલી હિમાયતથી વિસ્મિત થઇ એમના પ્રત્યે પૂર્વગ્રહ કેળવનારાઓનું પ્રમાણ આજે ઓછું નથી, પરંતુ સમયે બતાવી આપ્યું છે કે એવો પૂર્વગ્રહ કેળવનારાઓ કરતાં સ્વ. રૉયની દૃષ્ટિ વધુ લાંબે ને વધુ ઊંડે સુધી પહોંચતી હતી. એક ગુલામ દેશના જુવાને એના દેશમાંથી છટકીને પારકા દેશમાં અલભ્ય ગણાય એવી મહત્તા પ્રાપ્ત કર્યા છતાં એના પોતાના દેશમાં એણે મહત્તાની મુદ્દલ સ્પૃહા ન રાખતાં પોતાના દેશવાસીઓને વર્તમાન પરિબળોનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરી આપીને જ સંતોષ માન્યો; એટલું જ નહિ, પરંતુ દેશની સ્વતંત્રતા પછી કેવળ સત્તા હાથ કરવાને જ નવાનવા પક્ષો રચાતા ગયા ને જૂના પક્ષોમાં પણ સત્તાલોભને કારણે અંદરોઅંદર ખેંચતાણ ચાલવા માંડી ત્યારે પોતાની આસપાસ ઊભો થએલો પક્ષ એમણે સમૂળગો વિખેરી નાખ્યો અને કહી દીધું કે પક્ષીય રાજકારણના જમાનો હવે આથમવાની અણી પર છે. એમની પારગામી દૃષ્ટિ વર્તમાન પર નહિ પરંતુ ભવિષ્ય પર મંડાએલી હતી. એ એવું જગત ઝંખતા હતા જેમાં દરેક વ્યક્તિ સર્વાંશે મુક્ત અને સ્વેચ્છાએ નીતિમાન હોય. જીવનભર મુક્તિની શોધ કરતા રહેલા એ ઉત્પીડિત આત્માએ માનવીની રાજકીય, સામાજિક અને આર્થિક મુક્તિ માટે મથતા રહી છેવટે આવી આંશિક મુક્તિને બદલે માનવીને સર્વાંશે મુક્ત બનાવતું એક નવું જ દર્શન વિકસાવ્યું અને એ દર્શનનો પ્રચાર કરતા ચિરનિદ્રામાં પોઢી ગયા. એમના દેશવાસીઓને એમના એ નવમાનવતાવાદની બહુ પડી હોય એમ નથી લાગતું, પરંતુ યુરોપ-અમેરિકાના માનવતાવાદીઓ વૈજ્ઞાનિક પાયા પર રચાએલા એ નવદર્શનનો વધુ ને વધુ સંખ્યામાં પુરસ્કાર કરતા રહ્યા છે અને એક બાજુ સામ્યવાદ ને બીજી બાજુ ડૉલરિયા શાહીવાદથી ગ્રસાતા જગતને માટે કોઈ તરણોપાય હોય તો તે એ જ હોવાની દૃઢ માન્યતા ધરાવતા થયા છે. જે મહાપુરુષે જગતના અનેક દેશોને પોતાની પ્રતિભાથી પ્રભાવિત કરેલા છે એની પ્રતિભા એના પોતાના જ દેશમાં અપુરસ્કૃત રહે એ નવાઈ જેવું લાગે, પણ સ્વ. રૉયને એવી કશી લાલસા નહોતી. દેશપ્રાંતના સાંકડા સીમાડાઓથી પર એ એક વિશ્વમાનવ હતા અને એમનું દર્શન પણ દેશકાલબદ્ધ ન હોતાં સર્વદેશીય સર્વકાલીન છે.

જગતનો એ નિયમ ચાલ્યો આવે છે કે ચાલતી આવતી પરંપરાથી વધુ લાંબે દૃષ્ટિ દોડાવનારને અતડો પાડી, એનો વિરોધ કરી, એને સજા સુદ્ધાં આપીને એનું મોં બંધ કરવું; રૉય એમાં અપવાદરૂપ નહોતા. એમનું જીવન બીજા કોઈની સાથે સરખાવી શકાય તેમ હોય તો એમની જેમ જ અનેક દેશોના ક્રાન્તિઓમાં અગ્રગણ્ય ભાગ લેવા છતાં માનવીની સર્વાંગીણ મુક્તિની હિમાયતને કારણે ખુદ માનવીઓથી જ અવમાનિત બનેલા ટૉમ પેઈન સાથે. બંને વિશ્વનાગરિક હતા. પેઈનનું આ કથન સર્વાંશે શ્રી રૉયને પણ લાગુ પડે છે કે, 'where freedom reigns there is my country.' અને માનવીની સર્વાંગ મુક્તિનો આદર્શ જ્યાં ફલિત થએલો હોય એવો દેશ એ બંનેના માટે એક સ્વપ્નદેશ જ રહ્યો.

ટૉમ પેઈનની જેમ એમ. એન. રૉયનું પણ સારું યે જીવન સ્વાતંત્ર્ય અને સત્યની શોધમાં વ્યતીત થયું. બંનેની નિષ્ઠા સમાન હતી, પણ દૃષ્ટિની વાત કરીએ તો રૉયની દૃષ્ટિ પેઈનના કરતાં વધુ પારગામી અને સર્વગ્રાહી હતી. રૉયના કેટલાક મિત્રોએ એક વાર સત્યની શો[ધના] તેમના પ્રયાસો સામે ગાંધીજીના 'સત્યના પ્રયોગો' એ આ[...] દાખલો આપી તેમનાં એ દિશામાંના પ્રયાસોને અક્ષરબદ્ધ કહેતાં તેમણે જવાબ આપેલો, 'સત્યના પ્રયોગો કરવા જેટલો [...] નથી. મેં તો સત્યની શોધ માત્ર આરંભી છે.'

માનવ સ્વાતંત્ર્યના એ અનન્ય ઉપાસકનું જન્મનું નામ નરેન્દ્ર ભટ્ટાચાર્ય. જુવાન નરેનની સ્વાતંત્ર્યની કલ્પના પણ [...] તમાં તેટલી સ્પષ્ટ નહોતી. સશસ્ત્ર ક્રાન્તિમાં એને વિશ્[વાસ] અને એ કારણે હિંદમાં કુમારાવસ્થાથી જ એ પ્રવૃત્તિમાં [...] ત્યાર બાદ હિંદ બહાર ચીન, મેક્સિકો અને રશિયા એ ત્ર[ણ] સશસ્ત્ર ક્રાન્તિઓમાં એમણે ભાગ લીધો, જેમાં રશિયાની [...] ઇતિહાસમાં અભૂતપૂર્વ હતી. સ્વાતંત્ર્યના એક સાધનરૂપે આ[...] આવેલા કમ્યુનિસ્ટ પક્ષે એ સાધ્ય સિદ્ધ કર્યું. પરંતુ પછી સા[...] મહત્ત્વ ત્યાં એટલું બધું વધી ગયું કે સાધ્ય ધીમેધીમે નજર[...] સરકતું ગયું. રૉયનો ભ્રમ ભાંગી ગયો ને એમનો આત્મા પોકા[રી ઊઠ્યો] કે, ક્રાન્તિ જનતા અર્થે છે, જનતા ક્રાન્તિ અર્થે નથી. ('Rev[olution] for the masses and not masses for the revol[ution]'.)

જીવનભર ક્રાન્તિકાર્યમાં રત રહ્યા છતાં જુદાંજુદાં સાહિ[ત્ય] વિજ્ઞાનાદિનો રૉયનો અભ્યાસ આશ્ચર્યજનક હતો. જુદીજુદી [ભાષા]ઓ એ જાણતા અને એમાંની કેટલીય ભાષાનાં પત્રોના [...] રહી ચૂકેલા. એમના જીવનકાળ દરમિયાન ત્રણ ડઝન જેટલ[ાં] એમણે લખેલાં છે, જેમાં 'મટીરીઆલિઝમ', 'સાયન્સ ઍન્[ડ ...]શન', 'હેરેસીઝ ઑવ ધી ટ્વેન્ટીએથ સેન્ચુરી', 'ફ્રૉમ રે[...] સિવિલીઝેશન', 'ધી રશિયન રેવોલ્યુશન', 'રેવોલ્યુશન [ઍ]ન્ટર રેવોલ્યુશન ઈન ચાઈના', 'બિયૉન્ડ કમ્યુનિઝમ', 'રીઝન, [રોમેન્ટિ]સીઝમ ઍન્ડ રેવોલ્યુશન' તથા 'ન્યુ હ્યુમેનિઝમ' ખાસ ઉ[...] છે. રાજકારણમાં પડનારાને બીજા કોઇ વિષયના વિશેષ [...] જરૂર ન હોવાની જ માન્યતા આપણે ત્યાં ચાલે છે, પરંતુ રૉ[ય ...] કે રાજકારણ એ પણ એક માનવશાસ્ત્ર હોઈને માનવકલ્યા[ણ ...] રચાએલી તમામ દર્શનપદ્ધતિઓનો અને તેના અધિક સુખ-[...] વિજ્ઞાનોનો પરિચય રાજકારણમાં પડેલી વ્યક્તિ માટે આ[...] કોઈ પણ વિધાન તર્ક અને પ્રમાણની કસોટીએ પાર ન ઊ[તરે તો તેને] અમાન્ય કરતાં એ મુદ્દલ સંકોચ ન અનુભવતા—પછી ર્[...] માર્ક્સનું હોય કે ગાંધીજીનું હોય. અને પોતાને લાગતું સત્ય ર[...] વ્યક્તિની મુદ્દલ પરવા કર્યા વિના સંભળાવી દેતા—પછી લેનિન હોય કે નેહરુ હોય.

આ સત્યભાષિત્વે જ એમની લોકપ્રિયતા આડે અડીખ[મ દીવાલ] રચી દીધી. પરંતુ માનવકલ્યાણના આદર્શ સામે ચંચલ લોક[મતને] લોભે નમી પડે એવા માટીપગા એ ન હતા. એ તો હતા [...] જે સઘળા વાદો ને સઘળાં બંધનોથી માનવીને મુક્ત કરી યથેષ્ટ પદે મૂકવા માગતા હતા. આજનાં રાજતંત્રો અને સ[...] કેવળ સત્તાતુલા પર રચાએલાં છે. રૉય એ સત્તાનું જ સંપૂર્ણ[...] કરણ માગતા, જેથી માનવી એક નાગરિક તરીકેના [...] અધિકારનો ઉપયોગ સત્તાસ્થાને પોતાનો એકાદ પ્રતિનિધિ[...] વામાં કરવાને બદલે એ સ્વયં પોતાના અધિકાર તથા કર્ત[વ્ય ...] કરી શકે. એમના જ શબ્દોમાં કહીએ તો, 'સ્વતંત્રતા એટલે કૃત્રિમ બંધનોનો અંત, જે માનવ પ્રતિભાના પૂર્ણ વિકાસમાં[...]

ગુલામ દેશના જે જુવાને વિદેશના આઝાદ મુલકોમાં ત્યાંના રાષ્ટ્રવિધાયકો સાથે ખભેખભા મેળવી કામ કરીને અસામાન્ય મહત્તા મેળવી એ

શ્રી એમ. એન. રૉય



લેખક - અશોક હ

★

બંગાળના મિદનાપુર જિલ્લામાં ખેપુર ગામનું ભટ્ટાચાર્ય કુટુંબ ન્યાયશાસ્ત્રના પંડિત તરીકે પંકાતું. એક પુરાણપ્રસિદ્ધ મંદિરનું પૂજારીપણું એ કુટુંબમાં ચાલ્યું આવતું. મંદિરને થોડી જમીન હતી, પરંતુ કુટુંબનું એથી પૂરું ન થતું હોઈ એમાંના એક શ્રી દીનબંધુ ભટ્ટાચાર્યે ચોવીસ પરગણાના અરબલિયા ગામે આવી ત્યાં સંસ્કૃત પાઠશાળા ખોલી ને ત્યાં જ વસવાટ રાખ્યો. એમને ત્યાં ચૈત્ર વદ ૮ (ઇ. સ. ૧૮૯૨)ના રોજ નરેન્દ્રનાથનો જન્મ થએલો.

નરેન્દ્ર નાનપણથી જ ભણવામાં હોશિયાર હતો. એની તર્કશક્તિ અત્યંત પ્રબળ હતી. ધર્મમાં સ્વામી દયાનંદ બાદ સ્વામી વિવેકાનંદ સુધારાનું તત્ત્વ દાખલ કરી રહ્યા હતા. બંને મૂર્તિપૂજાના વિરોધી હતા, એટલે બાળક નરેન્દ્રે પણ મૂર્તિપૂજા પ્રત્યે ઘૃણા દર્શાવવા માંડી. ઘૃણા બતાવીને જ બેસી ન રહેતાં તેણે તો પોતાના સાથીઓ સાથે મળીને મંદિરોમાંની મૂર્તિઓ ગૂમ કરવા માંડી. એનો સ્વભાવ જ એવો હતો કે કોઇ વાત પકડી એટલે એનો અંત લાવે જ છૂટકો. એક દિવસ એની સાથેના કેટલાક છોકરાઓએ અમુક મૂર્તિ વિષે કહ્યું, તું એ મૂર્તિનું અપમાન કરી જો એટલે તરત પરચો મળશે. નરેન્દ્રે સીધી લાત એ મૂર્તિને મારી. લાત મારતાં નવા જોડાથી પગ છોલાયો અને પાક્યો. આ દૈવી કોપનું જ ફળ હોવાનું પેલા છોકરાઓએ મનાવતાં નરેન્દ્રના મનમાં પહેલવહેલો આધ્યાત્મિક સંઘર્ષ જાગ્યો. ખૂબ મનોમંથનને અંતે તે એ જ નિર્ણય પર આવ્યો કે પગ પાકવાનું કારણ નવા જોડા હતા, નહિ કે પથ્થરનો પેલો ટૂકડો.

પ્રજામતથી વિરુદ્ધ જઈ લૉર્ડ કર્ઝને પાડેલા બંગાળના ભાગલાએ ત્યારે પ્રજાકીય રોષની પ્રચંડ આગ સળગાવેલી. હડતાળ, વિરોધપ્રદર્શન અને પ્રચાર એમ ત્રિવિધ રીતે એ આગ ફેલાતી ગઈ, જેની એક શિખા હતી સ્વદેશી આંદોલન. આ આંદોલનના ઉદ્દેશો હતા—સ્વદેશીનો પ્રચાર, વિદેશી માલનો બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર. નરેન્દ્રનાથ પર એની નાની વયે જ આ આંદોલનનો જબરો પ્રભાવ પડ્યો અને એ શ્રી અરવિંદ ઘોષની રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં જોડાયા અને ઑનર્સ સાથે ગ્રેડ્યુએટ થયા.

કૉંગ્રેસે તેના બનારસ અધિવેશનમાં બંગભંગનો સખત વિરોધ કરતાં અંગ્રેજ સરકારે તે જ વખતે અનેક દમનકારક ધારા અમલમાં મૂકી દીધા. લોકમુખને આ રીતે તાળાં લગાવવાના પ્રયત્નનું ફળ એ આવ્યું કે દેશમાં અનેક ગુપ્ત ક્રાન્તિકારી દળો રચાયાં અને તેમના દ્વારા ક્રાન્તિની તૈયારીઓ ચાલવા માંડી. આવાં વિપ્લવી દળોમાંનું એક હતું 'યુગાંતર દળ.' નરેન્દ્રનાથે આગળ અભ્યાસ મુલતવી રાખી દેશની આઝાદીના કાર્યને પ્રથમ અગત્ય આપી અને પોતાના કેટલાક સાથીઓ સાથે તે મજકૂર દળમાં જોડાઈ ગયા.

વિપ્લવવાદીઓએ એમનું મુખપત્ર 'યુગાંતર' નામે બહાર પાડવા માંડેલું, જેના તંત્રી હતા શ્રી અરવિંદ ઘોષના ભાઇ બારીન્દ્ર. એનો ફેલાવો ૫૬,૦૦૦થી પણ વધુ હતો, પરંતુ એના દ્વારા વિપ્લવનો ખુલ્લો પ્રચાર હિંદ પરની વિદેશી હકૂમત સહી ન શકી ને ૧૯૦૮માં તેને બંધ કરાવ્યું.

આમ છતાં ક્રાન્તિકાર્ય તો ચાલુ જ રહ્યું. સશસ્ત્ર ક્રાન્તિ જગવવા માટે શસ્ત્રો અર્થે નાણાં જોઇએ. આ નાણાં ધાડો પાડીને એકઠાં કરવામાં આવતાં. નરેન્દ્રનાથે પણ પક્ષના આદેશને માન આપી એના ગામના સ્ટેશન પર જ ધાડ પાડી. 'પોતાની ક્રાન્તિકારી યોજનાઓ આગળ વધાવવા માટે રેલવે સ્ટેશનનાં નાણાં લૂંટવા'ના આરોપ નીચે તેની સામે કામ ચલાવવામાં આવ્યું. લોકમાન્યના પ્રસિદ્ધ મુકદ્દમા પછી રાજદ્રોહના આ પહેલા જ મુકદ્દમાએ લોકોનું લક્ષ સારી રીતે ખેંચ્યું. પરંતુ મેજીસ્ટ્રેટે આટલી નાની (૧૪ વરસની) ઉમરનો છોકરો એવું કામ કરી શકે એ વાત જ માનવાની ના પાડી દીધી અને નરેન આરોપમાંથી નિર્દોષ છૂટી ગયો.

પણ એક વાર છૂટ્યો એટલે હમેશનો છૂટ્યો એવું ઓછું જ હતું! સરકારને આ છોકરા વિષે મનમાં એવો ભય પેસી ગએલો કે હરેક રાજકીય મુકદ્દમામાં કોઈ ને કોઈ રીતે તેને સંડોવીને ગિરફતાર કર્યા વિના તે ન રહેતી. પરિણામે એ ઘર તજી દઇને આજે અહીં તો કાલે ક્યાંક એમ ભટકવા લાગ્યો. એક બાજુ હતાં માતાપિતાનું વાત્સલ્ય, ભાઈભાંડુઓનો પ્યાર તથા ઘરનાં સુખશાંતિ, જ્યારે બીજી બાજુ હતાં પરેશાની અને ખાનાબદોશી. નરેને આમાંથી બીજો વિકલ્પ પસંદ કર્યો. પોતાનો દેશ કેવી રીતે આઝાદ થાય તેના વિચારોમાં જ તે લીન રહેવા લાગ્યો.

૧૯૧૦માં સરકારે હાવડા ષડયંત્ર કેસ ઊભો કર્યો જેમાં જુદાજુદા ૫૦ ચુનંદા નવયુવાનોને ગિરફતાર કરી તેમની ઉપર, રાજાસામે યુદ્ધ જગવવાનો ('to wage war against the king')નો આરોપ મૂકવામાં આવ્યો. 'યુગાન્તર દળ'ના નેતા શ્રી યતીન્દ્રનાથ મુખરજી વગેરે પ્રસિદ્ધ ક્રાન્તિકારીઓની સાથે નરેન પણ એમાં ઝડપાએલો. તપાસને અંતે માત્ર છ જ જણ અપરાધી ઠર્યા; બાકીનાને છોડી મૂકવામાં આવ્યા. નરેન પણ ૨૦ મહિના સુધી 'અંડરટ્રાયલ' કેદી તરીકે

જેલ ભોગવ્યા બાદ છૂટો થયો. સજાની વાત દૂર રહી પણ કેદખાનાંનો સિતમ ત્યારે એટલો ભારે હતો કે કાચાપોચાનાં તો હાજાં જ ગગડી જાય. આ જ કેસના ત્રણ આરોપીઓ તો જેલમાંના જુલ્મોથી ગભરાઈને જ ગાંડા થઈ ગએલા. નરેન પણ આ જુલ્મોનો ભોગ નહોતો બન્યો એમ નહિ. ૨૦માંથી ૯ મહિના તો એને એકાંતકેદ ('સોલિટરી કન્ફાઈનમેન્ટ')માં ગાળવા પડેલા.

છૂટ્યા બાદ નરેને ધાર્મિક ગ્રંથોનું અધ્યયન શરૂ કર્યું. સાથોસાથ યોગાભ્યાસ પણ કરવા માંડ્યો. સંન્યાસી બની જવાના ઉદ્દેશે જુદાજુદા મતસંપ્રદાયના સાધુ-મહાત્માઓનો યે સંપર્ક તે સાધતો ગયો. છેવટે રામકૃષ્ણ મિશનમાં એ જોડાઈ ગયો અને મિશને તેને મુર્શીદાબાદ મુકામે એક અનાથાશ્રમ ચલાવવા મોકલી આપ્યો.

પરંતુ હજુ નરેનના ચિત્તને શાંતિ ન હતી. એ સદા કંઈક ચિંતનમાં મગ્ન રહ્યા કરતો. દાનપુણ્યમાંના આડંબરયુક્ત વાતાવરણથી ઊબકી જઈ એક દિવસ તે પગપાળો જ કલકત્તા તરફ ચાલી નીકળ્યો. રસ્તે સેંકડો ગામડાં પસાર કરતાં તેણે હિંદનાં ગામડાંની ગરીબીનું પહેલી જ વાર પ્રત્યક્ષ દર્શન કર્યું. એ સ્થિતિ તો જ નિવારી શકાય જો દેશનું સર્વ રીતે શોષણ કરતી વિદેશી સત્તાને દેશવટો આપી શકાય. એની સામે એ સવાલ આવીને ઊભો રહ્યો કે પહેલું સાધ્ય શું? ધર્મ કે દેશની સ્વતંત્રતા? હૃદયમાં ભારે ઘર્ષણ અનુભવતાં નરેને પહેલાં ક્રાન્તિકારી પણ પછી સંન્યાસી બની ગએલા પોતાના એક સાથી i આ વાત કરતાં તેણે દલીલ કરી, 'આત્મસાક્ષાત્કાર વિના કોઈ કશું સાધી શકે તેમ નથી.' પરંતુ નરેનને આ દલીલ તત્ત્વહીન લાગી. એણે સંન્યાસી વેશ તજી દીધો અને દેશની સ્વતંત્રતાને મોખરે મૂકી.

ત્યાર બાદ નરેન બમણા જોરથી ક્રાન્તિકાર્ય પાછળ મંડ્યો, અને થોડા સમયમાં તો શ્રી યતીન્દ્રનાથ મુખરજીનો એક વિશ્વાસપાત્ર સાથી બની ગયો. એની અલૌકિક સંગઠનશક્તિ અને કાર્યકુશળતાને લઇને પક્ષનો તે આધારસ્તંભ બની રહ્યો. ગમે તેવું જોખમ વહોરતાં તે પાછો ન પડતો. છૂપી પોલિસને થાપ આપવામાં તો તે એક્કો ગણાતો. પક્ષના પ્રચાર અને સંગઠન માટે જુદાજુદા સ્થળે એને ફરવું પડતું. બિહારમાં એવા સંગઠન માટે એ કેટલોક વખત ત્યાંના મધરલેન્ડ પ્રેસમાં કમ્પોઝીટર તરીકે રહેલો. આજે આપણે જાણીએ છીએ કે એ સમયના વિપ્લવવાદીઓની પદ્ધતિ વૈજ્ઞાનિક નહોતી, પણ દેશને માટે અનેક કષ્ટો, કાળાપાણી ને ફાંસી સુદ્ધાં હસતે મોંએ સ્વીકારનારા ક્રાન્તિકારી જુવાનોના રાષ્ટ્રપ્રેમ સામે તો કશો સવાલ ઉઠાવી શકાય તેમ નથી.

૧૯૧૪માં મહાયુદ્ધ ફાટી નીકળતાં હિંદ પર પકડ જમાવી બેઠેલી બ્રિટિશ સરકારે પોતાની પકડ વધુ મજબૂત બનાવવા માંડી. ક્રાન્તિકારીઓ આ તકનો જુદી રીતે ઉપયોગ કરવા માગતા હતા. શ્રી યતીન્દ્રનાથ મુખરજી, નરેન્દ્રનાથ ભટ્ટાચાર્ય અને અતુલ ઘોષની દેખરેખ નીચે 'શ્રમજીવી સમવાય' એ નામે ચાલતી કાપડની દુકાનમાં મોટા પાયા પર શસ્ત્રાસ્ત્રોનો સંચય થવા લાગ્યો. ૧૯૧૫માં પક્ષની મળેલી સભાએ નક્કી કર્યું કે હિંદમાં સશસ્ત્ર ક્રાન્તિ સફળ બનાવવા જર્મનીની મદદ લેવી અને સિયામ, ચીન, જાવા ઈત્યાદિ દેશોના ક્રાન્તિકારીઓ સાથે સંબંધ સ્થાપવા. આ કાર્ય માટે નાણાંની આવશ્યકતા હોઈ એ જ સભામાં ધાડો પાડીને એ એકઠાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને દેશને સ્વતંત્રતા અપાવવાના સાધ્ય માટે કોઈ પણ સાધન વર્જ્ય ન હોવાનું સ્વીકારવામાં આવ્યું.

પરંતુ જર્મની સાથે સંપર્ક શી રીતે સાધવો? આ કાર્ય જેટલું મહત્ત્વનું એટલું જ ખતરનાક હતું. જર્મની સાથે ભળેલ હોવાની જેના પર સહેજ પણ શંકા જાય તેના પર કાયદેસર કેસ ચલાવવાને બદલે 'સમરી ટ્રાયલ'ને અંતે સીધો ગોળીએ દેવામાં કે ફાંસીએ ચડાવવામાં આવતો. સૌની નજર આ કાર્ય માટે નરેન ભણી વળી અને ૧૯૧૫ના એપ્રિલમાં તે વિદેશ ચાલી નીકળ્યો. સરકારને શંકા તો ગએલી, પરંતુ નરેને એ અટકળ પહેલેથી જ કરીને પોતાનું નામ બદલી નાખ્યું હતું. નરેનને બદલે એ સી. માર્ટિન બન્યો હતો.

બટેવિયા પહોંચીને ત્યાંના જર્મન રાજદૂત તથા બીજા એક જર્મન એજન્ટ થીઓડોર હેલિફેરિખને તે મળ્યો અને 'મેવેરિક' નામના જહાજમાં બંગાળના ક્રાન્તિકારીઓને જર્મની તરફની હથિયારો પૂરાં પાડવાની ખાતરી મેળવી પક્ષ પર સાંકેતિક ભાષામાં તાર કરી દીધો કે 'કારોબાર સારો ચાલે છે.'

બટેવિયાથી પાછો ફરી એ યતીન તથા યદુગોપાલ સાથે 'મેવેરિક'ની રાહ જોવા લાગ્યો. આ હથિયારો હતિયા, બાલાસોર તથા કલકત્તા એમ ત્રણ કેન્દ્રો વચ્ચે વહેંચવાનું નક્કી થએલું, પણ જહાજનો જ પત્તો ન હતો. આથી માર્ટિન ફરી બટેવિયા ઊપડ્યો. આ વખતની વાટાઘાટોમાં એકને બદલે ત્રણ જહાજોનું નક્કી થયું. એક જહાજ હતિયા અને એક બાલાસોર પહોંચે જ્યારે ત્રીજું નાનીસરખી ફોજ સાથે આંદામાન ટાપુ પર આક્રમણ કરી, સઘળા રાજદ્વારી કેદીઓને મુક્ત કરી તેમની સાથે સિંગાપુર પહોંચે; ત્યાંથી બીજા હિંદીઓનો સાથ મેળવી રંગૂન પર આક્રમણ કરે અને ત્યાંથી પછી બંગાળ પહોંચે.

આ પ્રબંધ પણ અમલી ન બની શક્યો, પણ માર્ટિનના એ માટેના પ્રયાસો છૂપા ન રહ્યા. માર્ટિન એ નરેન જ હોવાની ખાતરી થતાં બ્રિટિશ સરકાર એને ઝડપવા ટાંપી રહેલી, એટલે એનાથી હિંદ તો પાછા ફરી શકાય તેમ જ નહોતું. પૂર્વના જુદાજુદા મુલકોના ક્રાન્તિકારી આંદોલનોમાં એ ભાગ લેતો રહ્યો. એક વાર ડચ ઈન્ડીઝથી ઊડેલા એક જહાજમાં એણે સૈગોન (હિંદી ચીન) ઊતરવાનો પ્રયાસ કરી જોયો પણ ત્યાંના સત્તાવાળાઓએ તેને જમીન પર પગ જ મૂકવા ન દીધો. જહાજ હોંગકોંગ જવાનું હોઇ ત્યાં પણ તેને પકડવાની બધી તૈયારીઓ થઇ ચૂકેલી. પરંતુ નરેનને શંકા જતાં જહાજના કપ્તાનને લાંચ આપી અરધે રસ્તે જ એ છટકી નીકળ્યો અને ફિલિપાઈન પહોંચ્યો. ત્યાં અમેરિકન સામ્રાજ્યવાદ સામેની લડતમાં ભાગ લેવો શરૂ કર્યો.

પરંતુ જે કાર્ય માટે એના સાથીઓએ એને વિદેશ મોકલેલો તે એ કેમ ભૂલી શકે? એ જાપાન પહોંચ્યો. હિંદથી છટકી નીકળેલા પ્રસિદ્ધ ક્રાન્તિકારી નેતા રાસબિહારી બોઝ જાપાનમાં વસતા હોઇને તેમની સાથે મળી હિંદને માટે કશો કાર્યક્રમ યોજી કાઢવાનો એનો વિચાર હતો. ત્યાંથી પોલીસ પણ પોતાના પર જાપ્તો રાખી રહી હોવાની શંકા જતાં તે કોરિયા નાસી છૂટ્યો અને ત્યાંથી મંચૂરિયા થઈ ટિંટસીન પહોંચ્યો. તેની પાછળ જ પડેલી જાપાની છૂપી પોલીસે ત્યાંના અંગ્રેજ અધિકારીઓને આની જાણ પહેલેથી કરી દીધેલી એટલે ટિંટસીનના સ્ટેશને ઊતરતાંવેંત એને ગિરફ્તાર કરી લેવામાં આવ્યો.

નરેનને એ પછી બ્રિટિશ રાજદૂત સમક્ષ ખડો કરવામાં આવ્યો. તેના સદ્ભાગ્યે આ રાજદૂત બુઢ્ઢો તેમજ નશો કરેલી હાલતમાં હતો. સમયસૂચકતા વાપરી નરેને દયામણા ભાવે રાજદૂતને આજીજી કરી, 'હું કંઇ નરેન નથી; હું તો બ્રિટિશ હકૂમતનો વફાદાર નાગરિક છું. આવા વખતમાં દેશ છોડી નીકળવા બદલ મને આ સજા મળી રહી છે.' રાજદૂતે એને આરોપમાંથી મુક્ત કરી દીધો અને શિખામણ આપી કે, 'Keep Clear of the bloody Sedition.'

નરેને ચીનના ક્રાન્તિકારી નેતા સુન-યત-સેનની મુલાકાત લીધી ને તેની મારફત હથિયાર મોકલવાની શક્યતા નાણી (અનુ. પૃ. ૧૨૪મે)


જો તમે અગ્નિની ઝાળમાં સપડાઓ તો_
આમ નહિ
પણ
આમ કરો
ઊભા રહેવાથી શરીરનો ઉપલો ભાગ પણ દાઝે છે
દોડવાથી પવન લાગી ઝાળ વધુ ફેલાય છે
સળગી જાય તેવી ચાદર કે ગોદડી નાખવાથી ભડકો વધુ ફેલાય છે
આડા પડી જવાથી ઝાળ ઉપરની તરફ ફેલાતી નથી
આળોટવા માંડવાથી ક્યારેક ભડકો ઓલવાઇ જાય છે
ઊનનો ગરમ ધાબળો જ કે બે-ચાર જાડાં ગોદડાંથી જ ભડકો ઓલવવો
મદદકર્તાને વળગો તો નહિ જ.
હાથને આંટી મારીને પકડો ને પછી બળનારને આળોટાવો
વળગવાથી મદદકર્તાને પણ ઝાળ લાગે છે.
બળનારના હાથને આંટી મારી પકડવાથી તે વળગશે નહિ.
આળોટાવવાથી ભડકો શાંત થશે.
ડૉક્ટરની મદદ મળે તે દરમિયાન બજારમાં તૈયાર મળતી ટૅનિક ઍસિડની ગોળીનું દ્રાવણ બળેલા ભાગ પર લગાવો. તેલ કે માખણ યા ઘી પણ લગાડી શકાય. ચૂનાની આછ ને તેલ પણ મેળવીને ચોપડી શકાય.
પાણી તો હરગીઝ ન છાંટો
એથી બળનાર જીવલેણ સ્થિતિમાં મુકાશે
તમારી આવડત પર જ વિશ્વાસ ન મૂકતાં બનતી ત્વરાએ ડૉક્ટરની મદદ મેળવો

રહે તો રાંધું ને જાય તો બાંધું એવી સ્થિતિ કરી નાખનાર અગમ્ય લોહચુંબકના પરચા આપતા

સારંગની ચોરી ★

લેખક • મનેશચન્દ્ર



ઘર એટલે માતાનું મંદિર. સારંગને એ મંદિરનાં દર્શન થયાં ન હતાં. પ્રેમ એટલે પ્રભુ. સારંગને તેનો યે અનુભવ થયો ન હતો.

કોઈક મા અને કોઇક બાપનો એ કોઇક દીકરો હતો. રસ્તામાંથી રડતો જડેલો અને અનાથાશ્રમમાં ઊછરેલો. વીસેક વર્ષનો થયો ત્યાં સુધીમાં તો તે 'ઉસ્તાદ' થઈ ગયો. કઈ વસ્તુ કેમ ગુમ કરવી, ક્યાં ગુમ કરવી એ તેને બરાબર આવડી ગયું. તેના મનમાં વિરોધી સંસ્કારોનો અખાડો જામ્યો. આશ્રમના સંચાલકોનાં ભાષણોનું વારંવાર શ્રવણ થવાથી કંઈક સુસંસ્કાર પણ પડેલા—જે ખૂબ ક્ષુદ્ર પ્રમાણમાં હતા; અને ત્યાંના વાતાવરણથી અમુક કુસંસ્કાર પણ સ્વાભાવિક રીતે પડેલા, જેનું જોર વધુ પ્રમાણમાં હતું. આશ્રમમાં ઘણા ધંધા શીખવવામાં આવતા, પણ તે એ ન શીખ્યો, જ્યારે ત્યાં નહિ શીખવાતો ધંધો—ચોરી-તફડંચીનો તેને ઘણો ગમ્યો અને તેમાં તે પાવરધો પણ થઇ ગયો.

તેને જગતની ઘણી વસ્તુઓનો કંટાળો હતો, પરંતુ એમાં યે સૌથી વધુ કંટાળો જો કોઇનો હોય તો તે અનાથાશ્રમનો. નિયમબદ્ધ જીવન જીવી પોતાની અનેક મનોવૃત્તિઓનો સંહાર કરવો તેના કરતાં મુક્ત બની તે પ્રમાણે વિહાર કરવો તેને યોગ્ય લાગ્યો. એટલે તે ત્યાંથી ભાગ્યો. નિશ્ચય કર્યો કે પહેલાં ભાગી ગયા પછી જેમ પાછો આવ્યો હતો તેમ હવે કદી પાછા આવવું નહિ. દિવસ આખો રખડ્યો, રાત આખી ઊંઘ્યો. થાક્યોપાક્યો તે ઢીલો બની ગયો. વીસ વર્ષનો જુવાન જેનું હવે કોઇ નહોતું, જે હવે કોઇનો ન હતો, તે હવે રડુંરડું થઈ ગયો. પેટને અને અન્નને, મનને અને સ્થિરતાને, હૃદયને અને સાંત્વનાને વેર જેવી સ્થિતિ થઇ ગઈ. એટલે કુદરતીરીતે જ તેનામાં એક વિચાર ઉદ્ભવ્યો. તે વિચાર હતો ચોરી કરવાનો.

હવે બહાર ચોરી કરવી તે આશ્રમમાં ચોરી કરવા જેવું સહેલું તો ઓછું જ હતું? એને માટે તો ચૌરશાસ્ત્રનું સારું એવું જ્ઞાન, આવશ્યક શસ્ત્રો, અનુકૂળ સમય, શારીરિક અને માનસિક બળ, પૂરતો અનુભવ, એવું બધું જોઇએ. તેની પાસે એ ક્યાં હતું? તેણે કેટલોક વિચાર કર્યો અને પછી ચોરી કરવાનું ભારે કામ મૂકી ખિસ્સું કાપવાનું સરવાળે કંઈક હળવું કામ કરવાનું નક્કી કર્યું. તેમાં તો એક માત્ર બ્લેડ જોઇએ, થોડી હાથચાલાકી જોઇએ અને મોં પર થોડો રુઆબ જોઇએ.

પણ એ 'માત્ર બ્લેડ' અને 'માત્ર થોડો રુઆબ' લાવવાં ક્યાંથી? લૂગડાં તો તેનાં જથર-પથર હતાં, અને વાળ તો તેલવિહોણા હતા. વળી મુખ ઉપર તો આશ્રમના ઉછેરની છાપ સ્પષ્ટ વર્તાતી હતી. આવા વેશે તે ખિસ્સું કાપવા જાય તો તરત પકડાઈ જવાનો પૂરો ભય. પહેલો જ વહેમ તેના પર આવે. રસ્તે આવતા-જતા રુઆબદાર બાંકેલાલ માણસોનાં ખિસ્સાં તરફ લોભી આંખે જોતાંજોતાં તેણે કંઇક નિર્ણય કર્યો અને તરત તેનો અમલ કર્યો.

તેને એક મિત્ર હતો. તે ધોબીનો ધંધો કરતો હતો. તે પણ આશ્રમમાં જ ઊછરેલો અને એ ધંધામાં પ્રવીણતા પ્રાપ્ત કરી ઉંમરલાયક થતાં સ્વતંત્ર કમાવા લાગ્યો હતો. તેને અને સારંગને કંઈક ઠીક બનતું. સારંગને તેનું સ્મરણ થયું અને તરત તે તેની દુકાને ગયો.

બોલ્યો, 'દોસ્ત તારું ખાસ કામ પડ્યું છે.'

મિત્રે તેને જોતાં મોં મરડ્યું. 'તું ક્યાં ભટકે છે? આશ્રમમાં તો તારી શોધાશોધ ચાલે છે.'

'અરે ભાઇ! ત્યાં જ નહિ, આખા ગામમાં ચાલતી હશે, પણ હવે મારે એ જેલમાં નથી જવું. પણ એ વાત જવા દે. તું જો મારો દોસ્ત હોય તો મારું એક કામ ન કરે?'

'શું?'

'મને એક-બે દિવસ માટે એક સૂટ પહેરવા માટે ન આપે?'

ધોબીને આશ્ચર્ય થયું: 'તારે વળી એની શી જરૂર?'

'જરૂર છે. સરસ ઇસ્ત્રી કરેલો હોય તે કાઢી આપ. હું તારો ઉપકાર કોઈ દિવસ નહિ ભૂલું. બે દિવસ પછી તો જરૂર આપી જઈશ.'

ધોબીને સારંગ સાથે મિત્રતા તો હતી, પણ તે આવી લેણદેણની નહિ. સારંગે તેને પરાણે મનાવ્યો ને કોઈક ઘરાકનો તાજો જ ધોએલો ઇસ્ત્રી કરેલો સૂટ પરિધાન કર્યો. પહેરતાંની સાથે જ સારંગની આખી જાત જાણે બદલાઈ ગઈ. પછી ધોબીને વાતે વળગાડી, તેની નજર ચૂકવી, કપડાં બાંધવાની દોરી કાપવાની જૂની બ્લેડ તેણે વિના આયાસે સરકાવીલીધી. પછીત્યાંથી નીકળી સિસોટી મારતાં મારતાં આખા ગામમાં ફર્યો અને અંતે સ્ટેશને આવ્યો.

ત્યાં આવ્યા પછી તેને ખબર પડી કે તેના જેવા માટે સ્ટેશન એટલે મધનો પૂડો. માણસોની ભીડ, તેમની ઉતાવળ, રઘવાયાપણું, સરસામાનની ચિંતા, ઘોંઘાટ—આ બધામાં તો ખોબેખોબે લાભ ઉઠાવાય તેમ હતું. ટ્રેન આવી ગઈ હતી. સાંજ પડી ગઇ હતી. હલચલ મચી ગઇ હતી. સારંગે ચોમેર તેની ચપળ-ચકોર દૃષ્ટિ ફેરવી ને નકામી વસ્તુઓની બાદબાકી કરતીકરતી તે દૂર ઊભેલાં એક ડોશીમા પર ઠરી. તે દસ-દસની ચારેક નોટો વારંવાર ગણતાં હતાં. વારંવાર સંતોષ થયા પછી તેમણે તે સાલ્લાને છેડે બાંધી, ગાંઠ વાળી અને ઓટીએ ચડાવી દીધી.

પછી એ સ્ટેશનમાં દાખલ થયાં. દાખલ થતાં પહેલાં ત્રણ-ચાર જણ સાથે અથડાયાં અને બગલનું પોટલું પડતાંપડતાં રહી ગયું.

સારંગ ગુંજી ઊઠ્યો: 'વાહ રે નસીબ!' તે મલકી પડ્યો: 'ડોશી! એકલી! આંખે કાચી! ને પૈસાવાળી!'

અનેક જીવડાં ભીંત ઉપર ફરતાં હોય છતાં એક જીવડાને નિશાન બનાવ્યા પછી ગરોળી જેમ બીજાંને ભૂલી તેના તરફ જ તાક રાખી તેને ઝડપી લે છે તેમ સારંગે પોતાનું ધ્યાન ડોશી પર જ કેન્દ્રિત કર્યું. ડોશીને માણસોની એ ભીડમાં ડગલે ને પગલે મુશ્કેલી પડતી હતી અને સારંગને એના ડગલે ને પગલે હર્ષ થતો હતો. તે પણ સ્ટેશનમાં દાખલ થઈ ગયો. તેનાં કપડાંનો ભભકો જોઇ દ્વાર પર ઊભેલાએ તેને રોકવાની ચેષ્ટા કરી નહિ. એ જ વખતે ગાડી ઊપડવાનો ઘંટ વાગ્યો.

ડોશીમા ગાભરાં થઈ ગયાં ને આમતેમ દોડવા લાગ્યાં. સારંગ તેમની પાસે પહોંચી ગયો. ઝપાટાબંધ સામેનું જ અત્યંત ભીડવાળું ખાનું ઉઘાડી નાખ્યું અને બોલ્યો, 'અરે માજી! ચડી જાવ જલ્દી, નહિ તો રહી જશો વા ખાતાં!'

ડોશીમા ત્યાં આવ્યાં. પણ ચડવું કેમ? ડોશીમાની કીડી થાય તો પણ ત્યાં સમાવેશ થાય એમ ન હતું. મૂંઝાઇને, ગભરાઇને બોલ્યાં, 'ભઈલા! અહીં તો જગા જ નથી.'

'નથી શું—આ રહી—ચડો ઉપર.' કહી સારંગે ડોશીનો હાથ પકડી ઉપર ચડવામાં પરાણે મદદ કરી. તે જ વખતે ગાડી ઊપડી એટલે પોતે પણ તેના પગથિયાં પર ચડી ગયો. ડોશીમાની સ્થિતિ તો કફોડી થઈ ગઈ. નહોતાં અંદર માતાં, નહોતું બહાર નીકળાતું. નહોતું સ્થિર ઊભું રહેવાતું, નહોતું બેસાતું. તેમણે તો એક હાથે પોટલું પકડ્યું અને બીજે હાથે સારંગનો જ હાથ પકડ્યો: છોડ્યો જ નહિ. સારંગ પોતે મૂંઝાયો: કરવું શું? ગાડી જોરમાં આવી હતી, હાથ ઝલાઈ ગયો હતો અને કામ સર્યું નહોતું. 'રામ તારો બેલી' કરતાંકને તે ઉપર ચડી ગયો. ડોશીમાને સહેજ ધક્કો મારી ખૂબ ગભરાવી નાખ્યાં અને બ્લેડ ચલાવી દીધી! અનુભવ નહોતો, છતાં એવી સિફતથી ચલાવી કે રૂપિયા બાંધેલી આખી ગાંઠ હાથમાં આવી પણ ડોશીને ખબરે ય ન પડી.

સારંગનાં અતિ સુંદર ભભકદાર કપડાંનો ઠઠારો જોઇને ડબામાં બેઠેલા એકબે ગામડિયા અંજાઇ ગયા અને જ્યાં કીડીને ય કચરાયા વગર કે માખીને ય મર્યા વગર ન ચાલે ત્યાં સારંગ અને ડોશી બન્નેની જગ્યા થઈ ગઇ.

ડોશીમાને એટલું બધું શારીરિક કષ્ટ થયું હતું કે હાંફતાં હાંફતાં તેમનાથી બોલાઈ જવાતું હતું: 'દુ:ખમાં દુ:ખ! દુ:ખમાં દુ:ખ!'

સારંગને તેની પડી નહોતી. તેણે ખિસ્સામાં પડેલી ગાંઠને ખિસ્સામાં જ છોડી રૂપિયાની નોટોના સ્પર્શનો અદ્‌ભૂત આસ્વાદ લેવા માંડ્યો. ગાંઠમાં ડોશીમાએ ખરીદેલી ટિકિટ પણ હતી. કેવું સરસ! રસ્તામાં ટિકિટ તપાસવા આવે તો પણ તેને કંઈ ભય નહોતો!

તેનો હરખ હજી શમ્યો નહિ ત્યાં તો ડોશીમા બોલ્યાં, 'ભઇલા'! સારું કર્યું તેં, કે મને બેસાડી દીધી; નહિ તો મારું થાત શું?'

સારંગે વિવેકનું સ્મિત કર્યું, 'માજી! આ જગત તો પંખીનો મેળો છે. એમાં આપણું કર્તવ્ય તો એકબીજાને મદદ કરવાનું છે. અને આ તો મારી ફરજ હતી, એમાં મેં વધારે કર્યું પણ શું છે?'

'હા ભઈલા, પણ બધા જ કંઇ એવું ઓછું સમજે છે?' અને ડોશીની આંખમાં અનાયાસે આંસુ ઊભરાયાં—જાણે પૃથ્વીમાંથી અનાયાસે ઝરણાં પ્રગટ્યાં. સારંગ અસમજમાં પડી ગયો.

'બધા જ કંઇ એવું ઓછું સમજે છે?' ડોશી ફરી એનું એ વાક્ય બોલ્યાં. 'મદદ કરશે તો સાત જનમની ઓળખ નહિ હોય તેવો કરશે. નહિ તો દીકરા જેવો દીકરો હડકાયો થઈ ધકેલી મૂકશે.' ફરી ડોશીની આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

તેમના બોલવામાં જ કંઈ એવું, દિલને ડગવે એવું હતું કે સારંગને તે સ્પર્શી ગયું. તેનાથી પુછાઇ ગયું, 'કેમ માજી, આમ કેમ બોલો છો?'

'ત્યારે કેમ બોલું? સગા દીકરાએ વહુની તાણમાં ને આણમાં ધકેલી મૂકી, પછી મારે કહેવું શું? હું એના ઘરમાં પોસાતી નથી, હું એના ઘરમાં સહેવાતી નથી, પછી હું બોલું શું?' ડોશીની આંખમાંથી જેવાં આંસુ ખરતાં હતાં તેવા જ શબ્દો તેમના મુખમાંથી સરતા હતા. વધુમાં કહ્યું, 'તું જ કહે—તું તારી માને કોઈ દિવસ બહાર કાઢી મૂકે ખરો?'

ફટ કરતું સારંગનું હૃદય વીંધાઇ ગયું. તે શું પોતાની માને કાઢી મૂકે ખરો? ના ના, કદી નહિ. મા એટલે શું? સાક્ષાત્ જગદંબા! તેના ખોળામાં તો માથું મૂકી રડાય, તેની ડોકે વળગી હસાય, તેનાં ચરણોમાં તો માથું ઘસાય. તેને શું કાઢી મુકાય? પણ હાય! પોતાને મા નહોતી. હતી તો કોણ તેની ખબર નહોતી. કેવું હશે તેનું રૂપ? કેવી હશે તેની વાણી? સારંગે ડોશી તરફ જોયું. 'આવું જ! આવું જ!' તેનું મન બોલી ઊઠ્યું.

ડોશીમા ડબકતી આંખે બોલવા લાગ્યાં, 'ભઈલા! તું તો કોઈક સારા ઘરનો લાગે છે અને પાછો સમજુ અને શાણો લાગે છે, એટલે મારાથી મારી વાત તને કહેવાઇ જાય છે. હું તો જનમદુ:ખી છું. ભગવાને મને બાળપણમાં ય દુ:ખ આપ્યું, જુવાનીમાં ય આપ્યું અને આ ઘરડેઘડપણ પણ આપ્યું.' ગાડીના મુસાફરોમાંથી કેટલાક આ બધું માત્ર સાંભળવા ખાતર સાંભળતા હતા, પણ સારંગનું આશ્રમના પથરા જેવું હૃદય ખરેખર પીગળી ગયું.

ડોશીમા શું બોલત, કેટલું બોલત, ક્યાં સુધી બોલત, કેવું બોલત એ કશું જ કહેવાય એમ નહોતું. સારંગને ત્યાંથી ચાલ્યા જવાની અદમ્ય ઈચ્છા થઈ આવી, પણ કોઇક અગમ્ય લોહીચુંબકે તેને ત્યાં જકડી રાખ્યો. રહે તો રાંધું અને જાય તો બાંધું એવી એની સ્થિતિ થઈ ગઈ. ત્યાં તો અચાનક ડબાનું બારણું ખૂલ્યું અને ધોળો કોટ, ધોળા પાટલુન, ભૂરી હૅટ અને લાલ આડા સિક્કાવાળો ટી. ટી. અંદર પ્રવેશ્યો.

ડબામાં શાંતિ છવાઈ ગઈ. ટી.ટી.એ ટિકિટો તપાસવા માંડી. જ્યારે તે ડોશી પાસે આવ્યો ત્યારે જ તેમને ખબર પડી કે તે આવ્યો છે. તેમણે તરત ઓટીએ હાથ નાખ્યો ને વીજળીનો ધક્કો લાગ્યો હોય તેમ ચીસ પાડી ઊઠ્યાં: 'હાય મા! મારા પૈસા! મારી ટિકિટ!'

મુસાફરો બધા તેમની સામે ટીકાટીકીને જોવા લાગ્યા. સારંગ પણ અનિમેષ નજરે જોઇ રહ્યો. ડોશીમાના મોં પરથી લોહી ઊડી ગયું અને તેના હૃદયમાંથી ધબકાર વિલાઈ ગયો.

ટી.ટી.એ કહ્યું, 'ડોશી! ટિકિટ લીધી નથી ને પાછી ઢોંગ કરે છે.'

ડોશીમા કકળી ઊઠ્યાં: ઢોંગ કરું છું? હું ઢોંગ કરું છું? હે ભગવાન! ઘેરથી ધકેલાએલી સીધી તમારે ધામ આવતી હતી, તો પણ તું પજવ્યા વગર ન રહ્યો? અરે ભઇલા, આ જો તો ખરો, મારો છેડો કોઈક હરામખોર કાપી ગયો છે. એનું નખ્ખોદ જાય! મારે તો દુ:ખમાં ય દુ:ખ! દુ:ખમાં ય દુ:ખ!' ધડાક ધડાક બે હાથે તેમણે માથું કૂટવા માંડ્યું.

સારંગની આંખમાંથી દડદડદડ આંસુ દડી પડ્યાં. તેણે કહ્યું, 'અરે ટી.ટી.સા'બ! માજીની વાત સાચી છે. એમના પૈસા ખરેખર કોઇક લઇ ગયું લાગે છે. એમને જ્યાં જવું હોય ત્યાં સુધીની ટિકિટના બમણા આજે હું આપું છું—લો!' અને તેણે ખિસ્સામાં હાથ નાખ્યો.

પણ તે જ ક્ષણે તેના હોશકોશ ઊડી ગયા! તેનું જ ખિસ્સું કપાયું હતું.

ઓરીએન્ટલ વીમા કંપનીએ ઈ. ૧૯૫૩ના વર્ષ દરમ્યાન કુલ ૨૩, ૪૨, ૧૭, ૨૦૪ રૂપિયાની કિંમતની જિંદગીના વીમાની ૭૮, ૨૯૨ નવી પોલિસીઓ ઉતારી છે, જે ૧૯૫૨ના વર્ષ કરતાં ૬, ૯૩૩ પોલિસીઓ આશરે રૂ. ૨૧ કરોડ જેટલી વધારે છે.




શિલ્પ—એટલે કે મૂર્તિ ઘડવાની કલા, જે આપણે ત્યાં પ્રાચીન કાળમાં કોઈ પણ દેશ કરતાં ઉચ્ચતમ કક્ષાએ પહોંચી હતી અને ભારતભરમાં વ્યાપ્ત હતી તે આજે આપણા દેશમાં ઘણી ઓછી પ્રચલિત છે. સામાન્ય માન્યતાએ તે ચિત્રકળા કરતાં કદાચ મુશ્કેલ ગણાતી હશે; પરંતુ વસ્તુતઃ તેમ નથી. આકૃતિનાં ચોક્કસ પ્રમાણ પકડવાની આંખને એકવાર ફાવટ આવી ગયા પછી આંગળાંને તે પ્રમાણે ઘાટ ઉતારવાની તાલીમ આપવાનું બહુ મુશ્કેલ નથી,—બલ્કે તે રસમય કામ છે. મદ્રાસની સરકારી કલાશાળાના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ભાઈ શાન્તિલાલ શાહે પોતાના એ કલાના અભ્યાસનો અનુભવ, પોતાની જ શિલ્પ-ચિત્રકૃતિઓ સાથે, આ લેખમાં 'કુમાર'ના વાચકો માટે ખાસ સુલભ બનાવ્યો છે.

શિલ્પમાં શરૂઆત

લેખક · શાન્તિલાલ શાહ

પ્રથમ તો શિલ્પ માટેનાં સાધનો વિષે વિચારતાં પહેલી જરૂરત સારામાં સારી ચીકણી માટીની હોય છે. નદી કે તળાવના ચીકણા કાંપની માટીને બારીક વસ્ત્રગાળ કરીને તેને સદા ભીંજાએલી રાખવી. આ ભીની માટી જેમજેમ જૂની થતી જશે તેમતેમ તે ઉત્તમ કામ આપશે. બીજું સાધન તે છાતી સમાણું ઊંચું લાકડાનું ફરતું સ્ટૂલ (revolving stool), જેનું મથાળું સ્ક્રૂ જેવી રચનાથી છૂટ્ટે ગોળ ફરતું રહે (આકૃતિ ૧). બીજી વસ્તુ તે તેની પર મૂકવાને બે સમ ચોરસ ફૂટનો પાટલો (આકૃતિ ૨), જેની મધ્યમાં બે સમ ચોરસ ઇંચ જાડાઇનો દોઢ ફૂટનો લાકડાનો ઘોડો ઊભો જડેલો હોય (આકૃતિ ૩). એ ઘોકાને મથાળે, શિલ્પની માટી વળગી રહે તે માટે, અંગૂઠા જેટલા જાડા સીસાના બે સળિયાને લંબગોળાકાર વાળીને તેના છેડા ઘોકાને મથાળે જડી દેવા. એ બંને મથાળે એકબીજાને છેદીને તેના ચાર છેડા નીચે ઘોકાની ચારે બાજુ જડાઇ જશે. તેની આજુબાજુ જરૂર પૂરતી જાડાઈ કરવા કાથાની દોરી વીંટી લેવી. વધારામાં કોઈ શિલ્પને માથાનો અંબોડો કે નીચે લાંબી દાઢી કરવી હોય તો તેનો માટીનો લોચો છૂટો પડીને તૂટી ન પડે તે માટે લાકડાનો નાનો ક્રૉસ બનાવીને તાર વડે એ ઘોકા સાથે બાંધી દેવો. આટલું કરવાથી મસ્તક બનાવવાનું સ્ટૂલ તૈયાર થઈ જશે (આકૃતિ ૪).



શિલ્પ તૈયાર કરવાના ઉપયોગમાં આવતાં ઓજારો

શિલ્પકાર્યમાં બીજું સાધન તે તેનાં ઓજારો—ટૂલ્સ. શિલ્પ ઉપસાવવા માટે એમાં જાતજાતના-આકાર ને પ્રમાણનાં ઓજારો હોય છે. તે તૈયાર પણ વેચાય છે; પરંતુ જો કોઇ હાથેથી બનાવવા ચાહે તો લાકડાના ટુકડા તથા પાતળા તારમાંથી બનાવવાં મુશ્કેલ નથી, તે આ સાથે આપેલી આકૃતિ ૫ પરથી સમજાશે. તે ઉપરાંત શિલ્પમૂર્તિને ગોળાઇનો ઘાટ આપવા માટે તૈલચિત્રણા (ઑઇલ પેઇન્ટિંગ) માટેની કડક પીંછીઓ તથા સુંવાળાશ લાવવા માટે જળરંગી ચિત્રો (વૉટરકલર) માટેની મુલાયમ વાળની પીંછીઓ વપરાય છે. વળી માટીના વધારાના બારીક કણો ધોઈ નાખવા માટે હજામો વાપરે છે તેવી પાણીના છંટકાવની શીશી (સ્પ્રે બૉટલ) પણ જરૂરી છે. તે પછી તદ્દન તૈયાર થએલા કામ ઉપર છેવટના હાથ તરીકે અમુક પ્રકારની લીસી સપાટી

મચ્છર મારવાનો ફ્લિટનો પંપ પણ ઉપયોગી થઈ પડશે. પછી તો જરૂર પડતી જશે તેમતેમ કામ કરનારાને પોતાના કામના પ્રમાણમાં નવાં ઓજારો આપોઆપ સૂઝી આવશે, પરંતુ કુદરતીરીતે આપણી માનવ આંગળી, એની તોલે કોઈ ઓજાર નહિ આવે. માટે જેટલું કામ આંગળીઓ પાસેથી લઈ શકાય તેટલું વધુ સરળ ને સુગમ થશે. અને તે માટે ખરી જરૂર તો આંગળીઓને જ કસે ચડાવીને તાલીમ આપવાની છે.

શિલ્પમાં કામ કરનારે ચિત્રકળાનું પ્રાથમિક જ્ઞાન તો લેવું જરૂરી જ. એ સમજ—જ્ઞાન જેમ વધુ તેમ તેનું કામ વધુ સરળ થશે. ચિત્ર માટેના ડ્રૉઇંગ અને શિલ્પ માટેના ડ્રૉઇંગમાં ફેર એટલો કે ચિત્ર એક જ સપાટી પરનું કામ હોઈ તેમાં એક બાજુથી સાચું કરો તો કામ પતી જાય છે, જ્યારે શિલ્પની બધી બાજુથી સાચાં પ્રમાણ જાળવીને કામ કરતા જવાનું હોય છે. શિલ્પમાં ચહેરાની સામેથી લગાવેલો 'ટચ' સાચો લાગતો હોય, છતાં બાજુમાંથી જોતા તે જ 'ટચ' ખોટા હોવા સંભવ છે. એથી શિલ્પકામ કરતાંકરતાં વારંવાર રિવૉલ્વિંગ સ્ટૂલનું મથાળું ફેરવી ફેરવીને તેની બધી બાજુ ચોક્કસ કરતા જવી જોઇએ.

હવે, કામ શરૂ કરતાં પહેલાં, ગૂંદીને તૈયાર કરેલી લીસી માટીમાંથી પહેલાં તો ઈંટોના જેવા ચોરસ ટુકડા તૈયાર કરવા. પછી તેમાથી, પાતળા તાર વડે ઊભા-આડા કાપા કરીને, અરધા-પોણા ચોરસ-ઇંચની ચોરસ લાકડીઓની થપ્પી પાડી લેવી, જેથી જરૂર પૂરતી માટી લેવી ફાવે, અને માટી લેતાં હાથ વધુ ખરડાય નહિ. એક નાના કૂંડા કે પાત્રમાં ચોખ્ખું પાણી ભરી લેવું, જે વડે જરૂર પડ્યે હાથ ચોખ્ખો કરી શકાય. ઉપરાંત એક ભીનો અને એક કોરો એમ બે નૅપકિન તથા બાજુના ટેબલ પર શિલ્પનાં ઓજારો રાખવાં. જે વ્યક્તિ કે પાત્ર પરથી શિલ્પ-કામ કરવાનું હોય તે 'મૉડેલ'ને પણ બેસવા માટે ફરતો ઓટો આપવો જરૂરી છે. કામ શરૂ કરતાં પહેલાં તમારી આંખની બરોબર સપાટી ઉપર જ એ 'મૉડેલ' તેમજ તમારું ટેબલ હોવાં જરૂરી છે.

આટલી તૈયારી પછી કામ શરૂ કરવું. સૌ પ્રથમ સારી પેઠે માટી લેતા જઇને તેમાથી, જે કદનું માથું બનાવવું હોય તે કદનો મોટો અંડાકાર ગોળો ચોકા ઉપર બનાવતા જાઓ, અને તેનાં બે પડખાં સહેજ ચપટ કરો. એ ગોળો ચોકા ઉપર બનાવતી વખતે તથા તેમાં માટી પૂરતી વખતે ખાસ એ કાળજી રાખવાની કે ક્યાંયે જગ્યાનું લેશમાત્ર પોલાણ રહીને તેમાં હવા કે પાછળથી છાંટવામાં આવનાર પાણી પેસી જઇ શકે તેવી નામની પણ ફાટ રહેવી ન જોઇએ; નહિતર કામ પૂરું થતાં પહેલાં જ તે ફસકી જશે.

હવે, ગોળા ઉપર હાથથી પુરાએલી માટીને ઓજારો વડે જરા સરખી કરી લઇને તેની વચ્ચે એક સીધી રેખાનો ઊભો કાપ મૂકો, જે વડે એ પીંડો બે સરખા ભાગમાં વહેંચાઈ જશે. પછી એક મોટા પરિકર વડે, તમારા મૉડેલનું દાઢીથી ચોટી સુધીનું માપ લો અને પરિકરના તે જ માપ પ્રમાણે માટીના પીંડા ઉપર તેની નિશાનીઓ તરીકે ત્યાં દીવાસળીની સળીઓ (ટોચકું બહાર દેખાયા કરે તેવી રીતે) ખોસો. તે જ રીતે દાઢીથી માંડીને કપાળમાં જ્યાંથી વાળની શરૂઆત થાય છે ત્યાં સુધીનું માપ લઈ ત્યાં પણ દીવાસળી ખોસી નિશાન કરો. તે મુજબ બે ભમ્મરની જગ્યાએ, નાકના અગ્રભાગ આગળ, કાનની બૂટ જ્યાંથી શરૂ થાય છે ત્યાં, આટલી જગ્યાએ દીવાસળીઓ ખોસીને માપ નોંધી લો. નોંધેલાં માપ સાચવતા જઇને હવે મસ્તકના આકારને ઘનત્વ પ્રમાણે માટી ચડાવતા જવી. શરૂઆતમાં પાત્રની જમણી કે ડાબી બાજુથી દેખાતો આકાર કરવો સરળ પડશે. આમ, બાજુમાંથી તેની લાઈન

શરૂઆતથી જ કામ બને તેટલું ઝડપી કરવા પ્રયત્ન કરવો. દરેક 'ટચ' નોખો દેખાઈ આવે તેમ રહેવા દેવો. તેની ધારો મેળવી દઇને સુંવાળા કામની ઉતાવળ કરવાની જરૂર નથી. મસ્તકની રચના પ્રમાણે ગોઠવાએલી ખોપરી ને હડપચી વગેરેના નાનામોટાં હાડકાંઓના આકાર પ્રમાણે, જાણે તેના પર ચામડી કરવાની જ નથી તેમ સમજીને, ચહેરાનાં હાડકાંઓના પ્રમાણસર માટી પૂરતા જવી. ચહેરાનું શિલ્પ શરૂ કરતાં પહેલાં જો માનવ ખોપરીના શિલ્પનો મહાવરો પાડ્યો હોય તો આ કામ ઘણું જ સરળ પડે છે. આમ કરવાથી ચહેરાના માળખામાં પ્રમાણ-ભૂલ નહિ આવે ને કામમાં પૂરું ઊંડાણ આવશે. (જુઓ ફોટો ૧). માનવ-ચહેરો ચોટલીની જગ્યાએથી શરૂ કરી, કપાળ ને નાકના મધ્યભાગને છેદીને હડપચીના મધ્યે પહોચતી એક કાલ્પનિક રેખા વડે બન્ને બાજુએ એકસરખા ડિઝાઈનની માફક પથરાએલો છે. તેથી વારંવાર ટેબલની નીચેથી (નાકની દાંડીને બદલે નાકના માત્ર કાણાં જ દેખાય તેટલા નીચે બેસીને) ચહેરાને સરખો કરતા જવો. તે જ રીતે ઉપરથી પણ. અહીં એક અગત્યની વાત યાદ રાખવી જોઇએ કે બહુ જ ઓછી સંખ્યાના માણસોના ચહેરા બન્ને બાજુ એક જ સરખા હોય છે! મોટા ભાગના માણસોના કપાળથી કે ગાલના હાડકાથી એક બાજુ બીજી બાજુ કરતાં સહેજ ઊંચાનીચી જ હોય છે! પણ એ તો સામે જ 'મૉડેલ' હોઈ જાતે જ સરખાવી લઇ શકાય.

આટલું માળખું તૈયાર થયે હવે માંસપેશીઓની રચના પ્રમાણે માટી પૂરવી શરૂ કરી ચહેરાને યોગ્ય માંસલ સ્વરૂપ આપતા જવું. આ કક્ષામાં લગાવાતો 'ટચ' પહેલાંના જેટલો ખરબચડો નહિ હોય, પરંતુ વધુ ચોક્કસ અવયવ ઉપસાવનો હશે. હજુ પણ તે ટચને આજુ-બાજુના ટચ સાથે મેળવીને ચામડીની મુલાયમ સુંવાળાશ લાવવાના લોભમાં પડવાની જરૂર નથી જ. કામને વારંવાર દસેક ફૂટ જેટલા દૂર જઈ 'મૉડેલ' સાથે સરખાવતા જવું. શરૂઆતથી જ, ને ખાસ કરીને આ કક્ષાએ, ધ્યાનમાં રાખવાનું એ છે કે તમારા 'મૉડેલ'ના ચહેરા પર પડતો પ્રકાશ જે ખૂણેથી જેટલા ભાગ પર પડતો હોય, તે જ રીતે તમારા થઈ રહેલા માટીના ચહેરા પર પણ આવવા દો. આથી તમને ચહેરા પરના ઘાટ–ઢોળાવ વધુ સ્પષ્ટપણે ઉપસી આવતાં તમારી ભૂલ ક્યાં થાય છે તે આપોઆપ સમજાતું જશે. નીચે ઊંચેથી ને બાજુમાથી જોઈ જોઈ ને કામ સુધારતા જવાની સાથેસાથે પ્રકાશના પણ શક્ય એટલા ફેરફારો કરતા જવાથી ભૂલ થવાનો સંભવ બહુ જ ઓછો રહેશે. ફક્ત ધ્યાન એ જ રાખવાનું કે થતા કામ પર અને 'મૉડલ' પર એક જ સરખી તેજછાયાઓ પડતી આવવી જોઇએ.

આ દરમિયાન જરૂર પડ્યે નાંનાંમોટાં ઓજારોનો ઉપયોગ કરી વધારાની માટી ખરબચડાં ઓજારો વડે ઊઝરડી લેવી. આંગળી ન નાખી શકાય તેવા ઊંડાણોવાળા ભાગમાં વાંકિયાં ચપટ ઓજારો વડે માટી પૂરતા જવી. ધીરેધીરે કામ લગભગ પૂરું થવા જેવું લાગે ને ભમ્મરનાં હાડકાં ને ગાલના ઉપસેલા હાડકાંની રચના બરોબર પ્રમાણસરની થઈ લાગે તે પછી, તેમાં રચાતા ગોલકના ખાડામાં આંખની રચના કરવી. ત્યાં સુધી આંખની જગ્યાએ માત્ર ઊંડા ખાડા રાખી મૂકવા જેટલી ધીરજ કેળવવાથી ઘણી ભૂલોમાંથી ઊગરી જવાશે. હવે એ રાખી મૂકેલા ખાડામાં માટીના નાના ગોળા ઠાંસી દઈ આંખનાં પોપચાં શરૂ કરવાં. બે આંખ વચ્ચેનું અંતર ને બન્ને આંખની કુલ લંબાઇનું માપ તો પ્રથમથી જ નક્કી કરેલું હોઈ આમાં બહુ મુસિબત નહિ લાગે. બસ, આ લગભગ બીજી કક્ષાનું કામ પૂરું થયું ગણાય.

હવે છેલ્લી કક્ષાનું કામ શરૂ કરતાં પહેલા વધુ વાળના જથ્થાવાળી

પીંછી વડે પાતળી માટીનો એક 'ક્લે વૉશ' આખા યે કામ પર આપી જવો. પીંછી સહેજ ભાર દઇ વાપરવાથી વધુપડતા ઉપસેલા ભાગો દબાતા જશે ને નાના ખાડાઓમાં પાતળી માટી પુરાતી જઇ ચહેરા 'લેવલ'માં આવતો જશે. 'ક્લે વૉશ' આપ્યા પછી ૨૪ કલાક જેટલા સમય સુધી તેને એમ ને એમ રહેવા દેવું, જેથી વૉશથી લાગેલી માટીને સુકાવાને પૂરતો સમય મળે. જ્યારેજ્યારે કામ અટકાવવું પડે ત્યારે તેના પર બધે પાણી છાંટી, તે નીતરી જવા દઈ, તેના પર પાણી નીચોવી લીધેલો કપડાનો ટુકડો, અંદર હવા પેસી ન શકે તેવી રીતે વીંટાળી દેવો. તે પર મીણિયું કાપડ વીંટી દેવું. આથી માટીની ભિનાશ તાજી ને તાજી જ રહેશે. કામ જ્યારે છેલ્લી કક્ષાએ પહોંચે ત્યારે આ પદ્ધતિથી ઢાંકવાથી કામ બગડવા સંભવ છે. તેથીલાકડાની ચીપોનું ચોકઠું બનાવી તેની વચ્ચે શિલ્પ રાખી, તેને કપડું અડે નહિ એ રીતે તેને ઢાંકવું.

'ક્લે વૉશ' આપવાથી નાનામોટા 'ટચ' બેસી જઈ સુંવાળપ આવતાં તમને નાના નાની ભૂલો દેખાવા લાગશે. કારણકે ટચના ખાડા-ટેકરામાં ચામડીની સપાટીનો જે ઓછાવત્તો ફરક ઢંકાઇ રહ્યો હતો તે હવે છતો થઇ ચહેરાના ઢોળાવનો બારીકમાં બારીક ફરક પણ દેખાવા માંડશે. આથી ક્યાં કેટલી માટી ઉમેરવી કે ક્યાંથી કેટલી ઊઝરડી લેવી તે સ્પષ્ટ થશે. હવે જેમજેમ કામ આગળ વધતું જઇ પૂરું થતું આવે તેમતેમ તૈલચિત્રણમાં વપરાતી સહેજ કડક પીંછીઓ વડે તથા જળરંગી ચિત્રો માટે વપરાતી વધુ મુલાયમ (સેબલ બ્રશ) પીંછીઓ વડે,સપાટીઓને વધુચોક્કસ સ્વરૂપ આપીનેસરખી કરતા જઇ ધીરે ધીરે ચામડીની મુલાયમતા વધારતા જવી. વૃદ્ધાવસ્થાની કરચલીઓ કે એવી બીજી રેખાઓ માટે હવે પીંછી વાપરી શકાશે. તે વાપરીને આબેહૂબતા મેળવતા જવી.

હવે કામ પૂરું થઈ ક્યાંયે કંઇ ઉમેરણ કે ઊઝરડવાનું બાકી રહ્યું ન લાગે એટલે જાડા કપડાથી પાતળી માટીવાળું પાણી ગાળી લઈને તે બારીક માટીમિશ્રિત પાણીને ફ્લિટના પંપમાં નાખીને છાંટવું. આમાં ધ્યાન એ જ રાખવાનું કે છંટકાવ બધે એકસરખો થાય અને ક્યાં યે રેલા ઊતરે નહિ કે ક્યાં ય છાંટવું બાકી રહી જાય નહિ. વળી છંટકાવના અતિરેકથી શિલ્પની કોઇ બારીક વિગત પૂરાઇ જાય નહિ એ પણ જોવું. 'ક્લે સ્પ્રે' પછી પીંછી ફરતાં જે કંઈ આછા લિસોટા પડયા હશે તે હવે ઢંકાઈ જઈ ચામડી પર સરસ મુલાયમતા પથરાઇ જશે. ઉપરાંત ચોખ્ખા પાણીના છંટકાવ વડે વધારાની માટીના કણો ધોવાઇ જતાં સપાટી સુધારી શકાશે. વાળના ભાગમાં કે કપડામાં આટલી બધી સુંવાળાશ લાવવાની જરૂર નથી. પછી જરૂર પૂરતા ખભા ને છાતીનો ભાગ બનાવીને તેને ખરબચડી સપાટીવાળો જ રહેવા દેવાથી ચામડીની મુલાયમતા વધુ ખીલી નીકળશે. (ફોટો ૩)

જોકે દરેક કામ આટલું સુંવાળું કરવાની જરૂર નથી, છતાં અભ્યાસ પૂરતી તે ક્રિયા જાણી લેવી જરૂરી છે; કારણ કે તમારું કામ જ્યારે કળામાં સામાન્ય સમજ પણ નહિ ધરાવતા માણસોને આપવાનો વખત આવે ત્યારે તેઓ છેલ્લી કક્ષાની સુંવાળાશ વિનાના કામને અધૂરું ને ખરબચડું ગણી તેને, ને સાથે તમને પણ, અવગણી કાઢશે. તેથી ધંધાદારી કામ માટે આ તરકીબો અવશ્ય જાણી લેવી જોઈએ. બાકી ખરેખર તો કામની સમજવાળાઓ માટે સ્હેજસાજ 'ટચીઝ' દેખાતા હોય તેવું—બીજી ને ત્રીજી કક્ષાની વચ્ચેનું કામ યોગ્ય થઈ પડશે. 'ટચીઝ'ના વળાંક ને ગતિને લઇ બંધાતા અવયવોમાં વધુ જીવંતપણું લાગે છે. પણ એની મઝા બહુ ઓછા માણી શકે છે.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધનો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(1) Arunkumar Ganpatram Kothamdi, Kothamadi Nivas, Near Navchetan High School, Post Anandnagar, Ahmedabad-8—18, Stamps, Gritting-card (2) Hemantkumar, C/o Tulsidas J. Parikh, Pleader, 1st incline, Pritamnagar, Kochrab, Ellis Bridge, Ahmedabad-6-18, Interested in foreign affairs, Films, Cycling, Photography; (3) Prahladbhai H. Patel, Kotarpur Farm, Kotarpur, Po. Naroda (Dt. Ahmedabad)-28, Stamps, Coins, Sea-shells, Different types of stones, Painting; (4) Ashokkumar Ishwarlal, Mistry, Luhar Tekra, Bulsar-17, Penpals; (5) Patel Vijaykumar Ishwarlal, Hawada's Pole, Ahmedabad-10-18, Literature, Drawing;(6) Jayantilal Shankerlal Patel, Rakhial, Mali's Pole, Ahmedabad-10-18, Literature; (7) Bharatkumar Bhimani, Ratan Bhuvan, 8 Mahilashram Road, Matunga (C. R.), Bombay-19-24, Stamps, Photography, Reading;(8) Gajanan U... dhyaya, C/o Arun Shroff, Hawadia Chakla, Surat-2.., Photography, Drawing; (9) Dinkar N. Shah, 12-291 Karansinhji Road, Rajkot (Saur.)-19, Stamps, Penpals, Photography; (10) Pravinchandra Shah, C/o Dalpat Shah, Bhawan Niwas, Ramnagar, Sabarmati, Ahmedabad-5-16, Penpals; (11) M. A. Dhanani, Alapara Building, 3rd floor, Room No. 88, Opp. Dongari New Market, Bombay-9-20, Readinig Drawing, Cinema; (12) Miss Tarlika Chokshi, Sea Castle, 3rd Floor, Chawpatty-Bombay-7-16, Stamps, Coins, Photography, Reading; (13) Rabari Laljibhai Fulabhai, 136 Square Hostel, Vallabh Vidyanagar, Via Anand-20, Gujrati Literature; (14) Kantil. Ratilal Mehta, C/o R. P. Mehta, Jail Road, Surendranagar (Saur.)-20, Stamps, Penpals; (15) Mahipatlal Prabhudas Laiya, Chandragopal Ramji, Baharkot, Veraval (Saur.)-20, Cinema, Stamps, Literature, Cricket, Photography; (16) Raghavji K. Rojasara, Jaindas Ramchand Dollah, Baharkot, Veraval Bandar (Saur.)-19, Reading, Cinema, Cricket; (17) Kanu H. Dave, Bagesara Kuva Road, Vadva, Bhavnagar (Saur.)-20 Penpals, Stamps, Social and Animal welfare; (18) Farhad R. Khambata, 2 Manekwadi, Bhavnagar (Saur.)-20, Stamp, Penpals, First-day Covers; (19) Pravinchandra S. Doshi, C/o A. Besse & Co. (Aden) Ltd , Aden (Arabia)-Stamps, Photography, Coins, Cricket; (20) Jatin J. Jhaveri, 114-116 Khara Kuva, Jhaveri Bazar, 4th Floor, Bombay-2-18, Stamps, View-cards, Pen-pals.

(ચાલુ)

માનવહૃદયમાં સતત ચાલ્યા કરતા દ્વંદ્વની પરાકાષ્ઠા આલેખતી મધ્ય યુગની એક કથા

શિષ્ટમાન્ય સાહિત્યશ્રેણી–૪

ભવસાગર



લેખક · ચાર્લ્સ રીડ

દરેક દેશને તેનું મહાન સાહિત્ય હોય છે, પણ વિશ્વવ્યાપી મહત્તા ધરાવતી કૃતિઓ કોઇ પણ દેશમાં સામાન્યતઃ બહુ ઓછી ઊતરે છે. એવી એક અમર કૃતિ 'ધી ક્લૉઇસ્ટર ઍન્ડ ધી હાર્થ'નો સંક્ષેપ અહીં રજૂ કર્યો છે.

મધ્યયુગના આ 'રોમાન્સ'માં તે જમાનાના જીવનનું હૂબહૂ આલેખન તો થએલું જ છે, પરંતુ એને અમરતા અપાવનાર તત્ત્વ તો છે માનવહૃદયમાં રાગ અને વિરાગ વચ્ચે સતત ચાલતા દ્વંદ્વનું માર્મિક આલેખન. આ કથા કેવળ કલ્પનાનિર્ભર નથી. એના નાયકનું ચિત્રણ ઓછેવત્તે અંશે ઇરેસ્મસના પિતાના જીવનની મળી આવેલી નોંધોના આધારે કરવામાં આવ્યું છે. એના લેખક ચાર્લ્સ રીડે બીજી પણ કેટલીક નવલકથાઓ લખેલી છે, પણ આની તોલે એમાંની એકે નથી આવતી. એણે નાટકો પણ લખ્યાં છે જેમાંનું 'માસ્ક્સ ઍન્ડ ફેઈસીઝ' સૌથી વધુ જાણીતું છે. ઇ. ૧૮૧૪ના જૂનની ૮મીએ ઑક્સફર્ડશાયરમાં ઈપ્સિડન હાઉસ મુકામે તેનો જન્મ થએલો. એ કાયદાનો અભ્યાસ કરી બૅરિસ્ટર થએલો, પણ કાયદાને બદલે સાહિત્યના ક્ષેત્રમાં એ પડ્યો ને નાટકથી તેણે શરૂઆત કરી. ઈ. ૧૮૮૪ના એપ્રિલની ૧૧મીએ એનું અવસાન થયું. 'ઇટ ઇઝ નેવર ટૂ લેઈટ ટૂ મેન્ડ', 'હાર્ડ કૅશ', 'ફાઉલ પ્લે' વગેરે એની બીજી પણ નવલકથાઓ છે, પરંતુ 'ભવસાગર' જેનો સંક્ષેપ છે એ ઉપર્યુક્ત 'ધી ક્લૉઈસ્ટર ઍન્ડ ધી હાર્થ'ને વિષે એસ. જી. ડન સાચું જ કહે છે કે 'Of world-wide interest that tale will ever be, for it is founded on the human heart.'

જગત પર એવો એકે દિવસ નથી વીતતો જેમાં સાવ અદના કહી શકાય એવાં સ્ત્રીપુરુષોમાંનાં કોઇએ કોઇ મહાન કાર્ય કર્યું ન હોય, સારાં વચનો ઉચ્ચાર્યાં ન હોય કે ઉમદા દર્દ અનુભવ્યું ન હોય. આવા અનામી વીરો, તત્ત્વચિંતકો અને શહીદોનો મોટો ભાગ તો એમના પછીનાઓને સદૈવ અજ્ઞાત જ રહે છે, પણ બીજા કેટલાકની બાબતમાં યે દુનિયાની જાણકારી જાણે નિદ્રિત બની જાય છે. એમનાં જીવન અને કાર્ય એમને વિષે લેવાએલી નોંધમાં જ દફના-વાએલાં રહે છે. એમના વિષે લખાએલા શબ્દો એવા તો થીજેલા હોય છે, જીવંતતાથી એટલા બધા દૂર હોય છે કે લોકો તે વાંચતા જ નથી હોતા, અને વાંચતા હોય છે તો સમજતા નથી હોતા. આવાં વિસ્મૃત પાત્રોનો જીવનમર્મ લોકોને સમજાવવામાં વાર્તાલેખક ઉપયોગી થઈ શકે તેમ છે. અહીં કહેવાએલી વાર્તા તમને જૂની નોંધોમાં મળી આવશે. અહીં તો એ એટલી સખત રીતે ટૂંકાવી નાખવામાં આવી છે કે તમને તે વિષે કશો વિશેષ વિચાર કરવા જેવું ભાગ્યે જ લાગશે. આજથી ચારસો વર્ષ પર જીવી ગએલા એક યુગલની આ કથા છે, છતાં એમનું પાર્થિવ જીવન કેવું હતું એ તમને દર્શાવી શકાશે તો તે તમને દ્રવિત કર્યા વિના નહિ રહે. તમને એમની કથા કદાચ હિંમત પણ પ્રેરશે.

પંદરમી સદીના પ્રથમાર્ધ પછીની આ કથા છે–હિંદ પર અકબરના શાસનથી યે સો વર્ષ પહેલાંની. હોલેન્ડનો રાજા ત્યારે ફિલિપ હતો, જેના સમયમાં આપણી કથા શરૂ થાય છે. એ દેશના તર્ગો નામના નાનાસરખા ગામમાં ઇલિયાસ અને તેની પત્ની કૅથેરિન રહેતાં હતાં. ઇલિયાસ સૂતરાઉ અને રેશમી કાપડ તથા પોશાકની એવી બધી ચીજોનો વેપાર કરતો. પતિપત્ની બંને એમનાં કુલ નવ સંતાનોને જબરી ત્રેવડ અને આત્મત્યાગપૂર્વક ઉછેરતાં, એમનું પેટ ભરતાં અને શરીર ઢાંકતાં. પોતાની આંખ મીંચાયા પછી આ બધાંનું શું થશે તેની ચિંતા તેમને સતત કોરી ખાતી.

એક દિવસ સૌથી મોટા કરતાં નાના પુત્ર રિચાર્ડે પોતાને આમ્સ્ટર્ડામ કોઇ વેપારીને ત્યાં નોકરીએ જવા દેવાની માગણી માતા પાસે કરી. હિસાબકિતાબમાં તે હોશિયાર હતો. પરંતુ માતાએ આનાકાની કરવા માંડતાં રિચાર્ડે એવી દલીલ કરી કે 'તમને એક પેટ ભરવાની એટલી ચિંતા ઓછી થશે.' માતા સમજી ગઈ કે રિચાર્ડ ઘર ને ગામ શા માટે છોડી જવા માગતો હતો. તેની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં. રિચાર્ડ તેના નિર્ણયમાં મક્કમ જ રહેતાં છેવટે તેને જવા દેવામાં આવ્યો.

બે વર્ષ રહીને બીજો પુત્ર યાકોબ પણ રિચાર્ડ સાથે જોડાવા ઊપડી ગયો. એક પછી એક પુત્રને આ રીતે ચાલ્યા જતા જોઇને ઇલિયાસ અને કૅથેરિનને મનમાં ખૂબ લાગતું, પણ તેમને દુનિયામાં પોતાનો માર્ગ કર્યા વિના છૂટકો નહોતો એમ સમજી મનનું સમાધાન કરતાં. બાકી જે સંતાનો રહ્યાં તેમાંથી બે કશું કામ કરવા અશક્ત હતાં, જ્યારે બીજાં બે કશું કામ કરવાને જ નારાજ હતાં. અશક્તમાં એક હતો ઠીંગણો, કૂબડો, મૂર્ખ અને ક્યારેક ઈર્ષાખોર જાઈલ્સ અને બીજી હતી ઘોડીના જ ટેકે ચાલી શકતી કૅથેરિન. એનું શરીર સતત પીડાતું હોવા છતાં તેના મોં પર સદા સ્મિત ફરકતું રહેતું અને એનો અવાજ પણ માયાળુ હતો. કામ કરવાને નારાજ સંતાનો હતાં સૌથી મોટો કોર્નેલિસ અને સૌથી નાનો સીબ્રાન્ટ.

આપણો વાર્તાનાયક જિરાર્ડ આ બધાં સંતાનોમાં તદ્દન જુદો તરી આવતો. ઇલિયાસ અને કૅથેરિનને એની બહુ ચિંતા નહોતી તેમ એના પર બહુ આશા પણ નહોતી. ચિંતા એટલા માટે નહોતી કે એને દીક્ષા અપાવીને સાધુ બનાવવાનો હતો; અને આશા એટલા માટે નહિ કે જિરાર્ડનું બાવડું પકડી તેને આગળ વધારે તેવો એમનો કોઈ ઓળખાણપિછાણવાળો નહોતો. વળી જિરાર્ડને લખવાવાંચવાનો જબરો શૉખ હતો. માબાપને તો આ શૉખ તદ્દન નકામો લાગતો હોઇને ઘેર તો તેને એ દિશામાં કશું પ્રોત્સાહન મળવાનો સંભવ ન હતો, પરંતુ એ જે મઠમાં ભણવા જતો ત્યાંના સાધુઓ તેની આ પ્રવૃત્તિમાં રસ લેતા અને તેને દોરવણી આપતા. તેમણે એને લેખનકળામાં પોતાના જેવો જ પ્રવીણ બનાવી દીધો.

રેખા અને રંગ બંને પર જિરાર્ડનો હાથ બરાબર બેસી ગએલો હોઇને સાધુઓએ તેને ગ્રંથસુશોભનનું કાર્ય કરવા કહ્યું. જિરાર્ડના પોતાના કુટુંબની સ્થિતિ તો એ માટે જોઈતાં રંગ વગેરે સાધનો ખરીદવાની નહોતી, પરંતુ એ અરસામાં તર્ગો મુકામે રહેવા આવેલી પ્રૌઢ વયની માર્ગરેટ વાન આઇકનો આશ્રય તેને મળી ગયો. માર્ગરેટના અવસાન પામેલા બધા જ ભાઇઓ પ્રસિદ્ધ ચિત્રકારો હતા. તેણે જિરાર્ડની કલાનિપુણતા વિશે સાંભળ્યું કે તેને પોતાને ત્યાં બોલાવ્યો અને તેની કલા વધુ ખીલવવા જે કંઈ સાધનની જરૂર પડે તે તમામ પોતા તરફથી પૂરાં પાડવાની ખાતરી આપી. જિરાર્ડે સાધુઓએ પોતા

તરફ રાખેલી કૃપાદૃષ્ટિ બદલ તેમને બે પોથીઓની સુંદર નકલ કરી આપી. એ સમયે છપાએલાં પુસ્તકો અસ્તિત્વમાં આવેલાં ન હોઈને બધી પોથીઓ આ રીતે હાથે જ સુંદર મરોડમાં લખીને સુશોભિત તથા ચિત્રિત કરવામાં આવતી.

[illegible] કારીગરીના પ્રોત્સાહન માટે એક ખુલ્લી ઈનામી હરીફાઈ જાહેર કરી, જેમાં પોથીલેખન તથા તેના સુશોભનનો પણ સમાવેશ થતો હતો. જિરાર્ડ એમાં ભાગ લેવા તૈયાર થતા એક માત્ર તેની બહેન કેથેરિન સિવાય બીજાં બધાંએ તેની મશ્કરી ઉડાવી. કેથેરિને તેમને સંભળાવ્યું, 'એ આપણો ભાઈ છે એટલા પરથી જ એનામાં એ શક્તિ ન હોવાનું તમે માની બેઠા છો?'

જિરાર્ડ હરીફાઈમાં ભાગ લેવા ઊપડ્યો. રોટરડામ થોડેક દૂર રહ્યું ત્યાં સુધીમાં તે ખૂબ થાકી જવા આવ્યો. પરંતુ એનાથી યે વધુ થાકેલી બે વ્યક્તિઓ પર તેની નજર પડી. એક બુઢો રસ્તા પર જ લોથપોથ થઈને બેસી ગએલો અને એનો હાથ સાહીને એક રૂપાળી છોકરી સચિંત ચહેરે તેની સાથે બેઠેલી. જિરાર્ડ પહેલાં તો એમને ઓળંગીને આગળ નીકળી ગયો, પણ પછી લાગ્યું કે એ હતાં તો સારાં માણસ, પણ મુશ્કેલીમાં આવી પડયાં હતા, એટલે તે વધુ આગળ ન વધતાં પાછો ફર્યો અને એ બે જણની નજીક પહોંચી બુઢાને એણે પૂછયું, 'કેમ કાકા, ખૂબ થાકી ગયા છો?'

'હા, બેટા! અને ભૂખથી તો આંખે અંધારાં આવે છે.' બુઢાએ જવાબ આપ્યો.

છોકરીને બુઢાના આ શબ્દોથી જબરો સંકોચ થયો. પોતે આવાં ગરીબ હોવાની વાત બીજું કોઈ જાણી જાય એ તેને ગમ્યું નહોતું, પરંતુ જિરાર્ડનું લક્ષ એના તરફ નહોતું. તે તો સાંઠીકડાં ભેગાં કરવા મંડયો હતો. સાઠીકડાં વીણી એણે ચૂલો સળગાવી તે પર પોતાની સાથેનું સૂપ ગરમ કરી નાખ્યું અને પછી ત્રણે જણે સાથે બેસી એ ખાધું.

પેલાં બંને નજીકના સેવનબર્ગન ગામથી આવી રહ્યાં હતાં. બુઢાનું નામ પીટર બ્રાન્ટ અને તેની છોકરીનું નામ માર્ગરેટ. સોહામણા વાળ, ગોરો વર્ણ અને ઊંડે સુધી તેજભરી ભૂરી આંખો ધરાવતી માર્ગરેટને જોઈ જિરાર્ડને થયું કે દુનિયામાં એના જેટલી સુંદર બીજી કોઇ છોકરી હોવી સંભવિત જ નહોતી. પહેલી જ નજરે એ માર્ગરેટના પ્રેમમાં પડી ગયો. માર્ગરેટ પર એની નજર જતાં તે પોતાના નેત્રો નીચે ઢાળી દેતી અને તેના ગાલ પર લજ્જાના લાલ શેરડા પડી જતા.

ટીમણ પતાવીને ત્રણે જણ સાથે જ ચાલતાં નીકળ્યાં. જિરાર્ડ અજાણ્યો હોઇને પીટરે રોટરડામ આવી લાગતાં તેને રાજમહેલનો રસ્તો બતાવી દીધો અને એ પોતાની પુત્રી સહિત પોતાના પિતરાઈના ઘર ભણી વળ્યો.

એમના ગયા પછી જિરાર્ડને થયું કે એ લોકો કયાંનાં હતાં અને શું કરતાં હતાં એ તો પોતે પૂછયું જ નહિ! આવી ભીરુતા બદલ એ પોતાની જાત પર ચિડાવા લાગ્યો. પરંતુ રસ્તામાં પૂછતો પૂછતો એ હરીફાઈના સમારંભમંડપ પર પહોંચ્યો ત્યાં પેલો બુઢો ને તેની દીકરી પણ આવી પહોંચ્યાં. એમના કહેવા પ્રમાણે એમનો પિતરાઈ પણ આ સમારંભ જોવા જ આવેલો હોઇને તેનું મકાન બંધ હતું. જિરાર્ડે ત્રણેને અંદર જવા દેવા પહેરેદારને કહ્યું. જિરાર્ડ તો હરીફાઈમાં ઊતરવાનો હોઇ તેની સામે કશો વાંધો ન હતો, પણ પહેરેદારે બીજા બેને અંદર જવા દેવા ના પાડી. રકઝક થતાં જિરાર્ડે ત્યાં ઊભાઊભા જ સીધી બૂમ મારી: 'એ...ફિલિપ!...હોલાંડના રાજા!'

'ઈ ચસકી તો નથી ગયું ને?' પહેરેદાર બરાડી ઊઠયો.

'આ પહેરેદાર તમારો હુકમ નથી માનતો!' જિરાર્ડે ચાલુ રાખ્યું.

'શિ...સ! શિ...સ!' પહેરેદાર તેને છાનો રહેવા સૂચવવા લાગ્યો.

'અને તમારાં મહેમાનોને અંદર આવવાની રજા નથી આપતો. જિરાર્ડ બૂમ પાડતો રહ્યો.

પહેરેદારે હારીને ત્રણેને અંદર જવા દીધાં.

જિરાર્ડે રોટરડામ આવતાં પહેલાં માર્ગરેટ વાન આઇક પાસેથી હોલૅંડની ગાદીવારસ રાજકુમારી મેરી પર લખેલો એક પત્ર સાથે [illegible] લો. મેરી એ વખતે નાનાસરખી છોકરી હતી, પણ તેની માતા આ કુમાર ચિત્રકારની વિનમ્રતા અને એકનિષ્ઠા પર ખુશ થઇ ગઈ અને જિરાર્ડ ભવિષ્યમાં સાધુ બનવાનો છે એવું જાણ્યું ત્યારે તો તે દીક્ષા લે તે વખતે તેના ગામ નજીક જ એક મઠ બંધાવી આપવાનું વચન આપ્યું. પરંતુ અફસોસ! સાધુ થનાર તો સઘળી સંસારી વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ, જ્યારે જિરાર્ડ તો માર્ગરેટના પ્રેમમાં હતો.

જિરાર્ડ અવારનવાર માર્ગરેટને મળવા જતો તેની જાણ તર્ગોના મુખી ઘીસબ્રેક્ટ વાન સ્વીટેનને થઈ. પીટર બ્રાન્ટ અને તેની પુત્રી માર્ગરેટના બેહાલ સ્થિતિ તેણે વીસ વર્ષ પહેલા કરેલા અન્યાયને જ આભારી હતી. પીટરને ત્યાં જતો જિરાર્ડ પોતાનો એ પુરાણો અપરાધ જાણી ન જાય એટલા માટે તેણે યુક્તિથી કામ લેવા વિચાર્યું.

સૌ પહેલાં તો તેણે જિરાર્ડને ગામના કારોબારને લગતી જૂની વહીઓ ફરીથી લખી આપવા કહ્યું. જિરાર્ડે એના મહેનતાણા વિષે પૂછતાં કંજૂસ સ્વભાવના મુખીએ એટલી રકમ સંભળાવી કે જેમાંથી માત્ર કાગળ અને શાહીનું જ ખર્ચ નીકળે. જિરાર્ડે આથી એ કામ સ્વીકારવા ના પાડી દીધી.

'તું તો એવો છો!' મુખી ગુસ્સે થતો બોલ્યો, 'તારું શરીર અહીં છે અને મન પીટર બ્રાન્ટની છોડી કને પડયું છે.'

'હું કોઈ પીટર બ્રાન્ટને ઓળખતો જ નથી.' જિરાર્ડે કહ્યું.

'જૂઠો કહીંનો! રોટરડામના માર્ગમાં મેં તને એમની સાથે જોયો હતો, અને હજી યે તું અવારનવાર માર્ગરેટની મુલાકાત માટે સેવનબર્ગન જાય છે.'

મુખીના શબ્દો સાંભળી જિરાર્ડ બોલ્યો, 'મુખીસાહેબ, આજ સુધી એ બાપદીકરીનાં નામ સુદ્ધાં હું જાણતો ન હતો, તે તમારી પાસેથી જાણવા મળ્યાં. ખરેખર, એટલો તમારો પાડ!' કહેતો જિરાર્ડ ત્યાંથી ચાલી નીકળ્યો.

જિરાર્ડને પોતાનાથી બીતો ન જોઇને મુખીને વહેમ પડયો કે તે એના પુરાણા અપરાધ વિષે બધું નહિ તો કંઇક તો જાણી ચૂકયો હોવો જોઇએ. એણે પોતાના એક વિશ્વાસુ નોકરને જિરાર્ડ પર આંખ રાખવા કહ્યું. એ આખી રાત એને ઊંઘ ન આવી.

એણે જિરાર્ડ માર્ગરેટ બ્રાન્ટના પ્રેમમાં હોવાની વાત તેના બાપ ઇલિયાસના કાને નાખી. તે જો સંસાર માંડે તો પછી સાધુ શી રીતે થઇ શકે, એ પ્રશ્ન પણ એણે ઉપસ્થિત કર્યો.

કેથેરિન મુખીનો સ્વભાવ સારી રીતે જાણતી હોઇને આ વાત માનવા તૈયાર ન થઈ. તેણે તો પોતાનો પુત્ર બધો વખત લખવામાં ને ચીતરવામાં ગાળતો હોવાનું કહ્યું. જિરાર્ડે નવું જ ચીતરેલું માતા મેરીનું ચિત્ર એણે પોતાના કથનની સાબિતીમાં રજૂ કર્યું.

'કોણે કહ્યું, આ ચિત્ર માતા મેરીનું છે?' મુખી ડોકું ધુણાવતો બોલ્યો, 'એ તો માર્ગરેટનું છે, માર્ગરેટનું!'

જિરાર્ડનાં માબાપ બંનેને આ સાંભળી જબરો આઘાત થયો. મુખીએ ખરેખરી હોળી સળગાવી હતી, પરંતુ ઘેર પાછા ફરતા જિરાર્ડનાં પગલામાં તો ખુશીનો થનગનાટ હતો; કારણ કે માર્ગરેટના મકાનમાં જ પડયાપાથર્યા રહેતા બુઢા સૈનિક માર્ટિન (અનુ. પૃ. ૧૧૬મે)


કાયાની કરામત હપતો ૪૨મો

જન્મ


લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

બીજકણ અને શુક્રજંતુનું મિલન બીજવાહિનીમાં થાય છે. આ બન્નેના મિલનથી બનેલો જીવકોષ ચારેક દિવસમાં ગર્ભાશયમાં આવી ગર્ભાશયની દીવાલની પેશીઓને ચોંટીને રહે છે. ત્યાં જીવકોષના ચોંટીને રહેલા કોષો માતાના લોહીમાંથી ગર્ભ માટે પોષણ મેળવે છે. પછી જીવકોષની વિકાસક્રિયામાં પ્રથમ વિભાજન શરૂ થાય છે. એના બે, ચાર, આઠ, સોળ, બત્રીસ, ચોસઠ એમ ભાગલા પડી સેંકડો કોષોનો મોરૂલા (Morula) નામનો દડો બને છે. એ મોરૂલામાં પછી પ્રવાહી ભરાવાથી વચમાંના કોષો એક છેડા ઉપર મધપૂડાની જેમ બાઝી જાય છે. આ સ્થિતિને બ્લાસ્ટોસિસ્ટ(Blastocvst)કહે છે.


મધપૂડા જેમ બાઝેલા એ કોષોમાંથી ત્યાર બાદ થોડા કોષો માળાના આકારમાં છૂટા પડી કોથળી–બને છે. આ પછી મધપૂડા જેમ બાઝેલા કોષોમાં પણ પોલાણ પડે છે. આ રીતે બ્લાસ્ટોસિસ્ટમાં ત્રણ કોથળીઓ ખડી થાય છે. પહેલી કોથળીના કોષોનું પડ એન્ટોડર્મ (Entoderm) કહેવાય છે, બીજી કોથળીના કોષોનું પડ એક્ટોડર્મ (Ectoderm) કહેવાય છે, અને આ બે કોષોના પડની વચ્ચે મેસોડર્મ (Mesoderm) કોષોની હાર ખડી થાય છે. જુઓ સાથેની આકૃતિઓ.



ફલીકરણ ૧લો દિવસ ૨જો ૩જો ૪થો મોરૂલા



૨ જું અઠવાડિયુ ૩જુ અઠ. ૪થું અઠ. ૫મું અઠ. ૬થી ૯મું અઠ. ૧૦થી ૧૩મું ૧૪ થી ૧૫મું




૧૮મુ અઠવાડિયું ૨૨મું અઠ. ૩૦મું અઠ. ૩૪મું અઠ. ૩૮મું અઠવાડિયું.

બીજવાહિની નલિકામાં બીજકણ ફલિત થતાં જ તેનું વિભાજન શરૂ થઇ પહેલે દિવસે બે, બીજે દિવસે ચાર, ત્રીજે દિવસે આઠ ને ચોથે દિવસે સોળ ભાગોમાં વહેંચાએલ એ જીવકોષ ગર્ભાશયની દીવાલ પર સ્થિત થાય છે. વિભાજન ચાલુ રહી મોરૂલા નામનો દડો બને છે ને તેમાં પછી પ્રવાહી ભરાતાં વચમાંના કોષો એક છેડે બાઝે છે. આગળ જતાં ચૌદેક દિવસે એમાંના થોડા કોષો માળાના આકારે છૂટા પડી કોથળી બને છે. છેડે બાઝેલા કોષોમાં પણ પોલાણ પડે છે જેને આકૃતિમાં દર્શાવ્યા મુજબ (૧) એન્ટોડર્મ, (૨) એક્ટોડર્મ ને (૩) મેસોડર્મ કહે છે. આમાંથી માનવ-દેહનાં અંગો ઘડાવાં શરૂ થઈ વિકાસ થતો જાય છે એ નીચેની આકૃતિમાં નીચલી બે હારમાં બતાવ્યો છે. મૂળ ૦.૨ મિલિમિટરનું બીજકણ ફલિત થયા બાદ બે અઠવાડિયે ૦.૯ મિલિ.મિટરનું બને છે. ને નવમે અઠવાડિયે પહોંચતાં તો હૃદય, મગજ, કરોડ, કાન, શ્વાસનળી વગેરેનું ઘડતર થઈ જઈ હાથ-પગ પણ ઊગી નીકળે છે, ને દસથી તેરમા અઠવાડિયામાં આકૃતિમાં બતાવ્યા મુજબનો તેનો આકાર સ્પષ્ટતા મેળવી લે છે. ચૌદથી પંદરમા અઠવાડિયા દરમિયાન 'ઓર' બંધાય છે. અઢારમે અઠવાડિયે પહોંચતાં ક્વચિત તેનું હૃદય ધબકતું અનુભવાય છે. ચહેરા પર કરચલીઓ આવે છે. બાવીસમે અઠવાડિયે તેના ફરકવાનો અનુભવ થવા લાગે છે. વજનમાં તે હવે એક રતલે પહોંચે છે. છ માસને અને બાર ઇંચનું કદ, બે રતલ વજન ને ચામડી પર કરચલી આવે છે. માથે વાળ વધે છે. હવે ગર્ભનો વિકાસ ઝડપી બને છે ને ચોત્રીસમે અઠવાડિયે પહોંચતાં કરચલીઓ દૂર થઈ શરીર ગોળમટોળ થવા માંડે છે. આ વખત દરમિયાન ક્યારેક પ્રસવ થઈ જાય છે ને પૂરતી સંભાળ રહે તો એ બાળક જીવે એ ખરું. છેલ્લે ૩૮મે અઠવાડિયે પહોંચતાં ગર્ભ પૂર્ણ વિકાસ પામી રહી જન્મ લેવા માટે તૈયાર થઇ જાય છે.

આ ત્રણે પડોમાંથી માનવ-દેહનાં અંગો ઘડાય છે. એક્ટોડર્મમાંથી વાળ, નેત્રમણિ, ચામડી ને જ્ઞાનતંત્ર પેદા થાય છે; મેસોડર્મમાંથી ફેફસાં, અન્નમાર્ગ, લોહીની નળીઓ, ગ્રંથિઓ, હાડકાં, માંસપેશીઓ ને જનન અવયવો વગેરે પેદા થાય છે; ને મૂત્રાશય, થાઇરૉઈડ ગ્રંથિ, અન્ન તથા શ્વાસમાર્ગનાં આવરણો વગેરે એન્ટોડર્મમાંથી નીકળે છે.

આ રીતે શરીરના ભાગો ઉત્પન્ન થઈ ચોક્કસ યોજના અનુસાર માનવદેહ ઘડાતો જાય છે. કલ્પનામાં પણ ન આવે એવી આ અટપટી, રહસ્યપૂર્ણ, અગમ્ય ને અદ્‌ભુત આ વિકાસક્રિયા છે. એ વિકાસક્રિયાને બળ આપનાર સૂક્ષ્માતિસૂક્ષ્મ ક્રોમોસોમ (રંગતંતુઓ) છે. માતાપિતા બન્નેના મળીને થતા એ અડતાલીસ (૪૮) ક્રોમોસોમોમાં એ જન્મનાર વ્યક્તિની માનસિક અને શારીરિક લક્ષણાઓનો સમગ્ર સંભાર ભરેલો હોય છે. આ સંભાર વળી નોખાંનોખાં કુટુંબો અને વ્યક્તિઓમાંથી ગળાઈગળાઈને માતાપિતામાં ઊતરી આવેલો હોય છે, જે વળી એમનાં બાળકોમાં પણ ઊતરી આવે છે.



←ગર્ભના ત્રણ માસના વિકાસ પછી 'ઓર' બંધાય છે ને તેમાંથી 'નાળ' દ્વારા ગર્ભનું પોષણ થાય છે. જમણી બાજુ મોટો કરી બતાવેલો ઓરનો છેદ દર્શાવ્યો છે.

બીજકણનું મૂળ કદ ૦·૨ મિલિમિટર હોય છે, જે ફલિત થયાનાં બે અઠવાડિયાં બાદ કદમાં વધીને ૦·૯ મિલિમિટર બને છે. એમાંથી ધીમેધીમે વધતો જઇને બીજા માસના અંતે તે મુરઘીના ઈંડા જેવડો સવા ઈંચના કદનો બને છે. સાથે, ગર્ભને પોષતી નાળની લંબાઈ પણ વધે છે, હાથપગનાં આંગળાંની નિશાનીઓ દેખા દે છે, નાકનો ઘાટ ઘડાય છે અને ત્રણ માસના અંતે તો ગર્ભ ત્રણ ઈંચ લાંબો ને ત્રણ ઔંસ વજનનો બને છે. હવે ગર્ભને પોષણ આપનારું સાધન 'ઓર' બંધાય છે, આંગળાં ઉપર પાતળા નખ બંધાય છે, ગરદન ઘડાવાથી ધડથી માથું જુદું પડે છે, સ્ત્રી કે પુરુષની લાક્ષણિક જનનેન્દ્રિયોના ઘાટ ઘડાવા શરૂ થાય છે. અત્યાર સુધી ગર્ભને જોઇને ઓળખી શકાય એવી જાતિ નક્કી થએલી નથી હોતી. જોકે ગર્ભની એ જાતિ તો ગર્ભાધાન વખતે જ નક્કી થઈ ગઈ હોય છે, છતાં એનાં દેખી શકાય એવાં અંગો વિકાસ પામવાને સમય લાગે છે. ગર્ભાધાનના પાંચમા કે છઠ્ઠા અઠવાડિયે શુક્રગ્રંથિ કે બીજકોષોના કોષો પણ તૈયાર થાય છે, આમ છતાં ત્યારે પણ ગર્ભની જાતિ નથી ઓળખી શકાતી. હજુ જાતિગ્રંથિઓ અને તેને અનુષંગી નલિકાઓ બે પેંગડે પગ રાખી બેઠેલી રહે છે;–એટલે કે ગર્ભમાં સ્ત્રી ને પુરુષ બન્નેનાં અપૂર્ણ વિકસિત (rudimentary) જનન અંગોનાં બાહ્યાંગ તથા નલિકાના ભાગો હોય છે. તેમાંથી જો ગર્ભનો નર દેહ બંધાય, તો નરદેહની નલિકાઓ ને જનનઅંગો વિકાસ પામે છે અને નારીદેહનાં જનન અંગો અપૂર્ણ વિકસિત દશામાં પડી રહે છે, અને જો નારીદેહ બંધાય તો ઉપરના કરતાં ઊલટું થાય છે. આ કારણસર પુખ્ત વયના પુરુષદેહમાં સ્ત્રીનાં અપૂર્ણ વિકસિત જનનઅંગો અને સ્ત્રીના શરીરમાં આવાં પુરુષનાં અંગો સમાએલાં હોય જ છે. દરેક પુરુષમાં સ્ત્રીત્વ અને દરેક સ્ત્રીમાં પુરુષત્વ ડોકિયાં કરતું જ રહે છે. એમાં કોક વખતે તો એ વ્યક્તિની સાચી જાતિ ઢાંકી દે એટલા બધા પ્રમાણમાં આ ગોપિત જાતિ જોર કરી નીકળે છે. પણ મોટા ભાગે તે થોડું એટલું બધું હોય છે કે એનો અંશ પણ દેખાતો નથી.

ગર્ભાવસ્થામાં અર્ધ નરનારીની (Hermaphrodite) લાઈનદોરી ઉપર બેઠેલા ગર્ભને નર કે નારીદેહ ભણી વાળનાર શુક્રગ્રંથિઓ કે બીજકોષોના સ્રાવો છે. મોટપણે જાતિ અનુસાર લાક્ષણિક અંગો ને ઘાટ ઘડનાર પિચ્યુટરી, થાઇરૉઈડ, થાઈમસ અને સુપ્રારિનલ ગ્રંથિઓના સ્રાવો પણ છે. આ સ્રાવો અનિયમિત કે બંધ થવાથી વ્યક્તિનું શરીર ખામીયુક્ત કે અ–સામાન્ય (abnormal) બને છે.

જાતિની દૃષ્ટિએ યોગ્ય શરીર બંધાવા માટે બે બાબતોની જરૂર છે: એક તો જાતિગ્રંથિઓના સ્રાવો, અને બીજી, આ સ્રાવોને સ્વીકારનાર શક્તિમાન શરીર. જો આમ ન હોય તો વ્યક્તિ નપુંસક (અર્ધ-નર-નારી) જન્મે છે. જો દેહનો ઘાટ સ્ત્રીત્વ ભણી વધુ ઢળતો હોય તો પછી વ્યક્તિ માનસિકરીતે પણ સ્ત્રીનું જીવન જીવે છે. કોક આવી વ્યક્તિમાં સ્ત્રીત્વના ઘણા અંશો હોવા છતાં યે પૌરુષેય સ્રાવોની કોઇ અસર નીચે મોઢા ઉપર વાળ ઊગવાને પરિણામે પુરુષનું જીવન જીવે છે. આવી વ્યક્તિઓ ઉપર ઑપરેશન કર્યાથી સ્ત્રીમાંથી પુરુષ કે પુરુષમાંથી સ્ત્રી બન્યાનાં અદ્‌ભુત પરિણામ આવે છે.


ચાર માસના અંતે ગર્ભની લંબાઇ સાડાછ ઇંચ થાય છે. આનો ચોથો ભાગ તો માથું રોકે છે. માથા અને બીજા ભાગો ઉપર સુંવાળી રુવાંટી ઊગે છે. મોં અને નાકનો ઘાટ ઘડાઈ જાય છે. ગર્ભની જાતિ સહેલાઈથી જાણી શકાય છે અને અંગોનું હલનચલન શરૂ થવા માંડે છે.


પાંચમા માસમાં ગર્ભ નવ–દસ ઇંચ લાંબો અને વજનમાં એક રતલ બને છે, શરીર ઉપર મલોમ (બારીક વાળ–Lanugo) છવાઈ જાય છે. ઊછરતા જતા ગર્ભને સમાવવા માટે હવે માતાના બસ્તિપ્રદેશની માંસપેશીઓ ઢીલી બને છે. ગર્ભનું હલનચલન માતા પણ હવે અનુભવે છે, જેને આપણે 'ગર્ભ ફરકવો' કહીએ છીએ.


છ માસના અંતે ગર્ભની લંબાઇ બાર ઇંચની બને છે, વજન બે રતલ થાય છે, ચામડી કરચલીવાળી બને છે, પાંપણો ઉપર વાળ દેખા દે છે, માથા ઉપરના વાળ વધે છે.

હવે ગર્ભનાં વજન અને લંબાઈમાં ઝડપી વધારો થવા માંડે છે. સાતમા માસમાં ગર્ભનું વજન ત્રણ રતલનું હોય છે. ચૌદ ઈંચની લંબાઈનો એ ગર્ભ હવે કૃશ થઈ ગએલા નાના સરખા વૃદ્ધ જેવો દેખાય છે. આ સમયે જો જન્મ થઈ જાય તો થોડા જ કલાક બાદ બાળકનું મૃત્યુ થાય છે. કોઈ અપવાદ રૂપે ઈન્ક્યુબેટરમાં રાખેલું બાળક જીવે ખરું.

આઠમા માસમાં કરચલીઓ દૂર થાય છે. શરીર ઉપરથી મલોમ પણ અદૃશ્ય થાય છે. વૃષણમાં શુક્રગ્રંથિઓ આવી જાય છે. કોકમાં આ ગ્રંથિઓ પેટના ભાગમાં કાયમ રહે છે. જે મોટપણે ઑપરેશન દ્વારા વૃષણમાં લાવી શકાય છે. આ સમયે (આઠમે માસે) જન્મેલું બાળક ખૂબ સારવાર હોય તો ઊછરી શકે છે. આઠ માસના અંતે ગર્ભ સોળ–







સત્તર ઇંચ લાંબો અને વજનમાં ચાર-સાડાચાર રતલનો હોય છે.

નવમા માસમાં હવે ગર્ભવિકાસ મંદ પડે છે. લંબાઈમાં માત્ર એકાદ ઇંચનો વધારો થાય છે અને વજન પાંચ રતલ સુધી થાય છે.

દસમા માસના અંતે ગર્ભનું વજન છથી સાત રતલ અને લંબાઈ અઢારથી વીસ ઈંચની હોય છે. પૂરા માસના બાળકનું વજન વધારેમાં વધારે અગિયાર રતલ હોઈ શકે. માતાની ઓગણત્રીસ વર્ષની વય સુધીમાં અવતરતાં બાળકનું વજન સરાસરી સરખું રહે છે. આ ઉમર બાદ અવતરતાં બાળકોનાં વજન પછી કમી થતાં રહે છે. પરંતુ લાંબા ગાળે આવતી સુવાવડોમાં દર સુવાવડ વખતે બાળકનાં વજન ને લંબાઈમાં વધારો થતો રહે છે. વળી જાણવામાં આવ્યું છે કે કન્યા પછી જન્મતા પુત્રનું વજન વધારે હોવાનો સંભવ છે.

ગર્ભના વિકાસ સાથે સ્ત્રીના ગર્ભાશયનું કદ પણ વધે છે. મૂઠી જેવડું અઢી ઈંચનું એનું મૂળ કદ વધીને તે ઠેઠ ફેફસાં સુધી અડતું સવા ફૂટનું બને છે ! અને એક ઔંસનું તેનું વજન વધીને બત્રીસગણું વધારે એટલે કે બે રતલ જેટલું થાય છે ! ગર્ભાશયની માંસપેશીઓના તંતુઓ લાંબા થઇ શાખાઓમાં ફંટાઈ ને કદમાં વધે છે. વ્યવસ્થાપૂર્ણ વાણાતાણામાં ગૂંથાએલા એ તંતુઓ કદમાં વધેલા હોવા છતાં યે એવા તો બલિષ્ઠ રહે છે કે કદમાં વધવા છતાં એમનું બળ તૂટતું નથી ને વખત આવ્યે તે એકસરખી રીતે સંકોચાઇ જઇને બાળકનો પ્રસવ થાય છે. શરીર વિષે આવી અદ્ભુત બીજી માંસપેશીઓ માત્ર હૃદય ને મૂત્રાશયની છે.

ગર્ભાશયના વધવા સાથે લોહીની નળીઓ પણ કદ ને સંખ્યામાં વધી જઈ ને ગર્ભાશયની અંદર તથા બહાર ચોપાસ પથરાય છે. આ સહેતુક બને છે, કારણ કે ઊછરતા ગર્ભને માતાના લોહીમાંથી જ પોષણ મળવાનું હોય છે. ગર્ભાશયમાં પરિભ્રમણ કરતા લોહીમાંથી ગર્ભને 'ઓર' (placenta) દ્વારા પોષણ મળે છે. મોટે ભાગે ગર્ભાશયના આવરણમાંથી બનેલી મોટી ચપટી વાદળી જેવી એ 'ઓર' અતિશય લોહિયાળ અંગ છે.

પ્રસવ : પ્રસૂતિકાળ નજીક આવતાં માતાનાં બસ્તિપ્રદેશનાં સંધિબંધનો અને બીજી પેશીઓ ઢીલી બને છે. સખત અને કઠણ ગર્ભાશયનું નાનકડું મુખ પોચું અને નરમ બને છે. બાળકના સરળ અને લીસા અવતરણ માટે યોનિમાર્ગમાં ચિકાશ છવાઇ જાય છે અને ગર્ભાશયના ઉપલા ભાગની પહોળી થએલી માંસપેશીઓ ગતિબદ્ધ રીતે સંકોચાય છે, ને તેને લઇને ગર્ભાશયના નીચલા ભાગ-બાળકના માથા ઉપર આવેલી માંશપેશીઓ ખેંચાઈ ને ગર્ભમુખ પહોળું થાય છે. પેલી માંશપેશીઓનું દબાણ આમાં ઉમેરાય છે અને ગર્ભજળમાં તરતું રહેતું બાળક આવરણ સહિત યોનિમાર્ગ તરફ ધકેલાય છે. આટલી સાદી લાગતી આ ક્રિયા સ્ત્રીને માટે અતિશય વેદનાભરી છે. હવે જુઓ આ આકૃતિઓ. એમાં ગર્ભાશયને કાળું દર્શાવ્યું છે.

(૧) બહુ ધીરેધીરે પણ ચોક્કસપણે થતું જતું ગર્ભાશયનું સંકોચન બાળકને આવરણ સહિત યોનિમાર્ગ તરફ ધકેલે છે. (૨) અત્યાર સુધી તો સર્વિકસનું મુખ ભિડાએલું જ હતું તે હવે ધીરેધીરે વધુ ને વધુ પહોળું થતું જઈ બાળકના મસ્તક તથા આવરણ પર ચડી આવે છે, અને હવે (૩) બાળકનું માથું બરાબર બસ્તિપ્રદેશના ગાળા પાસે આવે છે. અહીં પ્રસૂતિનો પહેલો તબક્કો પૂરો થાય છે. (૪) બાળકનું મસ્તક લગભગ બહાર નીકળી આવ્યું છે. જન્મની સરળતા ખાતર પ્રસતિમાર્ગમાં બાળકના માથાના હજી સુધી નહિ જોડાએલાં હાડકાં એકબીજા પર ચડી જઇ માથું સહેજ લાંબું થઈ જાય છે. ગરદન વળીને આકૃતિમાં છે તેમ પાછલી બાજુ વાંકી વળી લગભગ અર્ધગોળાકાર જેટલી પાછી નમે છે. અહીંથી આગળ વધતાં પ્રત્યેક ધક્કે બાળક સ્વતંત્રતા મેળવતું જાય છે. અલબત્ત, હજી દાક્તર કે દાયણ તે પુત્ર છે કે પુત્રી એ ન કહી શકે પણ તેના વાળનો રંગ જરૂર જોઇ શકે છે. (૫) અહીં બાળક પોતાની મજલની શરૂઆતના છેલ્લા તબક્કે પહોંચે છે ત્યારે દાયણ કે દાક્તરની તેને મદદ મળી શકે છે. અને અહીં પ્રસૂતિનો બીજો તબક્કો પૂરો થાય છે. નાળમાં હજી થોડો વખત ધબકાર રહે છે, કેમકે હજી તે 'ઓર' સાથે જોડાએલી છે. (૬) રક્તસ્રાવ અટકાવવા નાળને વચ્ચેથી બે બાજુ બાંધી એ બંને બંધનની વચ્ચેથી કાપી નંખાય છે. દરમિયાન બાળક-પુત્ર કે પુત્રી પોતાનો પ્રથમ શ્વાસોચ્છ્વાસ શરૂ કરે છે. બસ, હવે એ તદ્દન જુદી જ વ્યક્તિ બની રહે છે. અને માતાનું પ્રસૂતિનું કાર્ય લગભગ પૂરું થાય છે. (૭) હવે પ્રસૂતિનો ત્રીજો તબક્કો શરૂ થાય છે. બાળકના જન્મ પછી લગભગ અરધાએક કલાક બાદ ગર્ભાશયનું સંકોચન થવા માંડે છે ને એને લઇને આવરણ સહિત 'ઓર' ગર્ભાશયની દીવાલથી છૂટી પડી જાય છે. મોટી ચપટી વાદળી જેવી લાગતી એ ઓરમાંથી જ અત્યાર સુધી બાળકે પોતાનું પોષણ મેળવેલું છે. પ્રસૂતિનો ત્રીજો તબક્કો અહીં પૂરો થાય છે. (૮) પણ હજી ગર્ભાશયનું સંકોચન તો ચાલુ જ છે. ગર્ભાશયનું આ સંકોચન, સ્ત્રી પથારીમાં રહે ત્યાં સુધી ચાલતું રહી, ધીરેધીરે ગર્ભાધાન પૂર્વે તે જે સ્થિતિમાં હતું તે પુનઃ પ્રાપ્ત કરી લે છે.

ભૂખરા રંગની, એક રતલ વજનની ઓર ગર્ભાશયના ઉપલા ભાગમાં વળગેલી હોય છે. એની બહારની બાજુના મધ્યમાંથી નીકળીને નાળ (umbilical cord) બાળકની ડૂંટી સાથે જોડાએલી રહે છે. આમ, બાળક અને ઓર વચ્ચે સંબંધ બાંધનાર નાળ છે. ફરી જાણે કે જન્મદાતા જનનીએ ગર્ભાવસ્થામાં પોષણ આપી ઉછેર્યાના ઋણનું સ્મારકચિહ્ન ન હોય એમ દરેક વ્યક્તિના પેટે જન્મ પર્યંત કાયમ રહે છે: બે ધમનીઓ અને એક શિરાની બનેલી નાળ એક ઇંચ જાડી અને સામાન્યતઃ વીસ ઇંચ લાંબી હોય છે. ક્વચિત્ તે પાંચ ઇંચ જેટલી ટૂંકી કે પાંચ ફૂટ જેવડી લાંબી પણ હોય છે!

નાળની લોહીની નળીઓ ઓરમાંથી બાળકમાં અને બાળકમાંથી ઓરમાં લોહીનું વહન કરે છે. આ રીતે બાળકને તાજાં પોષણ-દ્રવ્યો મળે છે અને એનાં વ્યય-દ્રવ્યો માતાના લોહીમાં પાછાં ફરે છે, જે, માતાના ગુરદા અને આંતરડાં દ્વારા શરીરની બહાર ફેંકાઈ જાય છે. વળી ઓર દ્વારા બાળકની શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ થાય છે. ગર્ભાવસ્થામાં ગર્ભનાં ફેફસાં કામ નથી કરતાં, એટલે ગર્ભને પ્રાણવાયુ પણ માતા જ પૂરો પાડે છે. એનો અંગારવાયુ માતાના લોહીમાં આવી તેના ઉચ્છ્વાસની ક્રિયામાં બહાર ફેંકાઈ જાય છે. આ ઉપરાંત માતાના રોગ-જીવાણુઓ ને ઝેરી દ્રવ્યોને ગર્ભ સુધી જતા પણ ઓર અટકાવે છે.

સગર્ભા સ્ત્રીને પોતાના શરીર ઉપરાંત ગર્ભને પણ પોષણ આપવાનું હોય છે. આથી સગર્ભાવસ્થામાં માતાને પૌષ્ટિક અને સમતોલ ખોરાક હોવો ખાસ જરૂરી છે. એ કાળે ગર્ભાશયમાં ખૂબ લોહીની જરૂર હોવાથી માતાના શરીરમાં પણ લોહીનો જથ્થો વધે છે. આમ થવાં તેના હૃદય પર બોજો વધે છે ને ફેફસાં ઉપર પણ પ્રાણવાયુ વધારે લેવાનો બોજો આવી પડે છે. પરિણામે તેના શ્વાસોચ્છ્વાસની સંખ્યા તથા પ્રમાણમાં વધારો થાય છે.

ગર્ભસ્થ બાળકના પોષણ અને ઉછેર માટે આટલી કરામત હોવા ઉપરાંત એના રક્ષણ માટે પણ યોજના છે. આવરણની કોથળીમાં રહેલું બાળક (Liquor Amnii) લાઈકર એમનીઆઈ નામના પ્રવાહીમાં તરતું રહે છે. આ પ્રવાહી (ગર્ભજળ) માતા(અને બાળક)માંથી આવતું હોવાનું મનાય છે. ગુણધર્મે તે અલ્કલી ને પ્રમાણમાં બે પીન્ટ હોય છે. (૧ પિન્ટ=૨ શેર) એમાં અઠ્ઠાણુ ટકા પાણી અને પોટાશિયમ સોડિયમ વગેરે ક્ષારો ઉપરાંત રુવાંટી, વાળ વગેરે તરતાં રહે છે.

પાણી ગરમીનું મંદ વાહક હોઈને લાઈકર એમનીઆઈ ગર્ભની આસપાસનું ઉષ્મામાન એકસરખું જાળવી રાખે છે. વળી એમાં તરતા રહેલા બાળકને હલનચલનની પણ મોકળાશ રહે છે, તેમજ માતા ઈજા પામવાથી કે પડવાથી તેના આઘાતની અસર ગર્ભ ઉપર પહોંચતી નથી. પ્રસૂતિ સમયે એ ગર્ભજળના દબાણથી જ ગર્ભમુખ ખૂલે છે. આથી પણ તેની જાળવણી થાય છે.

સુભાષિત

(ગીતિ)

विरला जानन्ति गुणन् विरलाः कुर्यन्ति निर्धने स्नेहम्।
विरलाः परकार्यरताः परदुःखेनापिदुःखिता विरलाः।

(અનુવાદ)

વિરલા ગુણને જાણે, વિરલા વ્હાલા ગણે ગરીબોને;
પરકાર્યે રત વિરલા, પરદુઃખે તો દુઃખી કોઇ વિરલા.

[વિવરણ: છિદ્ર શોધનાર ઘણા હોય છે; ગુણ જોનાર થોડા જ. ગમે તેટલો સંબંધ હોય, પણ નિર્ધન સાથે બીજા લોકો અને ખાસ કરીને ધનવાન સંબંધીઓ કેવા સંબંધ રાખે છે એ તો સમાજમાં રોજ જોઈ રહ્યા છીએ. ધનવાન સગાં નિર્ધન સગાંને ત્યાં માત્ર પ્રસંગ આવ્યે જ, અને ઘણી વાર તો ખાસ આમંત્રણથી જ, જાય છે. એ ઉપરથી આપણામાં 'ઉજળાં સગાં વિવાહ વાજને' એવી કહેવત પડી છે. પારકાનું કામ નિઃસ્વાર્થવૃત્તિથી કરનાર પણ બહુ થોડા હોય છે; જ્યારે પારકાને દુઃખે પોતે દુઃખી થનાર તો મહાત્મા ગાંધીજી જેવા કોઇક જ વિરલ હોય છે. સંસારનું દુઃખ જોઈ ઈશ્વર પોતે દુઃખી થાય છે કે કેમ એ તો કોણ કહી શકે? એ ખબર ન પડવાને કારણે જ કદાચ હિંદુ કલાકારોએ ઈશ્વરની મૂર્તિ હસતી જ કેમ ન કોરી હોય! —ર.શ્રી.]

સગર્ભાવસ્થાનો સમય સામાન્યરીતે ૨૮૦ દિવસનો છે, જે ઓછામાં ઓછો ૨૬૫ દિવસનો અને વધુમાં વધુ ૩૩૦ દિવસનો હોઈ શકે છે. આ પછી પ્રસૂતિનો સમય આવે છે. એ અનોખા પ્રસંગને પહોંચી વળવા માટે શરીરમાં અનુપમ તૈયારીઓ થાય છે. માતાના બસ્તિપ્રદેશનાં સંધિબંધનો અને બીજી પેશીઓ ઢીલી બને છે. સખત ને કઠણ ગર્ભાશયનું નાનકડું મુખ પોચું અને નરમ બની જાય છે. કારણકે જરાક જ ખુલતા એ ગર્ભમુખને હવે પ્રસવ થવા માટે પાંચ કે છ ઇંચ પહોળું થવાનું હોય છે. બાળકના સરળ અને લીસા અવતરણ માટે યોનિમાર્ગમાં ચિકાશ છવાઈ જાય છે. હારવર્ડ યુનિવર્સિટીના ડૉ. ફેડરિક એલ. હીસૉ (Hisaw)ના કથન મુજબ આ ફેરફારો સ્ત્રીના શરીરમાં થતા 'રિલેક્સીન' નામના આંતરસ્રાવને આભારી છે.

જન્મ થવાના અરસામાં મોટા ભાગે (લગભગ ૯૬ ટકા તો) બાળક નીચું માથું રાખી પડેલું હોય છે. આના કારણ રૂપ ગુરુત્વાકર્ષણબળ કે ગર્ભાશયના ઘાટ હોવાનું મનાય છે. બાકીનાં સાડા ત્રણ ટકા જેટલાં બાળકો પૂંઠેથી અવતરે છે, જ્યારે અરધા ટકા જેટલા અતિ અલ્પ પ્રમાણમાં બાળક ગર્ભાશયમાં આડું પડેલું હોય છે.

પ્રસૂતિ થવાના કારણ તરીકે (૧) ગર્ભાશયનો ભરાવો, (૨) ઓરમાં ફેરફારો, (૩) ગર્ભ-ઓટ કે પિચ્યુટરી ગ્રંથિના વિશિષ્ટ આંતરસ્રાવો હોવાનું મનાય છે. પ્રસૂતિની શરૂઆત વેદનાથી થાય છે. ગર્ભાશયના ઉપલા ભાગની પહોળી થએલી માંસપેશીઓ નિયમિતરીતે સંકોચાય છે. આના લીધે ગર્ભાશયના નીચલા ભાગની—બાળકના માથા ઉપર આવેલી માંસપેશીઓ ખેંચાય છે. આ સંકોચન ને ખેંચને લીધે નિપજતી વેદના શરૂઆતમાં લાંબાલાંબા સમયને ગાળે, પણ પછી ઉપરાઉપરી ને વધુકી બને છે. આમાં વળી પેટની માંસપેશીઓનું દબાણ ઉમેરાય છે. આ દબાણ અને સંકોચનો હેતુ તો ગર્ભમુખને પહોળું કરવા પૂરતો જ છે. પણ આ કાર્ય કંઇ સહેલું અને સરળ નથી. એમાં ખૂબ પરેશાની અને શ્રમ સમાએલાં છે. સ્ત્રીઓના નાજુક દેહ વિષે થતી આ વિલક્ષણ અને શ્રમભરી પ્રસવવેદના બાળક પ્રત્યે પ્રેમ ને મમતા જગાડવાના કારણ રૂપ માનવામાં આવે છે.

આ વેદના પ્રથમ વારની પ્રસૂતિ વખતે બાર-ચૌદ કલાક ને ત્યાર પછીની વારંવારની પ્રસૂતિ વખતે છથી આઠ કલાકનો સમય લે છે. એમાં ગર્ભમુખ પહોળું થઈને બાળક ઉપરનું આવરણ (membrane) ફાટે ત્યાં સુધી પ્રસૂતિનો પહેલો તબક્કો (stage) છે, તે પછી બાળક અવતર્યા સુધીનો બીજો તબક્કો, જે દસ-પંદર મિનિટથી માંડી એક-બે કલાક પહોંચે છે. આ વખતે ગર્ભાશયનું સંકોચન મજબૂત બને છે. એ સમયે બાળકના માથાનાં હાડકાં જોડાયા વિના (અનુ. પૃ. ૧૧૩મે)

કચ્છની પુરાતન રાજધાની લાખિયાર વીયરો

લેખક અને તસ્વીરકાર · રામસિંહજી રાઠોડ

પુંઅરા'ના પતન પછી કચ્છમાં સમા સત્તાનો લગભગ ધ્વંસ થઈ ગયો. સિંધના નગરસમૈના જામ જાડાએ પોતાના ભત્રીજા લાખાને દત્તક લીધો. તેથી તે લાખો જાડેજો કહેવાયો. પણ જાડાની વૃદ્ધાવસ્થામાં તેને ત્યાં પાછળથી પુત્ર ઘાઆનો જન્મ થયો. જાડાના મૃત્યુ પછી લાખા જાડેજાને નગરસમૈમાં રહેવું માનભંગ થવા જેવું લાગ્યું એટલે તે પોતાના ભાઇ લાખિયાર સાથે કચ્છ તરફ નીકળી આવ્યો.

કચ્છના માક પટમાં જત લોકો માલધારી રબારીઓને ત્રાસ આપતા હતા. લાખા જાડેજાએ એ રબારીઓને રક્ષણ આપ્યું. આથી રબારીઓએ લાખાને પાધારો (મુખી) કરી સ્થાપ્યો. રબારીઓની આ વાંઢ ઉપર વીજો બનાવી લાખાએ વાસ વસાવ્યો અને તેને 'લાખિયાર વીરો' નામ આપ્યું.

જાડેજા લાખાને સાત પુત્રીઓ હતી. તેમને માટે યોગ્ય મૂરતિયા નહિ મળતાં એ સાતે પુત્રીઓનાં લગ્ન લઈ શકાયાં નહિ અને એકદા મેણાંની મારી પુખ્ત વયની એ સાતે કુમારીઓ બળી મૂઇ, ત્યારથી જાડેજાઓમાં દીકરી જન્મે કે તત્કાળ તેને 'દૂધ-પીતી કરી' મારી નાખવાનો ગોઝારો રિવાજ ચાલુ થયો!

લાખા જાડેજાના કુંવર રાયધણે જત લોકોના સતત કંટાળાથી ત્રાસી જઇ લાખિયાર વીયરાનો ત્યાગ કર્યો. માથાભારે જતોએ ભડલીના ગરીબનાથના ચેલાને રંજાડી તેના હાલહવાલ કર્યા. રાયધણ કચ્છાધિપતિ થશે એવી ગરીબનાથની પ્રેરણા છે એવા આશિષ આપીને ચેલાએ રાયધણને ઉશ્કેર્યો. આથી જોમમાં આવી રાયધણે જતોને તગેડયા અને ફરી પાછો લાખિયાર વીયરે આવી બેઠો. તે રાતા પેચવાળી પાઘડી પહેરતો તેથી 'રતા રાયધણ'ના નામે જાણીતો થયો. કચ્છ માથે આવેલા ચોરી આક્રમણકારીઓને તેણે બહાદુરીથી શિકસ્ત આપી. ક્રતે રફતે કચ્છભરમાં તેની સત્તા જામતી ગઇ. તેના ચાર પુત્રો દેદો, ઓઢો, ગજણ અને હોથી કચ્છના ચાર વિભાગમાં અલગ અલગ રહી એ સત્તાને સંભાળી બેઠા.

ઓઢાના વંશજ લાખિયાર વીયરે રહ્યા અને ગજણ બાડે રહ્યા. ગજણના બે પુત્રો વચ્ચે ઝગડો થતાં જેહો લાખિયાર વીયરે આવી રહ્યો. એ જેહાને ત્રણ પુત્રો થયા. તેમાં અબડો પરાક્રમી થયો. તેણે નગરસમૈ પહોંચી પોતાના વંશના હકની વાત ત્યાં પણ મૂકી, પરંતુ તેમાં તે ફાવ્યો નહિ. કચ્છમાં અછતની સ્થિતિ હોતાં તેણે પોતાની આથ (પશુધન) સિંધમાં જ રાખી અને ત્યાં તેને સોહાગદે ચાવડીથી પુત્રપ્રાપ્તિ થઈ. એનું નામ કુડધર રાખ્યું. એ કુડધર પાછળથી મોડપીર નામે પંકાયા.

સિંધમાં પશુધન રાખનારા માલધારીઓમાં અંદરઅંદર દંગલ ચાલ્યા જ કરતું. તેથી કંટાળી અબડો પોતાની આથ સાથે સૌરાષ્ટ્રમાં ગિરનાર ગયો. ત્યાં અબડાનું મૃત્યું થયું. સોહાગદે ચાવડીને અહીં પુત્રપ્રસવ થયો. મોડપીરે તેનું નામ અબડો–અબડાણી રખાવી તેને પાધારો (અગ્રણી) ગણાવ્યો.

મોડપીરની વધતી જતી પ્રતિષ્ઠાથી ચારણ ખીયરાને તેજોદ્વેષ થયો, આલણ સોનારીને મોડપીરના આશીર્વાદથી પુત્ર થયો તેની ચારણે વગોવણી કરી અને મોડપીરને ઉતારી પાડવા તે લોકજૂથ સાથે તેમની પાસે પહોંચ્યો, પણ ત્યાં મોડપીરના પ્રભાવથી અંજાઈ તેને કહેવું પડયું કે

> સોડો કર સાગર સમું ગંધરો મેરુ પ્રમાણ,
> સુરજ જી ઝાંખો ડિઠો કાયર કૃષ્ણ સમાન.

'સૂર્ય જેવી ઝાંખી જેની કાંતિ છે એ મોડપીર કૃષ્ણ સમ કાયર છે. અને મેરુ જેવા નાના મોડપીરનું મન તો જુઓ, કેવું સાગર જેવું સાંકડું છે!' એમ વક્રોક્તિથી ખીયરે પોતાનું મન મનાવ્યું.

સોરઠમાં મોડપીર દુંતાદે નામે વાઢેરને પરણ્યા. ઓખાના વાઢેરોને મોડપીરની શક્તિનો પૂરો પરચો થયો અને બરડામાં જેઠવાઓને તેમણે બહાદરી બતાવી. એક વખત ભાદરના પૂરમાં મોડપીરના ઘણા વિરોધીઓનો ખૂબ વિનાશ થયો ત્યારે રાંકડા માલધારીઓની આથોને મોડપીરે એ આફતમાંથી ઉગાર્યા. અહીં ભાદરને કાંઠે મોડપીરને દેવી જોગણીનો ભેટો થયો. એવામાં કચ્છમાં દુષ્કાળ ઊતરી આવતાં મોડપીર જોગણી સહિત કચ્છ જવા રવાના થયા. ત્યાં રણકાંઠે મેઘવાળોના દેવ માગે આવી મળ્યા. એ ત્રણે જણ સંગાથે રણ ઓળંગી કચ્છ આવ્યા. કચ્છના કંઠાર–પ્રદેશમાં ફરતા હતા ત્યાં વીયરા પાસે, સાગરની નાળને કાંઠે જોગણી રહી ગઇ. એ નાળ આજે પણ 'જોગણી નાળ'ના નામે જાણીતી છે, અને ત્યાં જોગણીનું સ્થાનક છે. દરિયાકાંઠે ફરતા મોડપીરનું ગુંદિયાળી ગામ પાસે વાગેર લોકોએ બહુમાન કર્યું. તેના સ્મરણમાં ત્યાંના દરિયાકિનારાનો રેતીનો ઊંચો ઢૂઓ અને નાળ મોડ ઢૂઓ—'મોઢવા'ના નામે જાણીતો થયો.

માગેએ લાખિયાર વીયરામાં જામ રાયધણને જમાવટ કરવામાં સહાય આપી અને માગેના સેવકોની મદદથી મોડપીરની સત્તા વધતી ગઇ, જેને પરિણામે કેર લોકોને કચ્છ બહાર જવું પડયું. તે પછી સંધારોની સહાયતા કરી મોડપીરે મોડાસામાં હકૂમત સ્થાપી અને પોતાના નાના ભાઈ અબડા–અબડાણીને વડસરમાં ટીલે બેસાડી તેને પાધારો બનાવ્યો. મોડપીરને કુબેર, હીગોરો અને ભોજદે નામે ત્રણ કુંવરો થયા. કચ્છમાંથી ફરી જ્યારે તેઓ સૌરાષ્ટ્રમાં ભાદરકાંઠે ગયા ત્યારે ત્યાં વાડાસાડામાં તેમનો દેહવિલય થયો. લોકવાર્તાઓ અને ચારણી દૂહામાં આ મોડપીરનાં પરાક્રમો વર્ણવતી પ્રશસ્તિની ઘણી વાતો કચ્છભરમાં પ્રચલિત છે.

વીર અબડો–અબડાણી પોતાની અડગતાથી 'અબડા અણભંગ'ને નામે જાણીતો થયો. પણ અબડાના શાગિર્દોમાં કેટલાક નીચ માણસોનો સંગ જોઈ માગે દેવે વડસરનો ત્યાગ કર્યો. આ સમયે સિંધમાં સુમરાઓમાં કુસંપ જાગ્યો. એક સુમરાએ પોતાના વેરના સાંત્વનાર્થે સિંધમાં દિલ્હીશાહીની સત્તાની દરમ્યાનગીરી કરાવી, અને સુમરીઓના સૌંદર્યભોગની લાલચથી અલાઉદ્દીન સિંધ પર ચડી આવ્યો.

> ઘોઘા ઘિલ્લી શાહ સેં તું હલી મ કર હઠ,
> તું કાઠી કિરડજી ઉ ભારી બરે તો ભઠ,
> કારો થઈને કઠ છાલ મ છગેં મચમે.

ઉમરકોટના ઘોઘા સુમરાને કહેવામાં આવ્યું કે 'તું તો કેરડાનાં લાકડાં જેવો સૂકો ઠાટ છે, તે દિલ્હીશાહના ભડભડતા ક્રોધાગ્નિ સામે હાલીને







મથાળે: લાખિયાર વીયરોમાં તેના પુરાવશેષો સમા થોડા પાળિયા ને તે ઉપરની દહેરીઓ.
વચ્ચે: મોડકુબામાં મોડપીરનો કૂવો. નીચે: મોડપીરના સ્થાનકનું પ્રવેશદ્વાર.

હડ કરજે મા અને તેને શરણે થઈ જા.' ઘાઘા મથામ તો રહ્યો, પણ અંતે પોતાની અશક્તિ સમજી તેણે તેમની ૧૪૦ સુમરીસુંદરીઓને અબડાના આશ્રયમાં વડસર ખાતે રવાના કરાવી દીધી. તેઓ કચ્છ કાંઠે નાતમાં પહોંચી ત્યારે ત્યાં ઉદાર નોતિયારનાં લગ્ન થતાં હતાં. તેણે, જો શાહી ફોજ સુમરીઓનો પીછો પકડી કચ્છ આવે તો પોતે તેને મરતાં લગી ખાળવાનું વચન આપ્યું, અને દરમ્યાનમાં સુમરીઓ સલામત વડસર પહોંચી જાય તેવી વ્યવસ્થા કરાવી. રસ્તે ૧૨ સુમરીઓ મૃત્યુવશ થઈ પણ સુમરા અને પેથા ચૌહાણના સાથમાં ૧૨૮ સુમરીઓ અબડાને આશરે પહોંચી ગઈ. દરમ્યાન સિંધમાં સુમરા કપાઈ મુઆ અને સુમરીઓ હાથ આવી નહિ.

સલામ છડેઆ સુમરે અબડા તોકે અપાર.
અચે નીયાણી ઉનહસે ચેલી કરજ વાર.
વર માર્યા ઘર ફુર્યા કુછણુ નિકંડા બાર.
વિચાડીયું વરનત પિંડે ખજુલ્યું પાર.
ગ્રલીજ તું કુંઆર તો ઘર આવઈઉં અબડા.

ઘટિત વિનય કરી સુમરાઓએ કહેવડાવ્યું કે 'હે અબડા, તારે આશરે તારી નિયાણી જેવી સુમરીઓ આવે છે. તેઓ પતિવિહોણી અને ઘરબાર વિનાની નાનાં બાળકો સાથે કકળતી નિરાધાર થઈ છે. એવી તારે ઘેર આવેલીઓની તું કુંઆર વીર સહાય કરજે.' એના ઉત્તરમાં અબડાએ કહેવડાવ્યું કે

અણુડિઠી આડો ફિરાં સે ડિઠે ડિયાં કીય!
વાર વિલીલેંઝ ચડાં નેહ મિત્ત નાંય.

'ક્યાંય પણ જુલમ થતો હોય તો તે માત્ર સાંભળીને (જોયા પણ ન હોય છતાં) નિરાધારની વાર કરવાનો મારો ધર્મ છે, તો આ મારે ઘેર શરણાગત આવેલી સુમરીઓને તો હું મારા દૃઢ મનથી આશરો આપીશ.' શાહી ફોજ વડસર આવી પહોંચી. અહીં અબડાની વસતિમાંના એક ઓરસા મેઘવાળે બાદશાહી લશ્કરમાં પહોંચી પોતાનો નીચાપો ત્યાં કાઢી અતીવ પરાક્રમભર્યું કાર્ય કરી દેખાડ્યું. સુમરીઓએ પોતાના દરદાગીના ને જે.ગ.ની કમાણુ અબડા પાસે સાચવવા ધરી દીધી, પણ અબડાએ તેને હાથ ન લગાડતાં સુમરીઓને કહ્યું કે તમને જો હું સલામત સાચવી શકીશ તો તમારી કમાણુ પણ તમારી સાથે જ સલામત બચશે. નહિ તો અબડાને આળ લાગે કે તેણે મિલકત માટે આ કારસો કર્યો હશે. છેવટ સંગ્રામ થયો તેમાં અબડા વીર ગતિને પામ્યા અને બાદશાહના હાથમાં જવા કરતાં સુમરીઓએ જીવતે ધરતીમાં દફન થવાનું પસંદ કર્યું!

લાખિયાર વીયરામાં રાયધણુ પછી આડો આર્ગરા. બાદામાં ગજણુ હતો. તેમની વચ્ચે કુસંપ ચાલ્યા જ કરતો, ત્યારે ઓરિયા જત અને કાઠી જાતિઓ ઉપર શેઠ ઉસાઠી મૂળવા જામે હબામાં પોતાની સત્તા જમાવી રાખી. પણ જત લોકો અવારનવાર દંગલ મચાવ્યા કરતા, અને બીજી બાજુ શીળીની બીમારી પછી શરીરે જર્જર બનેલા મૂળવાની નબળાઈ વધતી ગઈ. મોડપીરના દેહવિલય પછી સોરઠથી માંડી મૂળવા પાસે હબામાં આવ્યા અને ત્યાં તેની તબિયત સારી કરી

દાંત વિષે આ તમે જાણતા હતા?



દરેક જડબામાં સોળ સોળ મળીને આપણા મોંમાં કુલ ૩૨ દાંત હોય છે. દરેક જડબાની અંદર બંને છેડે, ઉપર નીચે ત્રણત્રણ દાઢ હોય છે, જેમાંની પહેલી સૌથી મોટી અને છેલ્લી, ડહાપણની દાઢ, સૌથી નાની હોય છે. એમાં નીચલા કરતાં ઉપલા જડબાની ડહાપણની દાઢ વધુ નાની હોય છે.

બાળકને છથી નવ માસની ઉમર સુધીમાં દાંત આવવા શરૂ થઈ જાય છે. આ 'જન્મના દાંત' કે 'દૂધિયા દાંત' કહેવાય છે. આગળ જતાં એ પડી જઇને એને સ્થાને કાયમી દાંત આવે છે. આ કાયમી દાંત કરતાં દૂધિયા દાંત કદમાં નાના, વધુ સફેદ અને દેખાવે પણ સુંદર હોય છે.

ચૂનો એ દાંતના બંધારણનું મુખ્ય તત્ત્વ છે. આપણા દાંતના ઉપલા પડમાં એ સવિશેષ હોય છે. એ ઉપલું પડ અથવા એનામેલ (મીનો) દાંતને મજબૂત અને કુદરતી ચળકાટ આપે છે, ને તે મુખ્યત્વે કૅલ્શયમ ફૉસ્ફેટ તથા અલ્પ પ્રમાણમાં કૅલ્શયમ કાર્બોનેટ, મૅગ્નેશ્યમ ફૉસફેટ ને કૅલ્શયમ ફ્લુઓરાઇડનો બનેલો હોય છે. આપણે માનીએ છીએ તેમ દાંત સળંગ નક્કર નથી હોતા. મીનાના પડની નીચે દાંતનો જીવતો ભાગ આવેલો હોય છે. ને એની યે નીચેનો ભાગ પોલો હોય છે, જે દંતદ્રવ્ય અથવા 'ટૂથ-પલ્પ'થી ભરેલો હોય છે.

બીજાં પ્રાણીઓની સરખામણીમાં માણસના દાંત કંઈ ઓછા મજબૂત નથી. એના બચકાનું દબાણ સરેરાશ ૧૯૦ રતલ અંદાજવામાં આવ્યું છે. જોકે વધુમાં વધુ દબાણ ૨૯૦ રતલનું નોંધાએલું છે. આવું સજ્જડ બચકું ભરનાર હતો એક મુદ્રક-પ્રિન્ટર.

તમને માન્યામાં નહિ આવે, પરંતુ માણસના દાંતનું બચકું કૂતરા, બિલાડી કે ઘોડાના બચકા કરતાં પણ ભયંકર નીવડે છે, કારણ બીજા કોઇ પણ પ્રાણીના કરતાં માણસના મોંમાં જંતુઓનું પ્રમાણ અધિક હોય છે!

માણસ જેમ સુધરતો ગયો તેમ તેના દાંતની શક્તિ ઘટતી ગઈ. આજે યે સુધરેલા દેશોમાં દાંતની જેટલી ફરિયાદ હોય છે તેનો શતાંશ પણ જંગલી લોકોમાં નથી. કાચું માંસ ખાતા હોવા છતાં એમને દાંતની કશી ફરિયાદ નથી. માર્લબરો મુકામેના કેટલાક સમય પરના ખોદકામમાં ૨૦૦૦ વર્ષ પરના ૭૦ વર્ષના એક માણસનું હાડપિંજર મળેલું જેના બધા દાંત કાયમ હતા. આજે પણ હેબ્રિડિસ ટાપુઓમાં ૭૦ વર્ષની વ્યક્તિઓના બધા જ દાંત કાયમ રહેલા હોય છે, જ્યારે એની નજીકના મુખ્ય ભૂમિખંડો પર એથી ઊલટી સ્થિતિ છે, કારણ કે તે સુધરેલો મુલ્ક છે!

કુદરતી દાંત પડી જતાં તેને સ્થાને બનાવટી દાંત લગાવવાની શોધ કંઈ આ જમાનાની જ નથી. યહૂદીઓના ધર્મગ્રંથ 'તાલમુદ'માં સોના, ચાંદી કે લાકડાના અથવા તો બીજા કોઇ પ્રાણીના દાંત કુદરતી દાંતના સ્થાને જડવામાં આવતા હોવાનો ઉલ્લેખ છે. વળી સ્ત્રીઓએ શનિવારના દિવસે બનાવટી દાંત મોંમાં ન રાખવા એવી સ્પષ્ટ આજ્ઞા છે. આધુનિક સમયમાં બનાવટી દાંતનો ઉપયોગ સત્તરમી સદીથી શરૂ થયો હોવાનું મનાય છે. આજે તો બનાવટી દાંત અને દાંતખોતરણી બનાવવાનાં મોટાં કારખાનાં ચાલે છે. દાંત કઢાવવાનું હવે પહેલાં જેટલું પીડાદાયક ન રહ્યું હોઇને બનાવટી દાંતનો પ્રચાર ખૂબ વધ્યો છે. જુદાં જુદાં પ્રાણીઓના દાંત પણ માણસના મોંમાં બેસાડી શકાય છે. રશિયામાં તો વળી 'સ્ટેઈનલેસ સ્ટીલ' ના બનાવેલા દાંતનો પ્રચાર અધિક છે. અરે ઍલ્યુમીનિયમ સુદ્ધાનાં દાંત બનાવવામાં આવે છે! સિયામમાં બનાવટી દાંતની માંગ વળી મોતી જેવા ચળકતા સફેદ દાંતની નહિ, પરંતુ પાન ખાઇને રંગાએલા હોય એવા લાલ દાંતની છે!

અમેરિકાના પહેલા પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનના દાક્તર આઈઝાક ગ્રીનવૂડે એને લાકડાના દાંત બનાવી આપેલા, પરંતુ એ બટકવા માંડતાં છેવટે હાડકાંના દાંત બનાવ્યા, જે શોભા સિવાય કંઈ કામના ન હતા.

ઈલીનૉયની દંતવિદ્યાની કૉલેજના ડૉ. આઈઝાક શોરના કહેવા પ્રમાણે ઝાડના થડ પર જેમ તેની ઉમર દર્શાવતાં કૂંડાળાં હોય છે તેમ માણસના દાંત પર પણ હોય છે અને તે પરથી તેની ઉમર જાણી શકાય છે.

દાંત સાફ રાખવા માટે દાતણનો ઉપયોગ આપણે ત્યાં પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે, પરંતુ પશ્ચિમમાં એવું નથી. ત્યાં દાતણનું સ્થાન ટૂથ-બ્રશે લીધું છે. એની શોધ પહેલવહેલી વિલિયમ એડીસ નામના એક કેદીએ ઇ. સ. ૧૭૮૦માં કર્યાનું માનવામાં આવે છે. હવે તો બ્રશનાં કૂંછાં પ્લાસ્ટિકના બનાવવામાં આવે છે, પરંતુ એ પહેલાં પશ્ચિમના દેશોને ચીન અને રશિયાથી તેની આયાત કરવી પડતી. આ કૂંછાંની લંબાઇ ${}^{૧}/_{૧૦}$ ઇંચથી માંડી ૨${}^{૧}/_{૨}$ ઇંચ સુધીની હોય છે અને તેની ઓછામાં ઓછી ૧૦૦૦ જાત અસ્તિત્વમાં આવી છે!


તેમની મદદથી જતોનો સામનો કરી તેણે ચારણોને રક્ષણ આપ્યું.

હબાંથી માગૈ સિંધ ગયા અને ત્યાં નંગરસઈમાં નંદાજામ પાસે રોકાયા. માગૈના ચમત્કાર જોવા નંદો ખૂબ ઉત્સુક રહેતો. આથી કામાંધ નંદાને જરા સીધો કરવા માગૈએ એક વખતે પોતાનો ચમત્કાર દેખાડ્યો. કામુક નંદાને આંખો બંધ કરી એકચિત્ત બેસવા કહ્યું. તત્કાળ નંદાએ કાચ જેવા પાણી ભરેલા એક વિશાળ હોજમાં નગ્નાવસ્થામાં નાહી રહેલી દિલ્હીની જનાની બેગમો જોઈ અને તે કામાતુર બની બેઠો, કે તરત માગૈએ તેને તેની મૂળ સ્થિતિમાં હોય તેમ ભાનમાં મૂક્યો. નંદો તેથી ભોંઠો પડી ક્રોધથી પ્રજ્વલિત બન્યો અને તેણે માગૈનો ઘાત કર્યો! ધડથી અલગ થએલું પોતાનું શિર માગૈએ હાથમાં ધરી લીધું અને માગૈના એ મસ્તકે આગમવાણી ઉચ્ચારી. કચ્છ માટેની માગૈની આ આગમવાણી આજે પણ સમયોચિત સંભારાય છે.

લાખિયાર વીયરાના પાંવરપતિઓ અને બાડાની ગાદી વચ્ચેના વંશપરંપરાગત ઝગડાનો અંત જામ રાવળના સમયમાં આવ્યો. જામ રાવળે લાખિયાર વીયરાનાં હમીરજીને બાડે બોલાવી દગાથી મરાવી નાખ્યા. ત્યારે હમીરજીના પુત્રો ખેંગારજી અને સાહેબજી વીંઝાણ ખાતે તેમની માશી પાસે હતા. જામ રાવળ હમીરજીના વંશનું નખ્ખોદ વાળવા તેમને પણ મરાવી નાખે એ દેખીતું હતું. એટલે એ કુંવરો એક નિમકહલાલ છચ્છર બુટ્ટાને હવાલે થયા. છચ્છર તેમને લઇને ભાગ્યો અને રેલડી ગામે ભીંયા કકલ પાસે આશરો લીધો. કકલે તેમને એક

આપણી વિજ્ઞાન સંસ્થાઓ-૨

નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરી



લેખક : ડૉ. નરસિંહ મૂ. શાહ

'જો તમે મને એમ પૂછતા હો કે ટેકનિકલ સિદ્ધિઓ અને સ્ફુરણાઓની બાબતમાં સૌથી વધારે અસર મારા પર કોણે કરી, તો વિવિધ ક્ષેત્રોમાંથી વીણીને કહું કે દિલ્હીની નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરી, જમશેદપુરનાં લોઢાનાં કારખાનાં અને તુંગભદ્રાના તોતિંગ બંધોએ.' આ ઉદ્‌ગાર મોટા બંધો અંગે મળેલી આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં આવેલા સ્વીડનના પ્રતિનિધિમંડળના નેતા પ્રો. એડી વેલાનરના છે.

ભારત સરકારના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન ખાતાના નિયામક ડૉ. ભટનાગરે ઇ. ૧૯૪૧માં વૈજ્ઞાનિક સંશોધન માટે એક મધ્યસ્થ પ્રયોગશાળા કાઢવાની દરખાસ્ત સરકાર આગળ રજૂ કરી. તેમની મુરાદ આ પ્રયોગશાળાના બે વિભાગ કરી એક ફિઝિકલ અને બીજી કેમિકલ એમ બે પ્રયોગશાળા ઊભી કરવાની હતી. ૧૯૪૩માં આ દરખાસ્ત પર વિચારણા કરવા એક આયોજન સમિતિ નીમવામાં આવી અને ૧૯૪૬માં તેનો અહેવાલ પ્રગટ થયો. તદનુસાર સરકારે કાઢેલી પૂનાની કેમિકલ લૅબૉરેટરીનો પરિચય ગયા અંકમાં આવી ગયો.

આ ફિઝિકલ લૅબૉરેટરીનો પાયો નાખવાની ક્રિયા પણ ૧૯૪૭માં જ પંડિત જવાહરલાલે કરી અને ૧૯૫૦માં તેનું ઉદ્‌ઘાટન સરદાર વલ્લભભાઈ પટેલના શુભ હસ્તે થયું. ૬૦૦ ફૂટ લાંબું અને ૧૭૦ ફૂટની પાંખવાળું અંગ્રેજી અક્ષર L(એલ)ના આકારનું આ મકાન ઉત્તર સન્મુખ છે, જેથી તેમાં સ્થિર અને પૂરતું અજવાળું મળ્યા કરે છે. પાછળના ભાગની બારીઓ દક્ષિણમાં હોવાથી સીધો સૂર્યપ્રકાશ ન આવે એ માટે રક્ષણ કરવામાં આવ્યું છે. તેની ઊગમણી દિશામાં ત્રણ અને પશ્ચિમ તરફ બે માળ છે. લંબાઈમાં ૬ ફૂટના અંકમ પર મકાનની રચના છે. પહોળાઇ બધે ય ૨૦ ફૂટ રહે છે. એટલે દરેક ઓરડાની લંબાઈ ૬ના ગુણક પર આવેલી છે. કોઈ પણ ઓરડો ૬,૧૨,૧૮ ફૂટ એમ હોય છે. આવી પદ્ધતિ અમેરિકાની કેટલીક શ્રેષ્ઠ લૅબૉરેટરીમાં જોવામાં આવે છે. લૅબૉરેટરીનો કુલ વિસ્તાર ૭૦૦ એકર જમીનમાં છે.

ફિઝિકલ એટલે કે ભૌતિક વિજ્ઞાનની દરેક શાખામાં આ પ્રયોગશાળા સંશોધનકાર્ય હાથ ધરે છે. તોલ, માપ અને સમયનાં મૂળભૂત ધોરણ (સ્ટાન્ડર્ડ), ઈલેક્ટ્રૉનની મદદ વડે ચાલતાં સાધનો, ધાતુઓના ગુણધર્મ, અશ્રાવ્ય ધ્વનિ વગેરે ક્ષેત્રોમાં હવે સંશોધન ચાલે છે. ઉપરાંત ઉદ્યોગોમાં ઉપયોગી સુધારણા કરવા અંગેની યોજનાઓ તેમજ વસ્તુઓનાં સ્પેસિફિકેશન, ક્વૉલિટી કન્ટ્રોલ વગેરે કામનો પણ તેમાં સમાવેશ કરવાંમાં આવ્યો છે. લૅબૉરેટરીના મુખ્ય નિયામક હિંદના સુપ્રસિદ્ધ વિજ્ઞાની ડૉ. કે. એસ. કૃષ્ણન્ છે. લૅબૉરેટરીમાં કામની વહેંચણી નીચેના વિભાગો પ્રમાણે કરવામાં આવી છે : (૧) વજન અને માપ, (૨) ઔદ્યોગિક મિકૅનિક્સ અને વપરાતા પદાર્થોની તપાસ. (૩) ગરમી અને શક્તિ, (૪) ઑપ્ટિક્સ—પ્રકાશવિજ્ઞાન, (૫) વીજળી, (૬) ઇલેક્ટ્રૉનિક, (૭) ધ્વનિશાસ્ત્ર, (૮) ઔદ્યોગિક ભૌતિક વિજ્ઞાન અને (૯) રાસાયનિક પૃથક્કરણ. દરેક વિભાગ માટે એકેક મદદનીશ નિયામક છે. આ ઉપરાંત લો ટેમ્પરેચર–અતિ ઓછી ઉષ્ણતાએ સંશોધનને લગતું કાર્ય પણ ચાલે છે.

ઉદ્યોગોના ક્ષેત્રમાં કાર્બનની ચીજો ખૂબ વપરાય છે, જેમકે ઈલેક્ટ્રિક મોટર, બૅટરીઓ, આર્ક લૅમ્પ વગેરેમાં. આથી અહીં ઉદ્યોગોમાં વપરાતા વિવિધ પ્રકારના કાર્બનની બનાવટ અંગે સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું અને પરિણામે દેશમાં કાર્બનની આવી બનાવટો શક્ય થઈ છે. હિંદી ગ્રેફાઇટને શુદ્ધ કરવા માટે પણ નાના પાયા પર ઔદ્યોગિક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. ડ્રાય સેલની બનાવટમાં વપરાતો સક્રિય મૅન્ગેનીઝ ડાયોક્સાઇડ પણ દેશમાંથી મળતા કાચા માલમાંથી અહીં બનાવાય છે. ઉપરાંત ત્રાવણકોરની મૉનાઝાઈટ રેતીમાંથી હેલિયમ વાયુ કાઢવાનું કામ પણ લેવામાં આવ્યું હતું. ઉપરના વિભાગો ઉપરાંત લાયબ્રેરી અને સંશોધન-માહિતી વિભાગ, મધ્યસ્થ વર્કશૉપ (જેમાં કાચનો સામાન બનાવવાની વર્કશૉપ પણ સમાઈ જાય છે) તથા ફોટોગ્રાફી અને ડ્રૉઇંગ માટેની ચિત્રાલેખન સંસ્થા પણ આ લૅબૉરેટરીને જોડેલાં છે.


કાલરમાં છુપાવી દીધા. રાવળના માણસો પગેરુ લેતાં કકલને ઘેર આવી પહોંચ્યા અને કકલ ઉપર જુલમની ઝડી વરસાવી. કકલની પત્ની મક્કણીનાં દેખતાં તેના છ પુત્રોની કત્લ કરવામાં આવી, છતાં પણ તેઓ મક્કમ રહ્યાં. આવી કુરબાની જોઈ રાવળના માણસોને પણ થયું કે ત્યાં છચ્છર લાગતો નથી, એટલે તેઓ ચાલી નીકળ્યા. એમના ગયા પછી કુંવરો સહિત છચ્છર ત્યાંથી નાસીને ચરાડવા આવ્યો. ત્યાં ગોરજી માણેકમેરજીએ તેમને શુકન આપ્યા અને દહીંસરામાં પરણેલી લાખિયાર વીયરાની એક સુતારણે તેમનું સ્વાગત કર્યું. ત્યાંથી તેઓ અમદાવાદ પહોચ્યા. ત્યાં શિકારની એક સહેલગાહમાં ખેંગારજીના અતુલ પરાક્રમથી અમદાવાદનો સુલતાન ખેંગારજી ઉપર નવાજી પડ્યો, અને સુલતાનના આશરાથી ખેંગારજીએ પોતાની હકૂમત કચ્છમાં ફરી જમાવી. આમ, છચ્છરની સ્વામીભક્તિ, કકલની કુરબાની અને ખેંગારજીની બહાદરીથી કચ્છમાં જાડેજા સત્તાની પુનઃ જમાવટ થઈ. હવે જામ રાવળને બાડામાં ટકવું અસંભવિત લાગતાં તે કચ્છ–કંઠારનાં કેટલાંક ગામો તુમેર ચારણોને દાનમાં દઈ હાલાર તરફ ભાગી છૂટ્યો અને ત્યાં જામનગર–નવાનગર વસાવ્યું. પછી સંવત ૧૬૦૫માં ભુજ કચ્છની રાજ્યધાની બન્યું ત્યારે તેમણે લાખિયાર વીયરો ચારણોને દાનમાં આપી દીધું.



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

ઇટાલીનો એક પ્રખ્યાત ચિત્રકાર સેગંટીની, એની પૌત્રી ડૉ. હાન્સ ઝ્બીન્ડનને પરણી હતી. બંને પ્રણયપંથનાં સુખી પંખેરુઓ. હેર હાન્સની કલમ, જોરદાર જર્મન ગદ્યને મુલાયમ અને રોમાંચક, બનાવવા માટે જાણીતી થઈ ગઈ હતી. ઓછાબોલો, મહેનતુ, સમયની ભારોભાર કિંમત જાણનાર, ને એથી યે વધારે શબ્દોનું મૂલ્ય આંકનાર. એની સાથે એક સાંજે ધીરુભાઈના નિવાસની પડખેની સુંદર લૉનમાં અમે ચા પીતા બેઠા હતા, અને એના હાથમાં મધુરીબહેને અંગ્રેજીમાં ગાંધીજી પર લખેલા નાનકડા પુસ્તકનાં ટાઇપ કરેલાં પાનિયાં હતાં હતાં. એ ગંડળીનાં બેનનો જાણીતો પ્રકાશક બકે લાંગ પણ હતો. હેર હાન્સ એ અંગ્રેજી લખાણનો પોતે કરેલો જર્મન અનુવાદ વાંચ્યે જતો હતો: જાણે કોઈ નિર્મળ જળનું ઝરણું ખળખળ વહી જતું હતું. લાંગ પાસે એણે એક દિવસ મૂળ લખાણ જોયું અને એ વાંચવા લઈ ગયો. બે પાંચ દિવસ પછી એ વાંચ્યા વિના જ પાછું મોકલવાનો વિચારતો હતો, પણ એક દિવસ એ લઇને તે બેઠો, અને ગાંધીકથામાં એવો તો વણાયો, કે એકાસટે એનો અનુવાદ જ કરવા પ્રેરાયો!

એક મોહનદાસ ગાંધીનું ખૂન થયું. એ ગાંધી કોણ હતા? પછી ઊપસતા કોયોગનાં ચિત્રો. ફિલસૂફો તો બહુ થયા, પણ કહ્યું એટલું જાતે આચરનારા કેટલા? એકલા મહાત્મા જ. અને એથી જ એ 'મહા-ત્મા.' એનો સત્યનો આગ્રહ તે શું,...એ બધાંથી હાન્સનું મન વેધાયું. નમ્રવેધક શૈલીમાં એણે એનો અનુવાદ કર્યો, અને હવે એ અને લાંગ એને કઈ રીતે છપાવવું એની ઝીણીઝીણી વિગતો ચર્ચી રહ્યા હતા.



એ પુસ્તકનું નામ (અંગ્રેજીમાં) Living with Gandhi. ગાંધીજીનાં સુંદર સફાઈદાર ચિત્રો સાથે પ્રગટ થએલા એ નાનકડા પુસ્તકે (જુઓ બાજુમાં એના પૂઠાનું ચિત્ર) યુરોપમાં જર્મન વાંચનારાઓની જિજ્ઞાસા જગાડી મૂકી. પુસ્તક તરત જ લોકપ્રિય થયું.

વળી તે જ સાંજે બીજી પણ વાતો થઈ. ત્રણ દિવસ રહી એ અમને બધાને *બાઝલ લઈ જવા આવ્યો.*

બાઝલમાં એવું તે શું હતું કે ફરી વાર બાઝલ? એની જૂની ઢબ-ઢબ? કે નવું શહેર? કે યુનિવર્સિટી? કે અજાયબઘર? કે અજબ એવો રાઇનનદીનો કાંઠો? શું જોવા અમે જવાના હતા?

સ્વિટ્ઝર્લૅન્ડના દેશ બહાર કામધંધે લાગેલા વતનીઓમાંથી ભારતમાં કામ કરનારાઓની પણ સારી સંખ્યા છે. કોઈ દવા વેચે તો કોઈ સંચા વેચે. કલાકારીગરીના દાગીના તો ભાગ્યે જ કોઈ વેચે; પણ એવા નમૂના સંઘરવાની વૃત્તિ તો એમની ખરી. અને એમાં એ વેપારી બચ્ચો પાછો છેતરાય નહિ. બાઝલના મ્યૂઝિયમની એક વિશાળ પરસાળમાં એક શાનદાર મેળાવડો હતો. પંડિતો, જ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ, નિષ્ણાતો ત્યાં એકઠા થવાના હતા. છેલ્લાં દસવીસ વર્ષમાં જે સ્વિસ વતનીઓ હિન્દમાં રહી, પોતાને માટે ભારતની જુદીજુદી શૈલીનાં મિનીએચર પેઇન્ટિંગ (નાના કદનાં ચિત્રો) ખરીદેલાં, તે બધાંનું પ્રદર્શન ભરાવાનું હતું, અને ધીરુભાઈ દેસાઈને હાથે એનું ઉદ્ઘાટન થવાનું હતું. હાન્સ અમને એ પ્રસંગનું ઈજન આપવા આવ્યા હતા.

તો ચલે ફિર બાઝલ! ડૉ. સારાસીનના રહેઠાણે સલામી આપી મ્યૂઝિયમમાં ખાસ શણગારેલા એક વિભાગ આગળ અમે પહોંચ્યા.

શું જોયું? કોઈએ બે તો કોઈએ બાર, જેણે જેણે ભારતમાં રહી કેવળ શૉખ ખાતર પોતાને ખરચે ભારતની વિધવિધ શૈલીનાં ચિત્રો ખરીદ્યાં હશે, એ બધાએ એક વાર એકઠા થઇ એકરો કર્યો કે આ ચિત્રો વ્યક્તિગત દરેકને ત્યાં રહે એમાં જનતાને શો લાભ? એટલે ચની, એ બધા આપણે એકઠા કરી એને સુવ્યવસ્થિત રીતે ગોઠવી દઇએ, એક ખાસ અલાયદો વિભાગ બનાવીએ, અને જાહેર જનતાને એ જોવાનો લાભ આપીએ. એમ અઢીસોથી ત્રણસો ચિત્રોનું સંગ્રહસ્થાન અહીં યોજાયું હતું. વળી, અહીંની પ્રજા તો જોશે જ, ઉપરાંત મુસાફરોને પણ જોવાનો લાભ મળશે. અહીં કાંગડા, રાજપૂત, મુઘલ, વૈષ્ણવી વગેરે શૈલીના વિધવિધ, સુન્દર, અને કેટલાક તો વળી વિરલ નમૂનાઓ મૂકેલા હતા. એ બધા અસલ? હા, અસલ. મૂળ ભારતના? હા જી, ભારતના. કોઈ ચોટ્ટાઓએ ભારતમાંથી વેચ્યા હશે ત્યારે જ પરદેશ પહોંચ્યાને? એવા દાખલા આપણા દેશમાં ક્યાં જાણીતા નથી? પૂછો સારાભાઈ નવાબને, ઠીક વાતો કહેશે. કેશવલાલ ધ્રુવ સાહેબે મહા મહેનતે મેળવેલું 'વસંતવિલાસ'નું ઓળિયું કેવી સિફતથી એક જાણીતા કલાવિવેચકને હાથે અમેરિકામાં વેચાયું એનો ઇતિહાસ પૂછો શંકળદાસ પકવાસાને, જેમણે કેશવલાલ ધ્રુવની બાંહ્યધરી લીધી, અને કજિયાનો ચુકાદો આખરે ભુલાભાઈ દેસાઇને હાથે કેશવલાલ ધ્રુવની તરફેણમાં અપાયો. કેશવલાલ ધ્રુવને તો એ ઓળિયું પરદેશ વેચાયું એનો જે કારી ઘા લાગ્યો તેની મરતાં સુધી ચિચિયારીઓ એણે પાડયા કરી. ભુલાભાઈએ ચુકાદો આપ્યો કે વેચાણની ઉપજેલી રકમ ધ્રુવ સાહેબને પરત કરવી. ધ્રુવ સાહેબ તો ન જીવ્યા, અને રકમમાં એમને રસ નહોતો. અમૂલ્ય ઓળિયું પરદેશ ગયું તે ગયું. એનો રંજ એમને રહ્યો તે રહ્યો જ. એક બાજુ એ રંજ, ભારતની કલાસમૃદ્ધિ પ્રત્યેનો પ્રેમ; ને બીજી બાજુ ભણેલા-કલાને નામે એ વેચી પૈસા લેનાર પોતાને કલાવિવેચક કહેવડાવનાર; અને ત્રીજી દિશામાં અહીં પરદેશમાં ભારતની કલા સૌકોઈ જુએ અને એનો લાભ લે એ માટે પરદેશીઓને હાથે અંગ્રેજોમાં આલીશાન આ મ્યુઝિયમ! અને એનું ઉદ્ઘાટન ધીરુભાઇને હાથે! જાતજાતના વિચારો મગજમાંથી પસાર થઈ ગયા.

ધીરુભાઈએ ફ્રેન્ચમાં કંઈ કહ્યું. પછી ત્યાંના કલાવિવચકોએ ભારતની વિધવિધ ચિત્રશૈલીઓની ખાસિયતો બતાવી અંજલિ આપી, ને જે લોકોએ પોતા માટે ખરીદેલાં ચિત્રો અહીં સંગ્રહસ્થાનમાં એકઠાં રાખવા અર્પણ કરી સહકાર આપ્યો એ સૌનો આભાર માન્યો. અને આપણે ત્યાં? આપણે ત્યાં હજી ભોંયરેપટારે કંઈ અનુપમ સંઘરો સડતો પડયો હશે, પડી રહેશે, કચરો ગણાશે, એને ઊધઈ ખાશે, દયાભાવનાથી

એ ઓબઈના નાશ નહિ કરાય, ક્તરણ કે કોઠરી. કંધારી દિહારો, ખુંદારો, વાંદા-કરોળિયા કાનખજૂરા-સાપોલિયા ગરોળા-ઉંદરડાના એ ઘરદરબારો બનશે, પણ એને લોકલાભ માટે વ્યવસ્થિતરીતે મૂકવાનો પ્રબંધ કરવાની વાત પણ કરીએ તો તે હાસ્યાસ્પદ લેખાશે. શરમ આવે એવા દાખલાઓ બન્યા છે. હવે એને કોઈ ચોટ્ટાઓ ચોરીને બજાર વેચવા ન જાય તો યે ખુશનસીબ માની સંતોષ લેવો!

ડૉ. હેર હાન્સ ઝબીન્ડનની આ મહેનત, અને એની વહુની એને હૂંફ. બંને એટલાં આનંદી હતાં કે ન પૂછો વાત! ભારતની વિધવિધ શૈલીનાં મિનીએચર ચિત્રો જોવાં હોય તો ક્યાં જવાનું તે યાદ રાખજો! ભારતમાં નહિ, હં! બાઝલ, સ્વિટ્ઝરલૅન્ડમાં.

સ્કાર્પા એક અજબ વ્યક્તિ અમે જોઈ. તે દિવસે અમે લુગાનો ગયા હતા. લુગાનો એટલે ઈટાલીની સરહદ. અહીંના સુંદર તળાવનાં પાણી બંને દેશને અડે. અહીં સૂરજ સારો ચમકે, રેતી સારી ધખે. નજીકમાં આલ્પ્સ ઠીકઠીક ઝગમગે; એટલે ત્યાં રોમાન્સ શોધનારા સારા પ્રમાણમાં વલખે!

અમે હતા તો ત્રણ: ડૉ. હોમીઆર દસ્તુર. સોલી બાટલીવાળા ને બન્દા.–ત્યાં અચાનક સ્કાર્પાએ મોટેથી બૂમ પાડી, ને તળાવનાં પાણી ખળભળ્યાં! સ્કાર્પા સોલીભાઇનો દોસ્ત. એ ઈટાલિયન સજ્જને હિંદમાં દસેક વર્ષ રહી કૉન્સલ જનરલની ફરજ બજાવી હતી. એની સાથે એનો એક દોસ્ત હતો: તગડો, ગઠ્ઠ, ચબરાક, લઠ્ઠ. અમેરિકાના કોઇ રૅન્ચમાં માણસોને ઉઠાવી જનારના જેવા સિનાવાળો સિનાર, જીવ હથેલીમાં લઈ ફરનાર, મોતને પડકારનાર... જેને એક વિશેષણમાં નહિ પતાવી શકાય એવો. કાબો, માથા, દાગીનો, દાંડ, ગઠિયો, પઠ્ઠો, એવા બધામાંથી થોડીઘણી માત્રા મેળવી ઘડાએલો. લુગાનોને સામે પાર ઇટાલીની સરહદ. ત્યાં એક કાસીનો (જાહેર જુગારનું ધામ) ચાલે, અને એટલા ભાગમાં પાસપોર્ટ વિના જઈ શકાય. ત્યાં સ્કાર્પા કહે–ચાલો આવવું હોય તો! સ્કાર્પાનો સાથીદાર એ કાસીનોનો માલિક. એ બંનેના હુમાણને વશ થઈ અમે હોડીમાં ઊપડ્યા!

કાસીનાના એક ખૂણામાં ત્યાંની રંગત જોતા બેઠા એટલામાં તો એનો માલિક સિનાર એકાએક છૂ થઇ ગયો! અને અમારા ટેબલ પર ઠંડાં મીઠાં પીણાં અને ખાવાનું ખડકાયું. એ ખાધાપીધા પછી સ્કાર્પા અમને જુગારના ચકરડા પાસે લઈ ગયો. સોલી કહે કે આ ભાઇને બધી સમજ પાડો. અને એણે એનું શાસ્ત્ર સમજાવ્યું. અહીં આપણા સિનાર ચટકદાર જૅકેટને, ગળે બાંધેલા રંગીલા રૂમાલ સાથે અનોખી રીતે આંખ ફેરવતો ઊભો હતો. જુગારીઓનો ઠીક અડ્ડો જામ્યો હતો. પૈસા મુકાય, નંબરવાળું ચકરડું ફરે; લાગે તો તીર અને તો થાય અમીર; નહિ તો આખરે જાય સઘળાં ચીર અને બને ફકીર. મોન્ટેકાર્લો એ ધંધાનું મોટું તીરથ-કેટલાક રમવાવાળા તો અહીં દ્વારકા કરીને ત્યાં જ પડ્યાપાથર્યા રહે. અહીં પ્રમાણમાં બધું નાનું. દાવ નાનો, રમઝટ નાની, છતાં પલકના છઠ્ઠા ભાગમાં તવંગર થઈ જવાની વૃત્તિનો એટલી જ સતેજ! આ પણ એક રંગ છે; સંસારમાં ચડતી પડતીની ઘટમાળ વિવિધ ક્ષેત્રમાં ચાલ્યા જ કરે છે.

ચકચકિત ખુરશીઓ, ટેબલો, રંગબેરંગી છત્તરો, ખાણાંપીણાં, કોક ખૂણામાં હસવાના ખડખડાટ, સ્ત્રીઓનાં મોઢાં ઉપરના ઠાઠ, એ બધું અમે જોતા હતા એવામાં સ્કાર્પા અમારી નજીક આવ્યા અને સોરાબજીને કહ્યું કે રમવું છે? રમો. પણ અહીં કોના ગજવામાં નોટોના થોકડા ઊછળતા હતા જે! સ્કાર્પા કહે રમો, એક જ વાર રમો; તમે જીતશો; સિનાર તમને જિતાડી આપશે. લઈ જાઓ જેટલા હાથમાં આવે તેટલા. એની ભલમનસાઈ અમને પરવડે એમ નહોતી, એટલે અમે તો ના જ કહ્યા કરી. સોલીએ કહ્યું કે આ સાહેબને જરા આખી ઘટમાળ દેખાડો.

તરત અમને એ ચકરડા નજીક લઇ ગયો. દાવ ખેલાયો. સિનાર એક ઠેકાણે ઊભો રહે અને એની આંખના પલકારા દૂકી બારાખડી બોલે. એની કીકી હાલે તે પ્રમાણે ચકરડું ભમે ઘૂમે, અને એ સંજ્ઞા કરે તે જ આંકડા પર—જેના પર એની કૃપાદૃષ્ટિ ઊતરે એના જ પર–, અથવા બધાને જ વા ખાતા કરી મૂકવા હોય તો તે રીતે–ચકરડું ચલાવનાર આબાદ આંકડો લઇ આવે! એમાં શી કારીગરી હશે કેવી ન પકડાય એવી કળો કે છટકબારીઓ હશે એ તો પ્રભુ જાણે, પણ એ જોવાની ઠીક ગમ્મત પડી! આ એ જ સ્કાર્પા જેણે મિલાનમાં જાણીતા ઑપેરેટિક સંગીતના લેખક વર્દીના ઘર પાસેના ચોકમાં છડેચોક, મ્યુસૉલિનીને પથ્થરે પથ્થરે ટીપ્યો હતો,—એણે તથા એના સાથીદારોએ. પછી તો જાહેર ટોળાંએ મ્યુસોને મારીમારીને એનો છૂંદો કરી નાખ્યો હતો. આપણા સિનાર પણ એમાં શામેલ હતા. રાજકીય ક્ષેત્રમાં ઊંચે ચડાવનાર નીચે પણ પછાડે છે, એમ જ આ આંકડાના ચકરડાના ખપ્પરમાં પણ જે અટવાયો તે ઊખડ્યો જ જાણવો. સિનોરની આંખો એટલી વેધક, ઊંડી, તીખી અને તેજીલી હતી કે એ જોઈ અનેક જાતના વિચારો મગજમાંથી પસાર થઇ જતા હતા.

અમે એ સંબંધેની વાતો ગુજરાતીમાં કરી રહ્યા હતા, તેમાંના બેચાર બોલ એને કાને પડ્યા એટલે એ અમારી નજીક આવ્યો, જરા હસ્યો, સહેજ વાંકો વળ્યો અને બોલ્યો, 'અમે કંઈ સ્વિસ લોકો નથી. ઝ્યુરિકમાં વર્ષો પહેલાં મ્યુસો સાધારણ માણસ હતો ત્યારે એણે ત્યાં ચોરી કરેલી એટલે એ લોકોએ એને જેલમાં પૂરેલો. પછી એ કૉમ્યુનિસ્ટ થયો, અને આખરે આખો ઇટાલી ચોરી બેઠો. વેન વૉત હૅપન્સ!



નીચે બેઠેલાઓમાં જમણી બાજુ બેઠેલા ગાંધીજી-લંડનમાં વિલાયતી અન્નાહારી (વેજિટેરીઅન) સોસાયટી: શ્રી મધુરીબહેન દેસાઈના જે પુસ્તકનો ઉલ્લેખ આ હપતામાં આવે છે તેમાંનું આ ચિત્ર છે. જાન્યુઆરીના પૂઠા ઉપરનાં ત્રણ ચિત્રો પૈકી ગાંધીજીનું ઉત્તરાવસ્થાનું તથા અવસાન સમયનું, એ બંને ચિત્રો પણ આ જ પુસ્તકમાંથી લીધેલાં હતાં.

ધિસ હૅપન્સ. સ્વિસે એને બરાબર પાઠ ભણાવ્યો હોત તો મારી મહેનત બચી જાત.' એમ કહેતાં તો એની આંગળીમાં જાણે જગત મસળાતું હતું! એ સિનોર હજી યાદ આવે છે. અને એના દોસ્તની ચમકદાર આંખોના અણસારા. એની મુઠ્ઠીમાં મ્યુસો જેવા કંઈકને મસળવાની શક્તિ. છતાં સ્થિતપ્રજ્ઞ જેવું મોં; અને એનું છટાદાર વ્યક્તિત્વ. ડૉ. હોમિયાર પાછા ફરતાં રસ્તે મને કહે, 'સિનોર જો એની આંખ આપવા તૈયાર હોય તો તને, દીકરા, એની આંખ ગ્રાફ્ટ કરી આપું! પછી, સાલી, ચન્દ્રવદનનો સીનો જોઈ લે! એવા સિનોર બનાવી દઉં કે ભલભલા...'

દેશના આ છેડાથી પેલા છેડા સુધીમાં આવતાં લગભગ બધાં જ શહેરોને ખૂંદી વળે એવી જાતની અનેક મોટર-કોચ-ટ્રિપોમાંથી એક સફરમાં અમે પણ ત્રણચાર દિવસની મુસાફરીએ નીકળી પડ્યા હતા. ધૂળનું નામનિશાન નહિ અને રસ્તે એકાદો શોધ્યો ખાડો પણ જડે નહિ. ઉપરાંત ચારે બાજુ લીલુંછમ એટલે આંખ પણ ઠરે. એ હિસાબે ત્યાંના પ્રવાસમાં અચાનક સાંપડેલા મારા સાથીદાર ડૉ. હોમીઆર દસ્તુરે ઝીણવટથી બધી વિગતો નક્કી કરી આખી ટ્રિપ ગોઠવી કાઢી હતી. મૂળ તો હું આંખને કામે એ તરફ ગયો હતો, અને જીનીવા, લૉઝાં, ઝુરીક અને બેર્નના નિષ્ણાત આંખના દાક્તરોને મળી લીધું હતું. એવી મુલાકાત દરમિયાન મારી આંખો તપાસાતી ત્યારે ડૉ. દસ્તુર હમેશાં હાજર રહેતા, માયા મમતાથી ત્યાંના ડૉક્ટરને વિગતો સમજાવતા, પણ વળી ફુરસદ મળતાં તરત ટ્રિપની વિગતો ગોઠવી કાઢતા. ડૉ. ગોલ્ડમાની ઑસ્પિટાલમાંથી બહાર નીકળતાં જ એણે નકશો હાથમાં મૂકી દીધો: 'લે દીકરા! કાલ સવારના સાડા પાંચે આપણે નીકળશું. બધો ટૂર રૌ ટૅાક આઉટ કીધો છ: બર્નથી થૂન, ઈન્ટરલાકન. લુઝર્ન. ને ત્યાંથી છેક સેંટમોરિત્ઝ ને ઝુરીકને રસ્તે પાછા. સાથે કાંઈ જ લેતો ના, ફક્ત ગરમ કપડાં-ટોપી લઈ લેજે. બેવાર આલ્પ્સ ઓળંગવાનો છે. અને બરફના પહાડ કુદાવતાં નેપોલિયનના શું હાલ થએલા તે જાનેચને? માટે સંભાલજે. ચાલો, ટટા! કાલ સવારે...'

ત્રીસેક જણાની ભરચક અમારી કોચ હતી. એમાં અમે બે ઉપરાંત બીજા બે હિન્દી બાનુ પ્રવાસીઓ, બાકી બધો શંભુમેળો: કોઈ ડચ. કોઈ જર્મન, કોઈ ફ્રેન્ચ, થોડા સ્કૉચ, બે અમેરિકન તો એક વળી નોર્વેનો. એવો તરેહવાર શંગારભરેલો હતો. એમાં એક મૂંગો ને બહેરો પણ હતો. સાતઆઠ બાઈઓ, અને બચ્ચાંકચ્ચાંમાં એક પણ નહિ. એવો અમારો રસાલો બરાબર છ વાગે આરસજેવા રસ્તા પર સરક્યો.

બે વાર આલ્પ્સની અટારી વીંધી. ચારે બાજુ બરફ! ખરેખર, નેપોલિયનના લશ્કરના કેવા હાલ થયા હશે! અને આજે અમે કાચથી બંધિયાર મોટરમાં ખાસ્સા હસીરમી હિમપગથારો ઓળંગી જઈએ છીએ! ઠીક. ત્યાં પશ્ચિમે એક દિવસ અમને ર્હાઈન નદી ભેટી. નદી એટલે નદી, પછી તે ગંગા કે નર્મદા હો, વૉલ્ગા કે ર્હાઈન હો આસપાસના લોકો ***એનાં ગીતો તો ગાવાના જ; લોકસંગીત***માં એની કથા તો ગૂંથવાના જ; એની આસપાસનો પ્રદેશ વહાલો લાગવાનો જ. ર્હાઈનલૅન્ડ માટે કંઈ ઓછાં લોહી રેડાયાં છે?

પણ આ નદી ન્યારી છે. ગજરનાન તો છે જ, પણ પાણી સ્વચ્છ અને ઠાવકાં છે. એનાં પાણી તાલબદ્ધ વહ્યાં જાય છે. કાંઠાના પ્રદેશને તાજગી આપતાં રહે છે. લગભગ આઠસો માઈલ લાંબી આ નદીમાં પાંચસો માઈલનો પ્રવાસ લૉંચમાં સહેલાઈથી થઈ શકે એમ છે. આસપાસના જૂના કિલ્લાઓ, ખંડેરો, લીલોતરીભર્યાં ખેતરો, અને દરાખના માંડવાથી લચબચ એની ડુંગરીઓ સહેલ કરતાં જોતાં મોજ આવે છે. ર્હાઈનલૅન્ડ પર દારૂ માટેની દ્રાક્ષ સૌ પહેલાં રાજા શાર્લેમૅન ઉગાડી, અને દર વસંતઋતુમાં ચાંદનીમાં હજી રાજા શાર્લેમૅનનું ભૂત દરેક માંડવે દરાખ રસભરી ઊગે એવા આશીર્વાદ આપવા ભમતું રહે છે એવી દૃઢ માન્યતા ત્યાં પ્રવર્તે છે!

હાજી, ર્હાઈનલૅન્ડની પ્રખ્યાત દરાખો પણ ચાખી; ઠીકઠીક માંડવાં ઘૂમ્યા; એની માવજત, એના ઉછેર. એની દરકાર પ્રમાણ્યાં. આવી સફરોમાં પહેલે દિવસે મુસાફરો પરસ્પરમાં જરા અક્કડ રહે છે. પણ ધીમેધીમે આપોઆપ હળ ભાંગતાં ઓળખ વધે છે, છૂટાંછૂટાં જૂથો ભેગાં થતાં ને નવાં બંધાતાં જાય છે.

એકદિવસ લંચના સમયે એલ્મર લોર્ગે ને એની સાથીદાર લેટિટાને દસ્તુર સાહેબે દસ્તુર મુજબ મારે માટે કંઈ ભારેની ઓળખ આપી દીધી, એટલે સવાલની ઝડી મારા પર વરસી. એલ્મર, એ જ બહેરો; પણ બીજા વાતો કરે તે, ઓછું સાંભળવા છતાં વાતના દોર હોઠના ફફડાટ ઉપરથી ઠીક પકડતો રહે! પછી તો મોટરકોચમાં તે અમારી ભેગો બેઠો અને રાતના ઉતારા સુધી તો દોસ્તી સારી જામી ગઈ.

લેટિટા નાજુક અને માર્દવભરી હતી. લેટિટાનું આપણે લલિતા કે લતિકા કરીશું? પણ એ ચાંપલાશ જવા દઈએ. વેવલાઓ 'મો ટેસોરો'ને આપણે ત્યાં 'રાત્રેશ્વરી' નથી કહેતા? લેટિટા દેખાવડી હતી કે આકર્ષક હતી એનો નિર્ણય કરતાં પહેલાં એ કેટલી રૂપાળી છે એ જ આપણે જોતા રહીએ. રૂપાળી એટલે ઘાટીલાંગોવાળી. એકેએક અંગ ઘાટીલું, સુરેખ અને છતાં કસાએલું. વાતમાં જ ખબર પડી કે એ નર્તિકા હતી. લેટિટા કદાચ એનું ખરું નામ પણ નહિ હોય. એલ્મર અને એ મહિનામાસ માટે આરામ અને સહેલગાહ માટે નીકળ્યાં હતાં. મોડા સાંજે અમે આલ્પ્સની ગોદમાં સેંટ મોરિત્ઝ પહોંચવાના હતા. ત્યાં જમી ત્યાંના એક સારા હોટેલમાં આરામ કરી બીજે સવારે પાછા નીકળવાના હતા. સૂચના એવી સળવળી રહી હતી કે લેટિટા રાત્રે ખાણા પછી નાચ કરે! ડૉ. દસ્તુર પહેલાં એલ્મરને હાથમાં લેવામાં માનતા હતા. હોટેલમાં હાથમોં ધોઈ સૌસૌના રૂમ તપાસી જમણ લેવા બેઠા ત્યાર પહેલાં તો સૂચના લગભગ જાહેર થઈ પણ ગઈ હતી. પેલા અંગ્રેજો જ અતડા રહ્યા હતા. પણ ફ્રેન્ચ જોડી તો મૅનેજર પાસે જઈ સગવડભરી જગ્યા માટે નક્કી પણ કરી આવી હતી! અલબત્ત, સાજમાં તો રેકોર્ડ પર જ આધાર રાખવાનો હતો.

બહાર અથાગ ઠંડી હતી. બરફના ડુંગરા બારીમાંથી પરીલોકની યાદ આપી રહ્યા હતા. એલ્મરે પોતા માટે મોઝલની એક બાટલી મંગાવી. એણે ર્હાઈનલૅન્ડના એ સર્વોત્તમ ગણાતા વાઈન વિષે એક તાજગીભર્યું ભાષણ આપી દીધું! ત્યાર બાદ એ જમતાંજમતાં જ વાતે ચડ્યાં. મુંબાઈ, મદુરા, બનારસ વગેરે સ્થળોની એની મુસાફરીનાં સ્મરણો એણે સંકોરવા માંડ્યાં. લેટિટા બે હાથમાં મોં ગોઠવી કોઈ ગુરુને સાંભળે એમ શિષ્યાભાવે બધું સાંભળી રહી. એલ્મર વચ્ચે સવાલો પણ પૂછતો જતો, અને સંતોષાતો તો વાત આગળ ચલાવતો. નહિ તો મુદ્દો છાણી એનું છેવટ તારવવા મથતો.

જમ્યા પછી એકાએક ટાઢ વધી પડી. ***પૂરતું ગરમ કપડું સાથે ન*** હોવાને લઈને કે કેમ, પણ અરધા ઉપરાંતના તો પોતપોતાની રૂમમાં ખાતાં ગયાં. અંગ્રેજ બેઠા રહ્યાં. લેટિટા પડખે રહી. ડાક્ટર અને બીજા એકાદ બે એ ટેબલ પર એની વાતો સાંભળતા બેઠા. એમાં તો અંતે એકલા ડાક્ટર જ રહ્યા. ઠંડી વધતી હતી એમ એલ્મરની થીજેલી જીભ ઓગળતી હતી, અને એના રસપ્રવાહમાં લેટિટા તણાતી હતી. અમારી કલ્પના સામે એલ્મર લોર્ગેની જિંદગીની એ કવની સાંભળતાં જાતજાતની તસ્વીરો ચળકતી હતી. એ ***અજબ કથા આવતે મહિને.***

પચ્ચીસ વર્ષ પહેલાં

ફાગણ '૮૫ અંક ૬૩

જાતીય પ્રશ્નો જેવા નાજુક અને યુવાનોના જીવનમાં અગત્યના વિષય પર શ્રી હરભાઇ ત્રિવેદીના લેખોના પ્રસ્તાવરૂપ તંત્રીએ વાચકો સાથેની વાતચીતના વિભાગ 'મિજલસ'માં આજથી પચીસ વર્ષ પર દર્શાવેલા નીચેના વિચારો આજે પણ વિચારણીય છે :

'જાતીય પ્રશ્નોની ચર્ચા એટલે શરીરની નગ્નતા અને ઢાંકેલા અવયવોની જ વાત, એવું ઘણા માની બેઠા હોય છે. પરિણામે જીવનની મહત્ત્વની બાબતો પર સમાજમાં કાયમ પડદો રહે છે ને જે વિષયનું જ્ઞાન દરેક જણને બહુ સ્પષ્ટરીતે સમજણપૂરક મળવું જોઇએ તે વિષયના કઢંગા ખયાલો દરેક જણ ગમે તે રીતે મેળવીને અનેક ભૂલોમાં ગોથાં ખાતાંખાતાં ઘણે વર્ષે સાચી સમજ મેળવે છે.

નગ્નતા જ દૂષણરૂપ હોત તો નાનાં બાળકો શરીરના કોઇ પણ અવયવ ઢાંક્યા વિના રખડતાં દેખાય છે તેમને જોઈ સૌ શરમાત. જાનવરોનું કોઈ પણ અંગ કે ક્રિયા ગુપ્ત હોતાં નથી અને સંસાર તેનાથી શરમ પામતો નથી. છતાં જ્યારે પણ મોટાં માણસોને શરીરની ગુપ્ત ક્રિયા કે અવયવ વિષે કહેવાનું હોય છે ત્યારે તે અગાધ શરમના ભારથી માત્ર સંકેત કરતાં પણ અચકાય છે એ શું સૂચવે છે? કે આપણે શરીરના સ્વાભાવિક ધર્મોને પણ પાપની છાપ આપી છે. શરીરના ઢાંકેલા અવયવો પણ, સામાન્યતઃ નાક, આંખ, મોં વગેરે જેવાં દ્વાર માત્ર છે. એ અવયવો મારફત શરીરની ક્રિયાઓ રાત-દિવસ દરેક જણને કરવી જ પડે છે અને દરેક જણને તેના અસ્તિત્વનું પ્રબળ ભાન પણ હોય છે. એ અવયવોમાં કોઈ જ પાપનો ઉદ્ભવ નથી થતો. માણસો જ ભૂલથી એક પ્રકારને બીજામાં ભેળવી દઇને બંનેને સરખા દોષિત ઠરાવે છે.'

ભારતે વિસારે પાડેલા એક અનન્ય દેશસેવક પત્રકાર અને બંગાળના અગ્રણી દૈનિકના તંત્રી શ્રી મોતીલાલ ઘોષના પરિચય સાથે એ તેજસ્વી પત્રની આપેલી કથામાંથી થોડા ફકરા :

'બંગાળના એ પાણીદાર મોતીનો જન્મ ૧૮૪૫માં બંગાળાના જેસોર નામના નાના ગામમાં થયો હતો. મોટાભાઇ શિશિરકુમારની સાથે જ મોતીલાલ નાનપણથી રહેતા. ઈ. સ. ૧૮૬૮માં એ ભાઇઓએ એક પત્ર કાઢ્યું. માતૃવત્સલ પુત્રોએ માતાના નામ પરથી એનું નામ 'અમૃત બઝાર પત્રિકા' રાખ્યું. કેટલાક ઘસાએલા ટાઈપ, લાકડાનું પ્રેસ વગેરે હાસ્યપાત્ર સામગ્રીથી આ સાપ્તાહિક નીકળવા માંડ્યું. તે વખતે કોને કલ્પના હશે કે એ જ પત્ર વખત જતાં સ્વરાજની રણહાક્લ વગાડશે, જુલ્મીઓનાં હૃદયમાં ત્રાસ વર્તાવશે અને સમસ્ત દેશમાં માનીતું થઈ પડશે! છતાં એ ચાર મહિનાની ટૂંક મુદતમાં તો આ કુમળું બાળક એક મૅજિસ્ટ્રેટે માંડેલા 'નામોશી'ના આરોપના ભોગ થઈ પડ્યું. કેસ આઠ મહિના લંબાયો. છેવટે ઘોષ ભાઈઓની જીત તો થઈ, પણ તેઓ પૈસેટકે બરબાદ થઈ ગયા. પરંતુ વિઘ્નોના પ્રહાર પડ્યા છતાં એ પત્ર નાશ ન પામ્યું. ગમે તેમ કરી પૈસાની આપદા ઓળંગી કલકત્તેથી 'પત્રિકા' અંગ્રેજી-બંગાળી વર્તમાનપત્રના સ્વરૂપમાં નીકળવા માંડ્યું.


જોતજોતામાં તો પત્રિકા નામાંકિત થઈ પડી. કલકત્તેથી પ્રસિદ્ધ થવાને છ માસ થયા તે પહેલાં તો એના મર્માળા હાર્દિક ટીકા, હૃદયમાં છેક પેસી જાય એવા ચાબખા, કટુ હાસ્ય, વિવિધ વાર્તાઓ લખી મનરંજન કરવાની અનન્ય શૈલી,—એ બધી વિગતોએ પત્રિકાને સશક્ત જોમવાળું પત્ર બનાવી મૂક્યું.

એ અરસામાં 'પત્રિકા'ના—બલ્કે આ દેશના પત્રોના ઇતિહાસમાં એક મહત્ત્વનો ફેરફાર થયો. સર ઍશ્લી ઈડન બંગાળાના લેફ્ટનન્ટ ગવર્નર નિમાયા. ટીકા કરીને ત્રાસ આપતાં પત્રો એમને બહુ ખૂંચતાં. આવી કોટિમાં આવે એવાં બે વર્તમાનપત્રો એમની નજર પડ્યાં. 'હિંદુ પેટ્રિયટ' અને 'પત્રિકા', પ્રથમ 'હિંદુ પેટ્રિયટ'ના અધિપતિ ક્રિસ્ટોદાસને મનાવ્યા. પછી એ સાહેબે શિશિરકુમારને પોતાને ત્યાં ખાસ આમંત્ર્યા : 'જુઓ, શિશિરબાબુ, ક્રિસ્ટોદાસે તે કબૂલ કર્યું છે. તમે પણ માનો તો આપણે ત્રણે જણ બંગાળનું રાજ્ય કરીએ. હું કોઇકોઇવાર તમારા પત્રમાં લેખ લખીશ. તમે સરકાર પર લેખ લખો તે પહેલા મને બતાવજો; હું તમારા પત્રની ઘણી નકલો સરકાર પાસે ખરીદાવીશ; ને આમ આપણે ત્રણે એકમેકની સલાહથી બંગાળનો કારભાર ચલાવીશું.'

જેમતેમ કરી રળતા એક પત્રકાર આગળ બંગાળના 'નવાબ' તરફથી આવી લાલચ આવે, ત્યારે સાધારણ રીતે પરિણામ એક જ આવે. પણ શિશિરકુમાર જુદા જ પ્રકારના માણસ હતા. તેમણે એ નામદારનો ઉપકાર માની, જણાવી દીધું કે 'નામદાર, આખા બંગાળમાં એક તો પ્રામાણિક પત્રકાર રહેવા દો!'

પરિણામની બહુ રાહ ન જોવી પડી. થોડા જ વખતમાં ઇડન સાહેબે ધારાસભામાં 'વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ'(દેશી ભાષાઓમાં નીકળતાં છાપાંઓના દમનનો કાયદો)નો ક[...] મૂક્યો અને બને તેટલી ઝડપે પસાર કરાવ[...]

ગુરુવારે 'પત્રિકા' બહાર પડવાની હ[...] છ[...] ઘોષભાઈઓ ચેત્યા કે પત્રિકાને છૂંદવાને [...]જન ઘડાયું. પત્રિકા અરધી અંગ્રેજી ને અરધી [...] ગાળીમાં નીકળતી, એટલે એ કાયદાની જાળમાં [...]ને આવી શકે. પણ ઘોષભાઇઓ માથાના ફરેલ[...] હતા. એક જ દિવસમાં ગમેતેમ કરીને મિત્રો[...] ત્યાંથી વધારાના અંગ્રેજી ટાઇપ મંગાવ્યા[...] છાપનારા આણ્યા, લેખો લખી નાખ્યા અ[...] ગુરુવારે નિયમસર પત્રિકા બહાર પડી! જગ[...] વિસ્મયથી જોયું કે બધો જ ઢંગ ફેરવાઈ ગ[...] હતો! આખું છાપું મથાળાથી અંત સુધી અં[...] ગ્રેજીમાં છપાયું હતું! આમ, આ કાયદામ[...] પત્રિકા છટકી ગઈ. એક જ અઠવાડિયું મોડું થયું હોત તો 'પત્રિકા' હતી ન હતી થઈ જાત.



'અમૃત બઝાર પત્રિકા'ની યશસ્વી કારકિર્દીમાં એક બીજો બનાવ ખાસ તરી આવે છે. હિંદના વાઈસરૉય લૉર્ડ કર્ઝને એક વાર કલકત્તા યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે બોલતાં પૂર્વના લોકો ઉપર અસત્યપ્રિયતાનો ગંભીર આરોપ મૂક્યો. અલબત્ત, બધા પત્રકારોએ અને દેશસેવકોએ તીવ્ર વિરોધ કર્યો. પણ 'પત્રિકા'ની ટીકાથી તો લૉર્ડ કર્ઝન જેવા મહારથીનું પણ હૃદય વીંધાયું. 'પત્રિકા'માં એમનું ભાષણ છપાયું, અને તેની નીચે જ, 'પૂર્વ દેશમાં પ્રવાસ' વિષે લખેલા એમના જ એક પુસ્તકમાંથી ઉતારો છાપ્યો. કર્ઝન સાહેબ કોરિયાના રાજા આગળ કેવી રીતે જૂઠું બોલ્યા હતા તે

પરાક્રમ એ ફકરામાં વર્ણવવામાં આવ્યું હતું!

૧૯૨૨ના સપ્ટેમ્બરમાં એ અનન્ય દેશભક્ત ભારતભૂમિમાંથી 'સુર ઉપવનમાં' ઊડી ગયા અને એક પ્રભુભક્ત, દેશભક્ત, ભ્રાતૃભક્ત નિસ્પૃહી જનની દેશને ખોટ પડી.'

આ પણી એક સરહદના ચોકીદાર સમા ઝિંઝુવાડાના કિલ્લાના શ્રી હરિનારાયણ આચાર્યે આપેલા રસિક ઐતિહાસિક પરિચયમાંથી : ગુજરાતની રાજમાતા મીનળદેવીને પૂરા દિવસ થવા છતાં પ્રસૂતિ થતી ન હતી; કારણ શોક્યોએ જૈન જતી પાસે કામણ કરાવ્યું હતું. પરતુ ચતુર કુળગુરુની સલાહથી રાણી પાટણ તજી યાત્રાને બહાને સોમનાથ ભણી ચાલી, નેવાટમાં રબારીના નેસડામાં વાસો કરી ત્યાંથી ગપ ઉડાડી કે રાણીને કુંવર અવતર્યો! વાત પાટણ પહોંચતાં શોક્યોએ જતીને બોલાવી ધમકાવ્યો, એણે પતીજ પાડવા ઊંબરા હેઠળ દાટેલું જંતર ખોદી કઢાવ્યું. એ હતી એક પાણી ભરેલી કોરી માટલી અને માંહ્ય નાખી'તી દેડકી. મોં કર્યું'તું બંધ. દેડકી નીકળે ય નહિ ને મીનળને છુટકો થાય નહિ. અધીરી રાણીઓએ માટલી ઉઘાડી, કે હડફ કરતી દેડકી ઉછળી બહાર પડી, અને ત્યાં તો પેલા નેસમાં મીનળને પ્રસૂતિ થઇ. આ પ્રસૂત બાળક તે ગુજરાતનો નાથ સિદ્ધચક્રવર્તિ જયસિંહદેવ, અને આ સ્થળ તે ગુજરાતની ઉત્તર-પશ્ચિમે કચ્છના રણની કોરે આવેલું ઝિંઝુવાડા.

આ તો ઘરડાંની વાત. પણ એટલું તો સાચું કે બારમી સદીમાં અણહિલપુર પાટણના બલહાળ રાજાઓના રાજની સીમા પર ગુજરાતનું નાક સાચવતો મોખરે ઊભેલો કિલ્લો ઝિંઝુવાડા સૌરાષ્ટ્ર ને કચ્છના હુમલામાંથી બચવાના પરમ સાધન રૂપ હતો. હજુ પણ સરકારની કસ્ટમલાઈન ઝિંઝુવાડાને ઘસાઈ ને જાય છે.

ઝુઝા રબારીએ આપેલા આશરાના સંભારણામાં મીનળદેવીએ બંધાવેલો આ કિલ્લો ભ્રષ્ટ નામે, ઈતિહાસમાં ઝિંઝુવાડા તરીકે ઓળખાય છે. અમદાવાદથી વીરમગામ અને ત્યાંથી પાટડી સુધી તો હું ને મારી બાઇસિકલ ટ્રેનમાં જ ગયાં. પાટડીથી ખારાઘોડા રેલવેની પગથીએ, ને ત્યાંથી રણમાં, એમ સાઈકલ હાંકી.

ડાબી બાજુએ તો નજર પહોંચે ત્યાં સુધી રણ ને રણ જ. શરદ હોવા છતાં ઝાંઝવાનાં જળ હીલોળે ચડેલાં. વચ્ચેવચ્ચે મીઠાના ... ધોળી દૂધ જેવી ચમક ચમક થતી ... રેતી. જમણી બાજુ આછાં આછાં ય ઝાડપાનવાળો ગુજરાતનો લીલોછમ પ્રદેશ. અને બંનેની વચ્ચે કસ્ટમ્સ લાઈનની પગદંડી. બપોરે બાર વાગ્યે ઝિંઝુવાડા પહોંચ્યો અને દૂરથી ભવ્ય દેખાતા જીર્ણ દુર્ગને જોયો.

ઝિંઝુવાડાની રચના સમ-ચોરસ છે. અખંડિત અવસ્થામાં એની પ્રત્યેક દીવાલ આશરે અરધો માઇલ લાંબી હતી ને તેની વચ્ચોવચ્ચ એકેક દરવાજો હતો. દરેક દરવાજાનું વિશિષ્ટ નામ હતું. ઉત્તરે ધામા પોળ, પૂર્વે નાગરવાડા પોળ, પશ્ચિમે મડા પોળ અને દક્ષિણે રાક્ષસ પોળથી ગઢમાં પ્રવેશ કરી શકાતો. પૂર્વોત્તર પોળોની વચ્ચે એક અનેક-કોણ કુંડ કે તળાવ, ત્રણસો વાર લાંબું અને આશરે એટલું જ પહોળું છે. સ્થળે સ્થળે ઢોર અને ગાડાં ઊતરવાના ખળિયાવાટ તથા માણસો માટે નહાવાધોવાના ઘાટ છે. દરેક ખળિયાવાટને બે મોખરે એકેક નાની ગંડપિકા છે. આખું ય તળાવ હજી ઘણી સારી સ્થિતિમાં સચવાઇ રહેલું છે. તળાવની પશ્ચિમે એક ભાંગીતૂટી વાવ છે. ગઢનું તો કંઇ યે સચવાઈ રહ્યું હોય તો માત્ર એક દીવાલ અને ત્રણ દરવાજા :



મુસલમાન શહેનશાહતે ગઢની વચ્ચે બીજો નાનો ગઢ રચેલો, જેમાં અત્યારનું ગામ વસેલું છે. ઝિંઝુવાડાના ગઢની ખરી મહત્તા તો એના વિશિષ્ટ સ્થાનમાં છે. સ્થાપત્યની નજરે એ ડભોઈ અને ઘૂમલીના ગઢોની જોડે બેસી શકે. ડભોઈ કરતાં એના દરવાજામાં તથા ભીંતોમાં કોતરકામ ઓછું છે, છતાં જેટલું છે તેટલું યે વિચારપૂર્વક ને સુન્દરતાથી કરેલું છે. પરંતુ આથી યે વધુ અસરકારક તો એનું સીમાબંધન છે. એક બાજુ ગુજરાતનો રમ્ય પ્રદેશ ને બીજી બાજુ એના આંગણે જ—ભાગ્યે પાંચસો વાર છેટે—શરૂ થતું કચ્છનું રણ. કેમ જાણે ફરસીથી કોરી કાઢ્યાં ન હોય, તેમ રણ અને રસાળ પ્રદેશ અહીં આગળથી સાવ નોખાં પડે છે!—ગઢની ઊંચામાં ઊંચી જગ્યા રાજમા માતાના ધાબા પરથી આ બધું જોનાર સહૃદયને કંઈકંઈ થઇ જાય છે. ગૌરવથી ઊભેલા આ ગઢના અવશેષોમાંથી હજુ ય એની પ્રાચીન વીરશ્રી નીતરતી લાગે છે, અને લુટારુનાં ટોળેટોળાં પાછાં વળવામાં સહાયભૂત, ગુજરાતનો આ એકલો અટૂલો રક્ષણહાર એની ભૂતકાળની સમૃદ્ધિની કરુણ કથની કહી રહ્યો લાગે છે. ગુજરાતના રાજ્યની પૂર્વદક્ષિણ મર્યાદાનો રક્ષક ડભોઈનો ગઢ અને પશ્ચિમોત્તર મર્યાદા સાચવતો ઝિંઝુવાડા! સમાનતામાં અનેક રીતે બંને સરખા છે.

ઝિંઝુવાડાની પાસે જ રણમાં ઝિલ્લાણંદ નામનું મહાદેવનું રમણીય તીર્થ છે. ત્યાં બારેક માઈલના વનથી ઘેરાએલો નાનો ટાપુ છે. એમાં સજીવ જળવાળા બે કુંડ છે: એકમાં ગરમ પાણી આવે છે, ને બીજામાંથી, આવા રણમાંપણ વીરડી જેવું મીઠું ઠંડું પાણી નીકળે છે! આ ટાપુના છેડે એક પ્રચંડ પથ્થરની છાટ હતી. તેમાં દસેક મણનું લોઢાનું કડું બેસાડેલું. એવું મનાય છે કે જ્યારે કચ્છનું રણ રણ નહોતું બન્યું અને ત્યાં અરબી સમુદ્રની છોળો ઊછળતી ત્યારે ત્યાં આવતાં વહાણ આ ટાપુએ નાંગરતાં અને તેમને બાંધવા માટે આ કડું વપરાતું. હાલ આ પથ્થર જડતો નથી, છતાં ત્રીસચાળીસ વરસ ઉપર નજરે જોનાર મને મળ્યા હતા.'

અ ને હવે એકબીજું અજબ કથાનક:

'લંડનની ટેમ્સ નદીને કાંઠે એક નક્કર પથ્થરનો મિનારો ઊભો છે. આને ત્યાં કિલયોપેટ્રાની સોય કહે છે. એની એક બાજુએ ચોડેલી તખ્તીમાં એ સોયને મિસરના રેતાળ રણમાંથી લંડન લાવવામાં પડેલી વિટંબણાઓનો આ-પેલો ટૂંકો ઇતિહાસ બહુ સરસ છે.


ખ્રિસ્તની પૂર્વે કોઈ દોઢેક હજાર વર્ષ ઉપર નીલ નદીના મુખ પાસે મિસરી સમ્રાટ ફરાહે આ નક્કર મિનારો ઊભો કર્યો કહેવાય છે. જાણવા જેવું તો એ છે કે મિસરી મિસ્ત્રીઓએ આ પ્રચંડ મિનારો, એને ઊભો કરવાની જગ્યાથી ખાસ્સા ૩૫૦ ગાઉ-૭૦૦ માઈલ છેટે કોરી કાઢ્યો હતો! ત્યાંથી એને નિયત સ્થળે લઈ જતાં જે જહેમત પડી હશે જેનો ખયાલ આવવો મુશ્કેલ છે. આ મિનારો તૈયાર થયો ત્યાર પછી પંદરેક સૈકા વીતી ગયા, અને ઑગસ્ટસ સીઝર નામના રોમન સમ્રાટને આ અને એવો જ એક બીજો મિનારો એલેક્ઝાંડ્રિયા લઈ જવાનું મન થઇ આવ્યું! રોમન પ્રજાની ખૂબ વખણાએલી સંસ્કૃતિમાં પણ એવા ઈજનેરો ન હતા જે આ કામ કરી શકે.

કરતી હતી. પણ મિસરના ઈજનેરોમાં આગલું ખમીર ખૂટ્યું હતું, એટલે તેઓ તેને ખસેડી શક્યા નહિ, અને મહારાણીને નામે ઓળખાતી આ સોય, એમ ને એમ અડીખમ હતી ત્યાં જ, આકાશ વીંધતી ઊભી રહી.

વળી પંદરેક સૈકા વીતી ગયા, અને અંગ્રેજો એને પોતાને વતન લાવવા લલચાયા. આ વખતે એનો નીચેનો પાયો ધોવાઈ જઇ એ પ્રચંડ સોય જમીનદોસ્ત થઈ હતી. અંગ્રેજો તે વખતે મિસરના રણમાં જંગ ખેલતા હતા, અને એ જંગને મશહૂર બનાવવા આ સ્થંભ લંડનમાં ઊભો કરવો એમ ઠર્યું. પણ કોઈ વહાણ એ મહાભારત કામ કરવા તૈયાર ન હતું, એટલે એક સાહસિક વાડિયાએ એ મિનારાની આસપાસ વહાણ બાંધવાનો પ્રારંભ કર્યો. એ વિચિત્ર વહાણનું નામ રાખ્યું ક્લિયોપેટ્રા. મિનારો જમીન પર પડ્યો હતો તેની નીચે રેતીમાં ખાઈ ખોદી, મોટાં ધીંગાં લાકડાનાં ચોસલાંઓ ઉપર એને ટેકવ્યો. પછી એની આસપાસ પોલાદની મોટી ગોળ ટાંકી બનાવી દીધી. ટાંકીનાં બંને મોં બંધ કરી, પાણીમાં તે સહેલાઇથી ગતિ મેળવે એવી, મગરનાં મોં જેવી બે કોઠીઓ બે બાજુએ બનાવી. અને ક્લિયોપેટ્રા વહાણ સફર માટે તૈયાર થયું!

એ વહાણને પીપની પેઠે ગબડાવી ગબડાવીને પાણી ભેગું તો કર્યું. પરંતુ એ તો પાણીમાં પણ પીપની પેઠે જ ગબડવા માંડ્યું! એટલે એની નીચે ખૂબ નીરમ બાંધીને, એક જ બાજુ ઉપર રહે એમ કર્યું. ઉપરની બાજુએ થોડુંક બાંધકામ કરી તુતક બનાવ્યું અને ક્લિયોપેટ્રા લંડન જવા નીકળ્યું! મદદમાં ઑલ્ગા નામનું એક મજબૂત 'ટગ' હતું. ઑલ્ગાને વાંઢારે (એટલે પાછલા ભાગે) રસ્સા બાંધી, એ રસ્સા ક્લિયોપેટ્રાને મોરે સિકડી લીધા. આ પ્રમાણે છેડાછેડી બાંધી આ સાહસિક ખારવાઓ દરિયે પડ્યા. ફ્રાન્સના દક્ષિણ કાંઠા સુધી તો મુસાફરી સલામત ચાલી. પણ ત્યાર પછી આવેલા બિસ્કેના ભયંકર અખાતે ક્લિયોપેટ્રાના છેડા તોડી નાખ્યા. હવે મજબૂત મોજાંઓના મારથી આમતેમ અફળાતું ઑલ્ગા ક્લિયોપેટ્રાની સોડમાં જઈ શકે એમ ન હતું. જાય તો એ લોખંડી પીપ જોડે અફળાઇને ભુક્કા થઈ જાય તેમ હતું. ક્લિયોપેટ્રાના તૂતક પર એક અંગ્રેજ નાખુદો અને માલ્ટાના ખારવા હતા. એમના જીવતા રહેવાની આશા ન રહી. એનો બચાવ કરવા જીવને જોખમમાં કોણ નાખે? ઑલ્ગાનો નાખુદો હતાશ થઈ ગયો; અને ક્યારે ક્લિયોપેટ્રા ઊંધું વળી લીઓનાં મોમાં છ બહાદુર જીવોને હોમી દે એ ફાટે ડોળે જોઇ રહ્યો.

પણ ઑલ્ગાનો નાનો માલમ આ ન જોઈ શક્યો. તેણે બચાવ માટે જવા હિંમત ભીડી. એની બહાદુરીથી આશક બનેલા બીજા પાંચ ખારવા એની સંગમાં મોતનો દાવ ખેલવા તૈયાર થયા. આ સાત જવાનો એક નાનકડા મછવામાં કૂદી પડ્યા અને મછવો ક્લિયોપેટ્રા તરફ કાગળની હોડી પેઠે અફળાતો ચાલ્યો. સોડમાં પહોંચતાં જ ક્લિયોપેટ્રાની ઝાપટે છ યે જણને ઘૂઘવતા દરિયા પર પટકી નાખ્યા, અને આ બહાદુર જવાંમર્દોની હસ્તી થોડાક પરપોટામાં નાબુદ થઈ ગઈ! પણ ક્લિયોપેટ્રા પરના નાવિકોને એ મછવો હાથ આવ્યો, ને પોતાના બચાવનારાઓને ખયાલે ગમગીન બનેલા એ ઑલ્ગા પર સહીસલામત પહોંચ્યા. હવે એકલું પડેલું ક્લિયોપેટ્રા જ્યાં મોજાં ઘસડે ત્યાં ઘસડાતું અદૃશ્ય થયું! કેટલાક દહાડા પછી એક અંગ્રેજ વહાણે એને મોજાં ઉપર અથડાતું જોયું, અને દરિયો શાંત હોવાથી એને રસાથી કબજે કરી લંડન આણ્યું. અંદરની સોય કઢાડવા માટે ક્લિયોપેટ્રાને તોડી નાખવું પડ્યું. આજે એ સોય, મિસરની કાબેલિયતની, નાવિકોનાં સાહસની ને એક વિચિત્ર જહાજની તવારીખ સમી, લંડનની નદીને કાંઠે ખડી છે! નીચે એનું ચિત્ર આપ્યું છે.



હાલનું યૂરોપીય વૈદક જ્ઞાન હિંદુસ્તાનના ભૂતકાળમાં અજાણ્યું હતું એ ખરી વાત; પણ વનસ્પતિજન્ય ઔષધિનું જ્ઞાન તો આપણા [illegible] રોગોને મટાડવામાં આ ઔષધિ પ્રમાણભૂત ગણાય છે. આવી ઔષધિઓમાં લીંબુ, નારંગી અને દ્રાક્ષ પણ છે એના ગુણદર્શક ઉતારા :

આપણી તરફ લોકો દાળશાકમાં મીઠાશ લાવવા માટે લીંબુના રસનો ઉપયોગ કરે છે; પરંતુ તેમને ખબર નથી હોતી કે આ દ્વારા તેઓ વિટામિન 'સી' નામનું ઘણું ઉપયોગી તત્ત્વ પોતાના ખોરાકમાં લે છે. લગભગ સૈકા પહેલાં મોટી દરિયાઇ સફરોમાં ખલાસીઓ પિત્તરોગથી પીડાતા. આના ઉપાય તરીકે જમીન પર ઊતર્યા પછી તેઓ લીંબુનો ઉપયોગ છૂટથી કરતા. હવે તો લીંબુનો આ ગુણ સૌ જાણે છે અને દરિયાઈ સફરો કરતું દરેક જહાજ લીંબુ ને બીજાં આમ્લરસવાળાં ફળો જથ્થામાં રાખે છે. આપણામાં લીંબુના અથાણાં કરી રાખવાનો રિવાજ હોય છે. ઉનાળામાં જ્યારે લીંબુની અછત હોય છે તે વખતને માટે આવાં અથાણાં, અથવા હવા દાખલ થઈ શકે નહિ તેવી રીતે લીંબુનો રસ શીશામાં ભરી જરૂર પૂરતો રાખીએ તો શરીરબંધારણમાં ઉપયોગી વિટામિન 'સી' મળી રહે.

વિટામિન 'સી' થોડું થોડું તો ઘણી જાતના ખોરાકમાં રહેલું જ છે; પણ તે રાંધવાની ક્રિયામાં ખલાસ થઈ જાય છે. એટલે તે મેળવવું હોય તો આમ્લરસવાળાં ફળો ખાસ લેવાં જોઇએ. લીંબુ, નારંગી ને દ્રાક્ષમાં તે ઘણા જ સારા પ્રમાણમાં છે; ને એ ત્રણ ફળમાંનું હરકોઇ હમેશાં થોડું થોડું મળતું રહે તો માણસને પૂરતું વિટામિન 'સી' મળી રહે. મોટેરાઓને જુદીજુદી જાતના ખોરાકમાંથી કદાચ આ વિટામિન મળી રહે; પણ નાનાં બાળકોને તે પૂરતું મળતા રહેતું ન હોવાથી ઘણાંખરાં ફિક્કાં, નિસ્તેજ અને દૂબળાં લાગે છે. તેમને વિટામિન 'સી'ની જરૂર હોય છે. લીંબુ નારંગીના એક ચમચા જેટલા રસમાંથી તે જોઈએ તેટલું મળી આવે છે. નારંગીનો રસ બાળકોની પાચનશક્તિ અને શારીરિક વિકાસ સુધારે છે. સ્નાયુઓના વિકાસ માટે આવશ્યક નાઇટ્રોજન પણ આમ્લરસવાળાં ફળોના ઉપયોગથી જોઈએ તેટલો મળી રહે છે. વળી હાડકાંના બંધારણ માટે કૅલ્શ્યમ તથા તે ઉપરાંત ફૉસ્ફરસ, મૅગ્નેશ્યમ અને બીજાં ઉપયોગી તત્ત્વો શરીરમાં મોટા પ્રમાણમાં રહેવા પામે છે. એકલા ખોરાકથી સાધી શકાય તેના કરતાં આ આમ્લરસવાળાં ફળોના ઉપયોગથી વધુ વિકાસ સાધી શકાય છે.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

સેમી-પોસ્ટલ

ગયા અંકમાં વર્ણવેલી 'પ્રો જુવેન્ટ્યૂટ' ટિકિટોની પેઠે એવાં બીજાં લોકહિત કે ધર્માદા-કાર્યો માટે પણ એવી વધારાના પોસ્ટેજવાળી જુદાજુદા પ્રકારની જે ટિકિટો નીકળે છે તેમાં રેડક્રૉસ, યુદ્ધફાળો, સંસ્કારફંડ, આરોગ્યફાળો, કે ધરતીકંપ જેવી રાષ્ટ્રીય આફતોને પ્રસંગે નાણાં ઉઘરાવવા કાઢેલી ટિકિટોનો સમાવેશ થાય છે. આ બધી ટિકિટોને માટે અમેરિકનોએ 'સેમી-પોસ્ટલ' શબ્દ યોજ્યો છે, કેમ કે એમાં અમુક જ ભાગ ટપાલના દરનો છે અને બાકીનું વધારાનું લેવાતું મૂલ્ય અન્ય ફાળા માટે હોય છે, તેથી તે સંપૂર્ણપણે 'ટપાલી' (પોસ્ટલ) ગણાય નહિ પણ અર્ધ-ટપાલી (સેમી-પોસ્ટલ) ગણાય. અને આ સબબથી ચુસ્ત ટિકિટ-સંગ્રાહકો આવી સેમી-પોસ્ટલને પોતાના સંગ્રહને યોગ્ય લેખવતા નથી. એનું કારણ એ નથી કે ધર્માદાફાળા પ્રત્યે તેમને સહાનુભૂતિ નથી, પણ તત્ત્વશુદ્ધિની દૃષ્ટિએ તે કેવળ ટપાલના હેતુથી કાઢેલી ટિકિટ ન ગણાય. વળી કેટલાંક નાનાં રાજ્યો તો આવા 'ફાળા'ના નિમિત્તે કાઢેલી ટિકિટો દ્વારા પોતાની તીજોરી તર પણ કરી લેતાં હોય છે, એ પણ વાંધાનું કારણ ગણાય છે. કેટલાક ચુસ્ત નિષ્ણાતો તો, આ લોકહિત કે ધર્માદાના હેતુ ઉપરાંત સ્થાનિક ટિકિટો (લોકલ પોસ્ટેજ), હવાઈ ટપાલની ટિકિટો વગેરેને પણ સેમી-પોસ્ટલમાં ગણે છે.


નીચે : ફ્રાન્સે પોતાના સાહિત્યકારોના સ્મરણમાં કાઢેલી ટિકિટો તથા ફર્સ્ટ-ડે કવરો પૈકી હ્યૂગોના નમૂના અમે જાન્યુઆરી અંકમાં આપેલા. એ મોકલનાર ભાઈ શિવજી આશરના સંગ્રહમાંથી એવા જ ફ્રાન્સના જાણીતા કટાક્ષલેખક રાબેલાસની વાર્તા ગાર્ગાન્ટુઆનું પાત્ર આલેખતા કવરનું ચિત્ર તથા તેને અંગે બહાર પડેલી ટિકિટ (શિવજી પી. આશરના સૌજન્યથી)





નીચે : હંગરીએ કાઢેલી ઑલિમ્પિક ટિકિટો

હંગરીએ ૧૯૫૨માં કાઢેલો ઑલિમ્પિક રમતોની સ્મૃતિમાં કાઢેલો ચોકટ આકારની ટિકિટોનો સેટ; જેમાં મથાળાની ટિકિટમાં રમતગમતનું મેદાન અને તે પછીનીમાં અનુક્રમે લાંબીદોડ, તરવાની, તલવારબાજી, બરફ પર લપસવાની ને હેમરથ્રોની મેદાની ને મર્દાની રમતો આલેખેલી છે. સાદાઈ, સ્પષ્ટતા ને સૌંદર્ય તેનાં આકર્ષક તત્ત્વો છે. દરેકને મથાળે એકમેકમાં સંકળાએલી પાંચ કડીઓનું, ઐક્ય દાખવતું ઑલિમ્પિક રમતોનું પ્રતીક તથા તેના પર શાંતિદૂત પંખીનું ચિત્ર છે. (અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)





જન્મ (અનુસંધાન પૃ. ૧૦૧થી) એવા તો અળગા રહેલા હોય છે કે જે ગર્ભમુખમાંથી પસાર થતી વખતે એકબીજા પર આવી જવાથી બાળકના માથાનો ઘેરાવો નાનો બને છે. આને પરિણામે કોક બાળક બેડોળ માથાવાળું જન્મે છે ખરું, પણ તે બે એક અઠવાડિયાંમાં બરાબર થઈ જાય છે.

બાળકના જન્મ પછી પ્રસૂતિનો ત્રીજો તબક્કો શરૂ થાય છે, જેમાં ગર્ભાશય પ્રસૂતિ પછી અરધા કલાકનો આરામ લઈ સંકોચાવા માંડે છે. આના લીધે ઓર છૂટી પડીને આવરણ સહિત ગર્ભાશયની બહાર પડી જાય છે. પ્રસૂતિ-સમયની દરેક ક્રિયા જ્ઞાનરજ્જુના નીચલા ભાગમાં આવેલા કેન્દ્રના અંકુશ તળે છે. પ્રસૂતિ બાદ દોઢ-બે મહિને ગર્ભાશય ફરીથી પહેલાંનાં કદ અને સ્થિતિમાં આવી જાય છે.

જન્મ! આ એવો તો સાધારણ બનાવ બની ગયો છે કે એનાં રહસ્ય અને આશ્ચર્ય હવે આપણને રહ્યાં નથી. પણ એની સાથે સંકળાએલા બનાવોના જ્ઞાન વિશે મોટામોટા વિજ્ઞાનીઓ પણ હજી મોટા ભાગે અજ્ઞાની છે. વિજ્ઞાનીઓને મૂંઝવતો મુખ્ય પ્રશ્ન તો એ છે કે કયાં બળોની અસર નીચે નવજાત બાળક જીવનધારક શ્વાસ લેવા માંડે છે!

જીવનભરમાં કોઈ ખરેખરી અણીની પળ હોય તો તે જન્મ પછીની થોડી ક્ષણો છે. આ છે સૌ પ્રથમનો શ્વાસ લેવાની ક્રિયા. જન્મ બાદ થોડો સમય બાળક શ્વાસ લીધા વિના નભી શકે છે! જોકે એટલો જ વખત મોટેરાં માટે પ્રાણઘાતક નીવડે એમ છે. કેટલાંક બાળકો બરાબર શ્વાસ લઈ ન શકવાથી જન્મ બાદ એક કલાકમાં મરણ પામે છે.

ગર્ભાવસ્થામાં તો બાળક શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતું નહોતું, કારણકે માતાનું લોહી એને યથેચ્છ પ્રાણવાયુ પુરું પાડતું હતું. આથી એનાં ફેફસાં સંકોચાઈને પડેલાં હતાં,—હવા કાઢી લીધેલા રબ્બરના પોલા દડાની જેમ. પહેલો શ્વાસ લીધા બાદ શ્વાસોચ્છ્વાસની અટપટી ક્રિયા શરૂ થાય છે. પણ નવજાત બાળક માટે શ્વાસ લેવાની આ ક્રિયા કંઈ સહેલી નથી. બેસી ગએલાં તેનાં ફેફસાંમાં હવા પૂરવા માટે તેને ભારે પ્રયત્ન કરવો પડે છે. દરેક ફેફસામાં હવા ભરાતાં સુધી શ્વાસ લેતી વખતે તેની છાતી ઉછળે છે. ફુલેલાં ફેફસાં અને છાતી બન્ને સંકોચાવાથી અંદર ગએલી હવા બહાર નીકળતી વખતે કંઠનળીમાંથી પસાર થતી વેળા અવાજ પેદા કરે છે. ફેફસાંમાંથી જોસભેર હવા વારંવાર બહાર નીકળવાના પરિણામે કંઠનળીમાંથી થતા આ અવાજને આપણે બાળકના 'રુદન' તરીકે પિછાનીએ છીએ. બાળકના આવા અવારનવારના રુદનના પરિણામે ઉચ્છ્વાસની ક્રિયા ઊંડી બને છે અને શુદ્ધ થવા કાજે લોહી હૃદયમાંથી ફેફસાંમાં ભરાય છે.

પશુઓ ઉપરના પ્રયોગોથી જાણવા મળ્યું છે કે ગર્ભાવસ્થાના છેલ્લા દસેક દિવસ દરમિયાન બાળકના લોહીમાં પ્રાણવાયુનું પ્રમાણ ઘટવા માંડે છે. આમ થતાં મગજમાં ખળભળાટ જામે છે. બાળકના જન્મ બાદ તો બાળકને માતા તરફથી પ્રાણવાયુ મળતો બંધ થાય છે. આથી એના લોહીમાં પ્રાણવાયુનું પ્રમાણ ઘટતાં મગજનું શ્વસન કેન્દ્ર કામ કરવા ઉત્તેજાય છે. જન્મ બાદ ત્રણ મિનિટમાં બાળક શ્વાસ લેવા માંડે છે. હવે એનું પૃથ્વી ઉપરનું જીવન શરૂ થાય છે. આ અંગે બાઇબલમાં ઉક્તિ છે કે 'Lord breathed into his nostrils the breath of life and the man became a living soul.' અત્યાર અગાઉ જોકે એનું હૃદય શરીરના અંગોમાં લોહી ફેરવતું હતું, એનામાં જીવ હતો, પણ એ પોતાની જીવનશક્તિથી જીવતું નહિ હોવાથી 'માનવ-જીવ' તો શી રીતે કહી શકાય? ગર્ભાશયની હૂંફમાંથી બહાર આવેલા બાળકને બહારની હવા, સ્પર્શ, દૃશ્ય, અવાજ, ગરમી-ઠંડી, ભય, આશ્ચર્ય વગેરે ઉત્તેજનાઓ જન્મ બાદની શ્વાસોચ્છ્વાસની ક્રિયાઓ ચાલુ રાખવામાં અસરકર્તા નીવડે છે.

શ્વાસોચ્છ્વાસની ક્રિયા શરૂ થયા બાદ રુધિરાભિસરણમાં (લોહીના ફરવામાં) ફેરફાર થાય છે. આપણા શરીરમાં, હૃદયના જમણા ભાગમાં શરીરનું અશુદ્ધ લોહી આવે છે. ત્યાંથી તે ફેફસાંમાં ધકેલાય છે, જ્યાં લોહી શુદ્ધ થઈ હૃદયના ડાબા પડખામાં જાય છે અને ત્યાંથી શરીરમાં ફરી વળે છે. પણ ગર્ભાવસ્થામાં રહેલા ગર્ભના શરીરમાં લોહી આ રીતે નથી ફરતું, કારણકે એમાં લોહીને શુદ્ધ થવા માટે ફેફસાંમાં જવાનું હોતું નથી. એ કામ ઓર ઉપાડે છે. તે સમયે ગર્ભના હૃદયના જમણા પડખાનું લોહી એક નળી દ્વારા સીધું હૃદયના ડાબા પડખામાં જતું હોય છે.

પણ જન્મ બાદ શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી ફેફસાં ફૂલવાથી હૃદયમાંથી લોહી ફેફસાંમાં જવા માંડે છે. આમ થવાથી હૃદયના જમણા અને ડાબા પડખા વચ્ચેની પેલી ગર્ભસમયની નલિકા પુરાઈ જાય છે ને હવે જમણા પડખાનું લોહી સીધું ડાબા પડખામાં જતું બંધ થાય છે. આમ થતાં હૃદયની કામગીરી ઓછી થાય છે. ઓરમાં લોહી શુદ્ધ થવા મોકલવા માટે તે વખતે હૃદયને ભારે કામગીરી ઉપાડવી પડતી હતી.

ગર્ભાશયમાંથી નીકળેલા બાળકનું શ્વાસ લેવું, રડવું, પગ ઉછાળવા વગેરે ક્રિયાઓ શું આશ્ચર્ય પમાડે એવી નથી? વળી વધુ આશ્ચર્યજનક તો એનું ખડતલપણું છે. અત્યાર સુધી ગર્ભાશયની અંધારી ગુફામાં પડી રહેલું બાળક એકાએક ઘોંઘાટ, પ્રકાશ, હવાના સપાટા તથા ઠંડી-ગરમીભર્યા વાતાવરણમાં આવી પડવા છતાં જરા યે મચક ના આપતું હોય એમ સ્વસ્થ રહે છે. ગર્ભજળના પાણીની પોચી ને નરમ ગાદી છોડી, એ પાણીની સરખામણીમાં ઘણી કઠણ ગાદી ઉપર તે હવે સૂએ છે. ગર્ભમાં ઓર દ્વારા વગર માગ્યે મળી રહેતો ખોરાક હવે એને જાતે શોધવો પડે છે. આ માટે કુદરતે એને હેરત પમાડે એવી ચૂસવાની શક્તિ આપી છે. આ ક્રિયામાં તેને મદદકર્તા તેની અંદર પડતી હડપચી અને તેના ગાલમાં આવેલી ચરબી છે.

સમાજમાં સ્થાન મેળવવા માટે બાળક પાસે બે સાધનો છે: હાસ્ય અને રુદન. ગળામાં ગરગરાટ કરતા અવાજ ભરેલું ખિલખિલાટ હસતું બાળક જોઈ કોનું હૃદય નથી નાચી ઉઠતું? અને માબાપનું ધ્યાન ખેંચવા કે ભૂખ શમાવવા એ જે રુદનનું શરણું લે છે તે કોને દ્રવિત નથી કરતું? મોટેરાંને હંફાવે એવી ઝડપે તે બે વર્ષના ગાળામાં કેટકેટલું શીખી લે છે! ઊંધા પડવું, ઊંધા પડીને પછી માથું ઊંચકવું, ઘૂંટણિયે ચાલવું, ઊભવું, બેસવું, પાપા પગલી કરવી, કાલું કાલું બોલવું... આટલા વખતમાં આટલું બધું જો મોટી ઉંમરે આપણે શીખી લેતા હોઈએ તો તે અપ્રતિમ ને અનુપમ બુદ્ધિચાતુર્ય લેખાય. (હવે પછી 'વૃદ્ધિ' વિશે)

ગ્રીષ્મ શિબિર

જે વિદ્યાર્થી આવતી કાલનો ભાવનાશીલ, સાહસિક, હિંમતવાન અને કંઈક કરવાની ધગશવાળો યુવાન વર્ગ છે, તેવા વિદ્યાર્થીસમાજ પાસે તેમને અનુરૂપ બનીને ગાંધી વિચારસરણી રજૂ કરવી કે જેમાંથી તેમને વિચારમંથન માટે વસ્તુ મળે, સત્ય વસ્તુ શોધવા માટેનું માર્ગદર્શન મળે અને જીવનની સાચી નીતિનો કંઇ ખયાલ આવે. પોતાને માટે સ્વતંત્ર વિચાર અને બુદ્ધિ વડે પોતાનો માર્ગ નક્કી થાય, રાષ્ટ્રીય ભાવના જાગે, માનવ-સમાજ પ્રતિ પ્રેમ જાગે અને એકબીજાને કેમ ઉપયોગી થઇ પડવું એવી વિચારસરણી ઘડાય. આ હેતુને લક્ષમાં રાખીને 'ગાંધી વિચાર પરિષદ' વર્ધા તરફથી ઉનાળાની રજાઓ દરમિયાન હાઇસ્કૂલના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ ચૂંટીને, ગુજરાતના કોઈ સર્વોદય કેન્દ્રમાં ૧૫ દિવસ માટે કેમ્પ યોજવાનું નક્કી થયું છે. અગાઉથી દરેક હાઇસ્કૂલમાં ખબર આપવામાં આવશે તથા સમાચારપત્રોમાં પણ જાહેર કરવામાં આવશે. સરનામું: ગ્રીષ્મ શિબિર કાર્યાલય ઠે. પાણીની ટાંકી પાસે મુ. કરમસદ (વાયા આણંદ)

વર્ષગાંઠ



પ્રબોધ જોષી

આપણા રિવાજો બી કમાલ છે. આપણી જિંદગી કેટલા દિવસની? એ પ્રશ્નનો જવાબ એક તો ભગવાન આપી શકે, અને બીજો કોઈ સચોટ જ્યોતિષી આપી શકે. પણ આપણા વર્ષના દિવસ કેટલા એમ પૂછો તો બધા જ જવાબ આપે કે 'સનમાં ૩૬૫ અને સંવતમાં ૩૬૦.(અધિક માસ હોય ત્યારે ૩૯૦ એમ કોઈ નહિ કહે.)'

હવે આ ૩૬૫ દિવસ લઈએ તો પર રોકડા રવિવાર મઝાના દિવસ. તમારે તેથી ચિંતા કરવી હોય તો ચિંતા માટે ૩૧૩ દિવસ છે. આમાંથી તમને બેસતું વર્ષ, ગૂડી પડવો, ભાઈબીજ, અખાત્રીજ, કેવડાત્રીજ, ગણેશચોથ, બોળચોથ, નાગપાંચમ, લાભપાંચમ, સામાપાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, રામનવમી, વિજયાદશમી, દેવપોઢી એકાદશી, દિવાસો, દેવદિવાળી, ઉત્તરાયણ, શિવરાત્રિ, હોળી, ધૂળેટી, શરદ પૂર્ણિમા, બળેવ, મહાવીર જયંતી, નવરાત્રીના દિન નવ અને શ્રાદ્ધના દિન દસ, એટલા દિવસો ચિંતા કરવાની સાફ મનાઈ છે. એટલે રહ્યા ૨૮૯. આમાંથી બાકીની બધી પૂર્ણિમાઓ અને અગિયારશો બાદ કરો, કેમકે અપણઆનંદના દિવસો. ટૂંકમાં, તમને અનાજનો કાયદો ઊભો ન થાય તે માટે સર્વ જાતની સગવડ અહીં આપવામાં આવે છે. અનાજ વધારે છે? તો ઉત્સવ કરો. ઓછું છે? તો ઉપવાસ કરો.

ધર્મ એ સમાજનું એક વિજ્ઞાન છે, અર્થશાસ્ત્રનો પર્યાય છે, તેની કોઇ ના તો પાડે! પૈસાદારો અપચાના રોગથી ભૂખે મરે છે; મધ્યમ વર્ગના લોકો વ્રતો, એકાદશીઓ અને પનોતી ટાળવા માટે કરતા એકવારિયાની મદદ લઈ ઓછું ખાય છે, અને ગરીબો ઉપવાસને આત્મશુદ્ધિનું સાધન માનીને ભૂખે મરે છે! છે તમારી કોઇ 'પાર્ટી' પાસે આનો ઈલાજ? કેમ? તમને આ લેખ ગંભીર લાગે છે? તો જવા દો ભાઈ. ગંભીર લખવામાં તડીખાવાની છે. બાકી વાત રમૂજી છે. ઉપવાસ એક એવી વસ્તુ છે કે જે ધનિક, મધ્યમ અને ગરીબ ત્રણે કરે છે, પણ એનાં કારણો જુદાં છે. પૈસાદાર કરે ત્યારે મહારાજો તેમની કથામાં તેમને માન-પ્રશંસા આપે; ગરીબ કરે ત્યારે નેતાઓ તેને વટાવી જાય અને ખાય: મધ્યમ વર્ગ કરે ત્યારે તેની નાતજાતમાં ટીકા થાય.

કંઈ નહિ સાહેબ! આડી વાત કર્યે શો ફાયદો? વાત એક જ છે કે આપણે ત્યાં કેટલી બધી વર્ષગાંઠો અને જયંતીઓ છે! મુંબાઇ જેવા શહેરમાં બેસતું વર્ષ, ગુડી પડવો, પતેતી, બે ઈદ અને ન્યૂ ઈયર આમ છ તહેવારો ઊજવાય છે. પણ મુંબઇ ઉપર 'બેઈઝ' બાંધી ગુજરાતી વાચકોને 'ટ્રાયેંગલ' ન દેખાડાય.

એક વાત તો માનશોને કે વર્ષગાંઠ બે જાતની આવે છે? એક દેશી અને બીજી પરદેશી. તમે મને પૂછો કે 'તારી વર્ષગાંઠ કઇ તિથિએ?' તો નતો હું સંવત કહી શકું, નતો ફાગણ વદ નોમ કહી શકું, ન તો વાર કહી શકું. પણ એમ પૂછો કે 'તારી બર્થ ડેઈટ કઇ?' તો જાણે હું એ કદી ભૂલી ન શકું તેવી હોય તેમ ૨૮મી માર્ચ એમ આંખ મીંચીને કહી દઇશ. (મારો એક મિત્ર કહે છે કે આંખ મીંચીને કહેવું એટલે ઊંડો વિચાર કરીને કહેવું.)

૨૮મી માર્ચ અમારી વર્ષગાંઠની તારીખ છે. આભાર છે ભગવાનનો કે તે તારીખે કોઈ જ જાણીતું માણસ જન્મ્યું નથી; નહિ તો આજે અમે જે વર્ષગાંઠ ઊજવી શકીએ છીએ તે ઊજવી ન શકત; કારણ કે જાણીતા માણસની વર્ષગાંઠ બધા જ ઊજવે એટલે તમારી તો બધાં જ ભૂલી જાય!

વર્ષગાંઠનો દિવસ રોવાનો છે કે હસવાનો, એ પ્રશ્ન ઉપર અમે ઘણા પ્રયોગો કરી જોયા છે. અમે તેનાં લખાણો લખીને સાહિત્યિક પ્રયોગો કરી જોયા, પછી તેનાં ચિત્રો ચીતરીને કલાત્મક પ્રયોગો કરી જોયા, પછી વર્ષગાંઠનો 'સા' બનાવી સારેગમ રચી. તેના શુદ્ધ સ્વરોને સ્થાને ભૌતિક મળતર મૂક્યું. —કોમળ સ્વરોની જગ્યાએ આધ્યાત્મિક અને તાત્ત્વિક મળતર મૂક્યું અને ખોટની જગ્યાએ તીવ્ર સૂર મૂક્યા, અને એમ વગાડી જોઈ. પછી વેપારી તરીકે પડતર અને વેચાણ કિંમત મૂકીને, તેમાંથી મળતર રહે કે ન રહે તોપણ એક વર્ષ વધ્યાનું 'સેલ્સ ટૅક્સ રીટર્ન' ભરીને મળતરમાંથી પરિશ્રમ રૂપી ઇન્કમ ટૅક્સ ભરીને સરવૈયું કાઢી જોયું, અને છેલ્લે એમાં કંઈ પત્તો ન ખાતાં વિજ્ઞાનના સ્નાતકની હેસિયતથી રસાયનિક પૃથક્કરણ પણ કર્યું.

માનશો? વર્ષગાંઠ એ ખોટનો ધંધો છે, એ રોવાનો દિવસ છે, એ ગોદડામાં માથું નાખી સૂઈ જવાનો દિવસ છે. આના અનુમોદનમાં હું વકીલો કે સાહિત્યકારોને નહિ ટાંકું, ભગવાનોને ટાંકીશ. કૃષ્ણ જન્માષ્ટમી: આ દિને બદલે ઉપવાસનો દિન! શિવરાત્રી: ચાખો ઉપવાસનો દિન! એવું જ રામનવમીનું! એટલે જન્મદિન એ દુઃખમાં કાઢવાનો દિન છે. બૈરાંઓ માટે તો ખાસ!

એક જગ્યાએ પ્રશ્ન પુછાયો હતો, હમણાં, કે ૧૯૨૮ના ઑગસ્ટમાં જન્મેલી વ્યક્તિની આજે ઉમર કેટલી? તમે પણ એ જ જવાબ આપોને, કે સાડી પચ્ચીસ વર્ષ? પણ જેને એના શ્રેષ્ઠ જવાબ માટેનું ઈનામ મળ્યું તે ભાઈએ કહેલું કે 'જો પુરુષ હોય તો સાડી પચ્ચીસ વર્ષ અને સ્ત્રી હોય તો ૨૧ વર્ષ!' સ્ત્રીઓને ૨૧થી વધુ ઉમરના થવું ગમતું જ નથી, એટલે ૨૧ વર્ષ પછી સ્ત્રી દરેક વર્ષગાંઠે ખાનગીમાં રડે છે; અને તમે તેને કેટલામું વર્ષ બેઠું એમ પૂછો તો જાહેરમાં રડશે. એટલા માટે તો કહેવાય છે કે શાણો પતિ એ, કે જે પત્નીની વર્ષગાંઠ યાદ રાખે છે, પણ કેટલામી તે ભૂલી જાય છે!

આ વર્ષગાંઠની વાત માંડવા પાછળ એક કારણ છે. અમારી ૨૮મી માર્ચની વર્ષગાંઠ પાસે આવતી હોઇ ગયા વર્ષનો એક પ્રસંગ અમને યાદ આવે છે.

અમારાં એક કાકી છે. મિલ્કત સારી છે. સંતાન નથી. તેથી જ મારી અને અમારા પિતરાઈની તેમની તરફ ખૂબ લાગણી છે. આજકાલ લાગણીના ભાવ બોલાય છે એ તો તમે જાણો જ છો. એટલે શું કરવા છુપાવું? એમના અવસાન બાદ અરધી મિલ્કત મને એટલે કે (જુઓને, મારું નામ કિરીટ રાખીએ) કિરીટને મળવાની, અને અરધી પિતરાઇ કુંદનને મળવાની. મારો પ્રયત્ન એવો કે બધી મને મળે; કુંદનનો એવો કે બધી જ પોતાને મળે. આ પ્રયત્ન માટેનો પ્રયોગ એ કે હું કાકીને કહું કે બધી કુંદનને આપો, તો કુંદન મને આંટે એવો હોઇ તે કાકીને કહે કે બધી કિરીટને આપો. એનો નિવેડો કાકી મરે ત્યારે આવે!

આમ છતાં કાકી દરેક વર્ષગાંઠે (તેમની નહિ અમારી) કંઇક પ્રેઝન્ટ આપે. કુંદનની વર્ષગાંઠ એપ્રિલમાં આવે. ગયા જાન્યુઆરીની

વાત છે. હું કાકીને મળવા ગયો. કાકીએ કહ્યું, 'કિરીટ, કુંદનની એપ્રિલમાં વર્ષગાંઠ છે. તેને મારે હાથે ભરેલું એક સ્વેટર ભેટ આપવું છે.'

કાકી મને રોકડ રકમ આપે અને કુંદનને પોતાના હાથે ભરેલું સ્વેટર આપે? ના, ના; પછી હું અદેખાઈથી ઊભો ઊભો બળું નહિ તો શું કરું? મેં કહેવા ખાતર કહ્યું, 'સારું છે.'

કાકીએ કહ્યું, 'શું સારું છે? તેં સ્વેટર ક્યાં જોયું છે? હજી તો ભરવાનું છે.'

મેં ભાનમાં આવી કહ્યું, 'ના, ના, કાકી આ વિચાર સારો છે એમ કહું છું.'

'તો ઠીક 'હવે મારો વિચાર એમ છે કે એ સ્વેટર તેને ખૂબ ગમે તે માટે આજની લેઇટેસ્ટ ફૅશનનું ભરી આપું.'

હવે કુંદન મર્યો! કાકી તેને ભેટ આપે તે, તેણે કાકીને ખુશ રાખવાં હોય તો જ્યારે તે કાકીને મળવા જાય (અને મિલ્કત જોઇતી હોય તો અઠવાડિયામાં ૩ દિવસ જવું જ જોઈએ) ત્યારે પહેરવું જ જોઈએ. મને થયું...

'કેમ કિરીટ, કંઈ બોલ્યો નહિ?'

'ના ના, કાકી, બરાબર છે.'

'તો તું તો જાણતો હોઇશને? તદ્દન લેઇટેસ્ટ ડિઝાઇન કેવી હોય છે?'

મેં કહ્યું, 'કાકી! લેઇટેસ્ટ ફૅશન કદાચ તમને ભરતાં નહિ ફાવે. પણ જો ફાવે તો...'

'ફાવશે ફાવશે; હું તો હમણાં બહુ ભરું છું.'

'તો કાકી, હમણાંની લેઇટેસ્ટ ડિઝાઈન ફિલ્મઍક્ટરો માટેની છે. તેમાં આખી બાંહ્યનું સ્વેટર હોય...'

'એ તો સારું; ટાઢ ઓછી વાય.'

'હા કાકી, આખી બાંહ્ય હોય, ને તે આખી યે બાંહ્ય લાલ રંગની હોય અને સ્વેટરને ગળે તથા કમ્મરે લાલ પટ્ટો હોય.'

'એમ?'

'હા કાકી, લાલ હોય અને અંદર એક હાર પોપટની ડિઝાઈનની લીલા રંગની, બીજી હાથીની કાળા રંગની અને ત્રીજી કરેણનાં ફૂલની પીળા રંગની હોય...'

'એ તો ટેબલક્લૉથ જેવું લાગે.'

'ના કાકી, આ તો આજની જે લેઇટેસ્ટ ડિઝાઈન છે તે કહું છું.'

'અલ્યા, બનાવટ તો નથી કરતોને?'

'ના ના, કાકી, સાચું-તમારા સમ, સાચું કહું છું.' આ મેં સમ ખાધા તે યાદ રાખજો; આગળ કામ લાગશે.

કાકીએ મને કહ્યું, 'સારું; તો હવે કોઈને કહેતો નહિ કે હું કુંદનને આ ભેટ આપવાની છું.'

કુંદનને આવું બંડલ સ્વેટર અપાવનાર કિરીટ કહે તો તો થઈ જ રહ્યું ને?

ઘેર જઇને હું તો ખૂબ હસ્યો કે છેવટે મેં કુંદનને ફસાવ્યો. હવે કુંદન એ સ્વેટર પહેરશે ત્યારે શી તેની મશ્કરી લોકો કરવાના છે!

એવામાં અમારાં શ્રીમતીજી આવ્યાં. હસવાનું અને આનંદનું કારણ પૂછ્યું. અમે તે કહ્યું. અને—અને—?

અને તેણે કહ્યું, 'સાવ બુદ્ધુ રહ્યા તમે તો! તમને જ તમારો ખોદેલો ખાડો ભારે પડ્યો! કાકી તમને તમારી આ વર્ષગાંઠના દિવસે સ્વેટર આપવાનાં છે. તેમને તમારી મનપસંદ ડિઝાઇન આડકતરી રીતે જાણવી હતી.'

'હેં?!!'

'હા; કાકીએ મને કહ્યું હતું, પણ તમને કહેવાની મને ના પાડી હતી.'

એ સ્વેટરની ડિઝાઈનના ખયાલે અને મિલ્કત જોઇતી હશે તો મારે તે પહેરવું જ જોઇશે તે વિચારે હું ધ્રૂજી ઊઠયો.

પણ વાતનો અંત તો બીજી રીતે આવે છે. મેં ખોટા સમ ખાધા તેથી, કાકી એ સમ લાગતાં અચાનક જ મરી ગયાં! એટલે સ્વેટર તો છૂટયું; પણ મિલ્કતનું શું ધારો છો? કોને મળી હશે? કિરીટને? કુંદનને? બંનેને અરધી અરધી?

જી ના! એ મિલ્કત તેમના ભત્રીજાને ના મળી, પણ તેમનાં ભત્રીજીને મળી.

કંઈ સમજ્યા? બૈરાંને સાસરિયાં કરતાં પિયરિયાં હમેશાં...' સમજી ગયા?

જન્મગાંઠ ઉપરથી આજની જિંદગી સુધારવાનાં સ્વપ્નાં માંડી વાળો.



ચિત્ર અને કાવ્યની શીઘ્રકલા: કલાકાર દશરથ પટેલે ત્રિવેન્દ્રમમાં દક્ષિણનું કથકલી નૃત્ય જોઇને તેના એક પ્રવેશનો ઝડપી સ્કેચ કર્યો, તે જોઇને તરત કવિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે તેની નીચે કથકલીનો લાઘવયુક્ત પરિચય આપતી અંગ્રેજી કાવ્યની બે લીટી લખી આપી!

 (અનુસંધાન પૃષ્ઠ ૯૭થી)

પર પાસેના જંગલમાંથી એકાએક દીપડો ધસી આવતાં માર્ગરેટે તેને પૂરો કરી માર્ટિનનો જાન બચાવી લીધો હતો. કેવી બહાદુર છોકરી!

આગળ વધતાં એણે એક ઝાડ નીચે બે ઓળા જોયા. એ એનાં મા ને બાપ જ હતાં. એનાં સર્વે અંગ એમને આમ પોતાની રાહ જોતાં ઉભેલાં જોઈ ધ્રુજી ઊઠયાં. 'અહીં કેમ, મા?' તેણે પ્રશ્ન કર્યો.

'તે તારી જાતને જ પૂછને?' પિતા તરફથી જવાબ મળ્યો. 'પાછો બબ્બણયો શું કામ બને છે?'

જિરાર્ડના હૃદય પર લોહી ધસી આવ્યું. તે ખામોશ જ રહ્યો.

'બેટા, તારે તો દીક્ષા લેવાની છે. આ જંજાળમાં કયાં પડે છે? હવે કોઇ દિવસ સેવનબર્ગેન નહિ જવાનું વચન આપ તો તારી આ એક વારની ભૂલ જતી કરી દઇએ.' ઇલિયાસે તેને પટાવવા માંડયો.

'એવું વચન આપી શકાય તેમ નથી.' જિરાર્ડ બોલ્યો.

'તો પછી આ દંભ ચાલુ રાખવો છે?'

'એ દંભ છે જ નહિ. મારી તમને એ કહેવાની હિંમત નહોતી ચાલતી તે બીજા કોઈએ તમને કહી દેતાં મારા મગજનો તો ઘણો ભાર હળવો થઈ ગયો. હા, હું માર્ગરેટને ચાહું છું. હું કદી સાધુ બનવાનો નથી—કદાપિ નહિ. એ કરતાં તો મોતને હું મીઠું ગણીશ.'

'એમ ને? તો આનાં કેવાં પરિણામ આવે છે એ પણ જોજે.'

પિતાએ ધમકી આપી, પણ જિરાર્ડે કશો ઉત્તર ન વાળ્યો અને ત્રણે જણ મૂગાં મૂગાં ઘેર પાછાં ફર્યાં.

જિરાર્ડે પ્રતિજ્ઞા કરી કે માર્ગરેટ જીવતી હોય ત્યાં સુધી તો પોતે સાધુવેશ ગ્રહણ નહિ જ કરે. માર્ગરેટ વાન આઇકની સલાહ પરથી બંને પ્રેમીઓએ ખાનગીમાં પરણી જવાનું અને ત્યાંથી કલાભૂમિ ઈટલી નાસી જવાનું નક્કી કર્યું. જિરાર્ડ ત્યાંથી એક કલાકાર તરીકે નામ કાઢશે એવી વાન આઈકની ધારણા હતી. બંને વચ્ચે વેવીશાળનો ઔપચારિક વિધિ તો તરત પતી ગયો. આ વિધિનું મહત્ત્વ એ સમયે લગ્ન બરાબર હતું.

પરંતુ લગ્ન હેમખેમ પતી ન શકયાં. જિરાર્ડના બે ભાઈ કોર્નેલિસ અને સીગ્રાન્ટને ભય લાગ્યો કે એ જો સાધુ ન બનતાં સંસાર માંડશે તો બાપાની મિલકતમાંથી તેનો હિસ્સો માગ્યા વિના નહિ રહે. આથી બંને જણ એમનાં લગ્ન થતાં અટકાવવા મુખીના ઘેર પહોંચ્યા, તેને કાને બધી વાત નાખી અને લગ્નવિધિનાં ચોક્કસ મિતિ અને ચોક્કસ સમય પણ તેને આપ્યાં. વેવીશાળથી જોડાએલા યુગલનાં લગ્નનો છેલ્લો શપથવિધિ પતે તે પહેલાં તો મુખીનાં માણસોએ આવી પહોંચી બંનેને છૂટાં પાડયાં. જિરાર્ડને તો સીધો જેલ ભેગો જ કરી દેવામાં આવ્યો અને એ બદલ બહાનું એ આપવામાં આવ્યું કે તે એના પિતાની આજ્ઞાનો અનાદર કરીને આ લગ્ન માટે પ્રવૃત્ત થયો હતો.

પરંતુ જિરાર્ડને લાંબો સમય કારાવાસ વેઠવો ન પડયો. માર્ગરેટ ગ્રાન્ટ અને તેને ત્યાં પડયોપાથર્યો રહેતો પેલો બુઢો સૈનિક માર્ટિન તેના છુટકારા માટે આવી પહોંચ્યાં. તેને જે ઊંચા બુરજમાં કેદ રાખવામાં આવેલો ત્યાં જ માર્ટિને પોતાનું તીર ફેંકયું. તીરને છેડે લાંબું દોરડું બાંધેલું હતું. જિરાર્ડે એ દોરડું ઉપર ખેંચી લીધું અને પછી હવે કશી વજનદાર વસ્તુને બાંધવાની શોધ કરતાં ત્યાં પડેલા એક પટારા સાથે જ તે બાંધી લેવાનો નિર્ણય કર્યો. દોરડું બાંધવા જતાં પટારાની છૂપી કળ પર દબાણ આવીને તે ઊઘડી પડયો. થોકબંધ જૂના દસ્તાવેજો તેમાં પડેલા હતા. જિરાર્ડ નીચે ઊતરતાં એ બધા દસ્તાવેજોનું પણ પોટલું ઉપાડતો આવ્યો.

જિરાર્ડની કેદની ચાવી મુખીએ બીજા કોઈને ન સોંપતાં તેની પોતાની જ પાસે રાખેલી. એણે તો માનેલું કે ભૂખ ને નિરાશાથી તે સાવ ઢીલો પડી જશે. બીજે દિવસે સવારે જિરાર્ડને એવી સ્થિતિમાં જોવા જ તે હરખાતો હરખાતો ઊપડયો, પણ જઇને જુએ છે તો કોટડી સાવ ખાલી! જિરાર્ડ તો માર્ગરેટ ને માર્ટિન સાથે કયારનીય સેવનબર્ગેનની વાટ પકડી લીધેલી.

ત્યાં થઈને નીકળેલા દેવળના પરિચારકે પૂછી જોયું, 'કેમ, મુખીસાહેબ, છે કંઈ નવીન?'

પણ મુખીના હોઠ સીવાએલા જ રહ્યા. એણે ઉત્તર વાળવા પ્રયાસ તો કર્યો પણ હોઠ ઊઘડયા જ નહિ.

મનમાં ને મનમાં મૂંઝાતો મુખી ત્યાંથી થોડે દૂર ઉભેલા તેના નોકર પર તૂટી પડયો. તેને બે હાથે પકડી પગથી તે માથા સુધી તેને હચમચાવતો એ બોલ્યો, 'પાજી, તારો માલિક આમ લૂંટાઈ ગયા છતાં હજુ તું ઊભોઊભો જોયા જ કરે છે?' અને પછી એના શ્વાસભર્યા મોંએ માત્ર આ શબ્દો સંભળાતા રહ્યા: 'ગયો! હાથતાળી આપીને છટકી ગયો!'

સેવનબર્ગેન પહોંચેલા જિરાર્ડને આશંકા તો હતી જ કે મુખી તેનું વેર વાળ્યા વિના નહિ રહે. પણ એ પહેલાં તો પેલો કૂબડો જાઈલ્સ એમની બહેન કેટના સંદેશા સાથે આવી પહોંચ્યો. તેણે કહ્યું, 'ભાઈ જિરાર્ડ, કેટે કહી મોકલાવ્યું છે કે તું અહીંથી તાબડતોબ નાસી છૂટ. એ લોકોએ તારા પર દસ્તાવેજોની ચોરીનો આરોપ મૂકયો છે. આ તો માત્ર કહેવા પૂરતું છે, બાકી એમનો ઈરાદો તને જાનથી મારી નાખવાનો છે.'

જિરાર્ડે નાસી છૂટવા વિચાર્યું પણ તે પહેલાં પેલા દસ્તાવેજો કયાંક દાટી દેવાનું તેને યોગ્ય લાગ્યું. 'એમના હાથમાં તો એ હવે કોઈ રીતે ન જવા જોઈએ,' એ તેનો દૃઢ સંકલ્પ હતો.

દસ્તાવેજો ફંફોળાવતાં અંદરથી મુખી ઝીસબ્રેકટ અને માર્ગરેટના દાદા વચ્ચે થએલા કરારનો દસ્તાવેજ પણ મળી આવ્યો.

'આ દસ્તાવેજ પર તો એના જેટલો જ તારો પણ હક છે.' જિરાર્ડ બોલી ઊઠયો.

'પણ અત્યારે વીતતી પળેપળમાં મને કાળના ભણકારા વાગે છે. વાદળાં ઘેરાયાં છે. અને કોઇકોઈ છાંટા પણ પડવા માંડયા છે. હવે બહુ રોકાવામાં મઝા નથી.' માર્ગરેટે તેને સૂચવ્યું.

'પણ રસ્તો તો સાફ છે ને?—'

આ શબ્દો તેના મોંમાંથી હજુ બહાર પડયા નહોતા ત્યાં તો મેઘની કાનના પડદા તોડી નાખે એવી ગર્જના અને વીજના સબાકા પર સબાકા શરૂ થયા. જરા વારમાં તો મૂશળધાર વરસાદ તૂટી પડયો.

મોડી રાત થતાં માર્ગરેટનો પિતા પીટર આડે પડખે થયો, પણ તે અને જિરાર્ડ તો જાગતાં જ રહ્યાં. પ્રભાતનો પહેલો દોરો ફૂટયે તો જિરાર્ડ ચાલી નીકળવાનો હોઇ, વચ્ચેની જે ક્ષણો બચતી હતી એમાંની એકે ક્ષણ ઊંઘમાં ગુમાવવા બેમાંથી એકે તૈયાર નહોતું.

બહાર બારણાં પાસે થએલા સૂકાં પાંદડાના ઢગલા પર કશો ખખડાટ સંભળાયો. માર્ટિને તીરકામઠું તૈયાર રાખી દીવો ઓલવી નાખ્યો. પછી તો એમને ભયભીત બનાવે એમ એક કરતાં વધુ પગલાંનો અવાજ સંભળાવા લાગ્યો. કેટે જાઈલ્સ સાથે કહી મોકલાવેલો તાબડતોબ નાસી છૂટવાનો સંદેશો બંનેને યાદ આવ્યો, પણ હવે શું થાય? બારણે ટકોરા પડવા માંડયા હતા.

અને એ જાણે સંકેતરૂપ હોય તેમ કેટલાક વળી પાછલું બારણું ધકેલવા મંડયા. માર્ગરેટે આ પ્રસંગે હિંમત ન હારતાં સમયસૂચકતા વાપરી માર્ટિનને કહ્યું, 'એમને એવું કહેજે કે જિરાર્ડ અત્યાર સુધી

ઢસડતી તે તેના પિતાના શયનખંડ પાસે થઈને તેના પોતાના શયનખંડમાં લઈ ગઇ.

આગંતુકો આખું મકાન શોધી વળ્યા, પણ કશું હાથ ન લાગ્યું. માર્ગરેટે જિરાડને ભોંયમાં ઉતારેલી એક કોઠીમાં પૂરી દઇ તે પર પોતાની પથારી પાથરી મૂકી હતી. દરોડાખોરો એના ખંડમાં આવી લાગતાં એ એવી તો વિસ્મિત બની ગઇ અને એવી તો ચીસ પાડી ઊઠી કે પોતે એ ખંડમાં નકામા પ્રવેશ્યા હતા એમ તેઓને લાગ્યું.

માર્ગરેટે કેટલીક વારે જિરાડને કોઠીમાંથી ખેંચી કાઢ્યો ત્યારે તે શબવત્ બની ગએલો. તેનો ચહેરો સાવ ફિક્કો પડી ગએલો. માર્ગરેટ ઘૂંટણીએ પડીને એનાં મીંચાયેલાં તેને નીરખવામાં એવી તલ્લીન હતી કે બીજું કોઈ તેને જોઈ રહ્યું હતું તેનો પણ એને ખયાલ ન રહ્યો. એ હતો પેલા દરોડાખોરોનો જ એક સાથી જૉર્ડન.

‘કેમ, નહોતો તે પછી ક્યાંથી નીકળી પડ્યો?’ તે બોલ્યો.

માર્ગરેટે એના બોલવા તરફ મુદ્દલ ધ્યાન ન આપતાં તે બારણામાંથી ખસીને તેની નજીક પહોંચ્યો.

નિશ્ચેષ્ટ જિરાડનું માથું ખોળામાં લઇ તે પર ઢળીને બેઠેલી માર્ગરેટના દેખાવે જૉર્ડનને પીગળાવ્યો. એકાએક તેનાથી બોલાઈ ગયું, ‘શો જુલમ છે! અને તે કાગળિયાંના થોડા ટુકડા માટે!’

તેને એક વિચાર સૂઝ્યો. દોડીને તે એક આયનો લઇ આવ્યો, અને તે બરાબર સાફ કરીને જિરાડનાં નાક-મોં સામે ધરી રાખ્યો. આયનો પાછો ખેંચતા તેનો એટલો ભાગ ઝાંખો પડી ગએલો જોઇ તે બોલ્યો, ‘અરે, હજુ તો જીવ છે એનામાં!’

‘ભાઇ, એવું જ હોય તો ભગવાનની તારા પર સો સો દુઆઓ ઊતરો!’ માર્ગરેટ તેનો હાથ પકડી તેનો પાડ માનવા લાગી.

‘પહેલાં તો આપણે એના શરીરમાં ગરમી આણીએ’ જૉર્ડન બોલ્યો, અને તરત કામે લાગી ગયો. જિરાડમાં ચેતનનો સંચાર થયો લાગતાં તેણે ત્યાંથી નીકળી જવાની તૈયારી કરી. માર્ગરેટ તેનો માર્ગ આંતરી ઊભી રહી અને બોલી: ‘એને જીવતદાન આપ્યા પછી હવે મૃત્યુદાન નહિ આપો ને?’

‘અરે, ના ના, એવું તે હોય?’ જૉર્ડને માથું ધુણાવ્યું. પણ મને જો પેલા દસ્તાવેજ આપી દઇ શકો તો કેવું સારું! એ પર એક સો ક્રાઉનનું ઈનામ જાહેર થયું છે. મને એ મળે તો બૈરીછોકરાંના થોડા દિવસ વળી સુખચેનમાં વીતે.’

માર્ગરેટે તેને એ દસ્તાવેજો બીજા દિવસે આપી દેવાની ખાતરી આપી. કારાવાસ પછી રાહ જોઇ રહેલા કબ્રસ્તાનથી પણ જિરાડનો આ રીતે છુટકારો થયો. એની મૂર્છા વળતાં બંને પ્રેમીઓએ જે આનંદ અનુભવ્યો તેનો અગ્રભાગ પણ ચાહે તેવા નામી લેખકની કલમ આલેખી શકે તેમ નથી. ભયભીત પ્રેમીઓ આખી રાત એકબીજાંના આશ્લેષમાં પડ્યાં રહ્યાં.

જિરાડ બીજે જ દિવસે ઈટલી નાસી છૂટ્યો. એક સિવાય બધા દસ્તાવેજ તે મુખીને પહોંચાડવા માટે મૂકતો ગયો હતો. એ એક દસ્તાવેજ હતો ગ્રાન્ટ પરિવારને લગતો. એને જર્મન સરહદ સુધી સુખરૂપ પહોંચાડવાનું માર્ટિને પોતાને માથે લીધું હતું. માર્ગરેટે પણ વાટમાં થોડેક સુધી તેને સાથ આપેલો. મુખીએ જિરાડને હાથ કરવા ધમપછાડા તો કર્યા, શિકારી કૂતરા પણ તેની પાછળ દોડાવી જોયા, પણ જિરાડ એ બધાથી છટકીને જર્મન સરહદમાં પહોંચી ગયો.

એકલો, પગપાળો જિરાડ એવી અજાણી ભૂમિમાં આગળ વધી રહ્યો હતો જ્યાં ડચ પરોણાગત કે ડચ સુઘડતા તદ્દન અપરિચિત હતાં.

હતી. તે એ સરાઈ સામે ઊભીને ખૂબ બૂમો પાડવા લાગ્યો ત્યારે કાચબો ઢાલમાંથી ડોકું બહાર કાઢે તેમ બારીમાંથી એક ડોકું બહાર નીકળ્યું.

‘અહીં ખાવાપીવાની સગવડ થશે?’ તેણે પ્રશ્ન કર્યો અને પેલાએ ડોકું હલાવ્યું. જિરાડ સરાઈમાં પેઠો એટલે એક નોકર તેની પાસે આવી પહોંચ્યો. ‘ખાવાનું તૈયાર થતાં કેટલી વાર લાગશે?’ તેણે નોકરને પૂછતાં તેણે જવાબ આપ્યો, ‘તમારા જેવા બીજા ત્રણેક ઉતારુ આવી પહોંચશે એટલે તે તૈયાર થવા માંડશે.’

જિરાડે ચિડાતાં તેણે જવાબ આપ્યો, ‘સરાઇઓ કંઈ એક જ ઉતારુ માટે નથી બંધાએલી. રોકાઈ ન શકાય તો બીજી સરાઈ શોધી લો.’ નોકરે પાણી લાવીને મૂકતાં જિરાડે ઉત્કંઠાપૂર્વક પાણી પાસે પહોંચ્યો, પણ તેનો રંગ જોઇને તેનો પિત્તો ગયો અને તે બોલી ઊઠ્યો, ‘પહેલાં આ પાણી ધોઈ લાવ, પછી હું મારા હાથ એના વડે ધોઈશ.’

નોકરે એનો પણ એવો જ જવાબ આપ્યો કે, ‘ન પરવડતું હોય તો જાઓ બીજી સરાઈમાં!’

જિરાડને આ સરાઈમાં એક ખુશમિજાજ બર્ગન્ડીઅન સૈનિકનો ભેટો થયો. તેણે પોતાનું નામ ડેનીસ હોવાનું ને ઘણાં વર્ષો બાદ પોતાને વતન પહોંચવા નીકળ્યો હોવાનું જણાવ્યું. તેણે જિરાડને પોતાની સાથે જ પ્રવાસ કરવાનો આગ્રહ કરતાં તેણે કહ્યું, ‘સારો વરુ સોબતી તરીકે નકામો હોય છે. અને સૈનિકો વરુ જેવા જ હોવાની કહેવત છે.’

‘પણ એ કહેવત સાચી નથી.’ ડેનીસે કહ્યું. ‘એમ તો એવી પણ કહેવત છે ને કે, વરુઓ એકબીજાને નથી ખાઈ જતા અને સારો સૈનિક કદી તેના સોબતીને હેરાન નથી કરતો? શું કેડે બાંધેલી વાંસળીની બીક લાગે છે? તો જો...’ કહીને ડેનીસે પોતાની કેડ પરની વાંસળી છોડીને ઠાલવતાં તેમાંથી બસો સોનામહોરો નીકળી પડી. ‘હિંમતે મર્દા તો મદદે ખુદા’ તે બોલ્યો. આ વાક્ય એ પહેલાં પણ ત્રણચાર વાર બોલી ગએલો. જિરાડ તેનો સંગાથ કરવા તૈયાર થયો.

પ્રવાસમાં આગળ વધતાં એક રીંછણનો સામનો તેમને કરવો પડ્યો જેમાં ડેનીસે જિરાડને બચાવી તો લીધો, પણ જિરાડે પાછળ ઝાડ પર ચડેલી રીંછણે તેના પગમાં મોટું બચકું ભરી લીધેલું. ત્યાર બાદ એક બહારવટીઆ સાથે થએલી ઝપાઝપી પછી બંને ડુસેલડૉર્ફ પહોંચ્યા, જ્યાં જિરાડને પેલા બચકાને લઇને તાવ ચડી આવ્યો. એક ઊંટવૈદ્યથી જિરાડે પોતાનો પંડ છોડાવીને તથા ડેનીસને નદીમાં ડૂબતો માંડમાંડ બચાવીને તેની સાથે આગળ વધ્યો. આગળ જતાં બંનેએ એક મઠમાં રાતવાસો કર્યો, જ્યાં જિરાડના પગની દવા કરવામાં આવી. અહીંની દવાથી આરામ થતાં તે મઠને કેટલીક પોથીઓની સુંદર નકલો કરી આપવા જિરાડ થોડું રોકાયો. ડેનીસનો જીવ તો આ લંબાએલા રોકાણથી ઊંચોનીચો થઈ ગયો હતો. ચોરડાકુઓથી ઊભરાતી સરાઇઓ તેને આવાં મઠ-મંદિરો કરતાં વધુ સારી લાગતી. અહીં તો બધું નિયમબદ્ધ રીતે જ થાય. પરંતુ એક દિવસ મઠમાંના ખુદ કેટલાક સાધુઓને જ નિયમનું ઉલ્લંઘન કરી રાતનાભાગે બહાર છટકી જતા તેણે જોયા ત્યારથી આવાં ધર્મસ્થાનો પ્રત્યેનો તેનો ચાહ ખૂબ વધી ગયો!

કેટલાક સમય બાદ બંને મુસાફરો બર્ગન્ડી જઈ પહોંચ્યા. જર્મન સરહદમાંના પ્રવાસ દરમિયાન ડેનીસ પોતાના વતનનાં વખાણ કરતાં થાક્યો નહોતો. સરાઇઓ બધી સ્વચ્છ હતી અને પોતાના સોબતીએ બર્ગન્ડીઅન ગુણોનું કરેલું બયાન વધુપડતું ન હતું તેની પણ એને ખાતરી થવા પામી. બંને આગળ વધ્યે જતા હતા ત્યાં એક સરાઈના ઊંબરામાં એક સુંદરીને ઉભેલી જોઈ ડેનીસ તો કશું પૂછ્યાગાછ્યા વિના સીધો અંદર જ ઘૂસી ગયો, અને સરાઈમાલિકને એના અને જિરાડના

ભોજનના પૈસા પહેલેથી ચૂકવી દીધા.

ભોજન તૈયાર થઈ રહ્યું હતું એ દરમિયાન ડેનીસ પેલી સુંદરી સાથે સંવનનમાં ઊતર્યો. આંગણામાં એ બેના સિવાય ત્રીજું કોઈ જ ન હતું, પરંતુ ડેનીસના આશ્ચર્ય વચ્ચે પેલીએ તો લાગલો ડૂસકો મૂક્યો. પોતાના પ્રેમીને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો હોવાનું તેણે જણાવ્યું. ડેનીસ તેને સાંત્વન આપવા ખૂબ પ્રયાસ કરવા લાગ્યો, પણ પેલી સાંત્વન પામે તેમ જ ન હતી. થોડીવારે એ કશા નિર્ધાર પર આવી હોય એમ બોલી ઊઠી, 'સરાઇનો માલિક નક્કી ટોળીને બોલાવવા જ ઊપડ્યો હોવો જોઇએ.'

'ટોળી? શાની ટોળી?'

'તમારું ગળું ઘૂંટીને તમારું સર્વસ્વ લૂંટી લેનારી ટોળી!'

ડેનીસ પામી ગયો. સરાઇનો માલિક એક હત્યારી ટોળી સાથે ભળેલો હતો અને આ સુંદરી પણ એ ટોળીની જ સભ્ય હતી. અંદર આવતાં બદમાશ જેવા ચહેરાના સાત માણસોને એણે તાપણા આસપાસ બેઠેલા જોયા. એ પણ તેમની પાસે પહોંચ્યો અને તેમની સાથે ગેલગપાટામાં ભળ્યો. પછી, પોતે કશું જાણી ગયો છે એવો વહેમ એ લોકોને ન આવે એમ હસતાહસતા ત્યાંથી ઊઠીને તે જિરાર્ડ પાસે ઓરડીમાં પહોંચ્યો ને બચાવ માટે તૈયાર રહેવા સૂચના આપી દીધી.

ટોળીનો નેતા એક પડછંદ ફરસીધારી હતો. ઓરડીને આગળો ચડાવવો એ નકામું હતું, કારણ બહારથી પણ એ ઊઘડી શકે તેમ હતો. આથી બંને જણ બારણાની આડમાં ભરાઈ રહ્યા. ટોળીમાંથી પહેલા જ બદમાશે જેવો ઓરડીમાં પગ દીધો કે ડેનીસના ખંજરે તેને પૂરો કરી નાખ્યો. એના મુડદાને બારણા સામે મોં કરીને એક ખુરસી પર ગોઠવી દેવામાં આવ્યું અને જિરાર્ડે તેના ચહેરા પર ફોસ્ફરસ ચોપડીને કપાળ પર 'મોત' એવા અક્ષરો લખ્યા.

પહેલો જનાર બદમાશ પાછો ન ફરતાં સ્વાભાવિક જ બીજો તેની તપાસ અર્થે આવ્યો. એણે અંધારા ખંડમાં ખુરશી પરનો દેખાવ જોયો અને ભયથી છળી ઊઠી સીધી દાદર નીચે દોટ મૂકી. આથી ટોળીનો નેતા જાતે ઉપર આવ્યો અને એ પણ આ દેખાવ જોઈ સ્તબ્ધ બની ગયો. ત્યાં તો ડેનીસે છોડેલા તીરથી તે ઘવાયો, પછી પૂછવું જ શું? ખુરસીને વચ્ચેથી દૂર ફેંકી તે અંધારામાં જ આમથી તેમ ફરસી વીંઝવા લાગ્યો. જબરો જંગ જામ્યો, પણ એ પૂરો થાય તે પહેલાં તો બાજુના ગામેથી મદદ આવી પહોંચી. ટોળીના સરદારે જિરાર્ડ અને ડેનીસથી પોતાની જાત છોડાવીને પકડાઈ જતાં બચવા માટે સીધો દાદર પરથી જ ભૂસકો માર્યો અને મુડદું થઈને ત્યાં જ ઢળી પડ્યો.

બંને ત્યાંથી થોડે આગળ નીકળ્યા ત્યાં એક સૈનિક-ટુકડીનો ભેટો થયો. ફ્લેન્ડર્સનો બળવો શમાવવા ઊપડેલી એ ટુકડીએ ડેનીસનાં ભય અને આશ્ચર્ય વચ્ચે તેને પણ પોતાની સાથે ઢસડ્યો, કારણ તે સૈનિક હતો. જિરાર્ડ એ અજાણી ભૂમિમાં એકે મિત્ર વિનાનો, એકે પૈ વિનાનો અટૂલો બની ગયો—અને હજુ તો રોમ પહોંચવાનો અર્ધો જ માર્ગ કપાયો હતો.

આ બાજુ માર્ગરેટે જિરાર્ડને આશ્રય આપનાર વાન આઈક સાથે બરાબર દોસ્તી બાંધી લીધી હતી. પોતાના મનની બધી વાત તે એનામાં પૂરતો વિશ્વાસ મૂકીને કરતી, પણ એક વાત જે તેને સૌથી વધુ ફિકર કરાવતી તે તેણે હજુ એને કહી ન હતી. જિરાર્ડ એ બંનેના વેવીશાળનું ખત પોતાની સાથે લેતો ગયો હતો, જે એ જમાનામાં લગ્નખત બરાબર ગણાતું.

એક દિવસ વાન આઈકને જ ઘેર અચાનક તેને કેથેરિનનો ભેટો થઈ ગયો. તે કુટુંબ પરનો જિરાર્ડનો પત્ર વંચાવવા આવી હતી. માર્ગરેટની સાથે તેને કદી મેળાપ થયો ન હોઈને તેને એ ઓળખતી નહોતી, એટલે માર્ગરેટ જ તે પત્ર વાંચી આપવા તૈયાર થઈ. કાગળ વાંચતાંવાંચતાં તેની લાગણી એટલી બધી તો ઉશ્કેરાઇ ગઈ કે કેથેરિનના પગ આગળ જ તે મૂર્છા ખાઈને ઢળી પડી. કેથેરિનને આ પ્રસંગે બે વસ્તુ જાણવા મળી. એક તો જિરાર્ડ જેની સાથે પ્રેમમા હતો તે માર્ગરેટ બ્રાન્ટ આ જ, અને બીજું એ કે જિરાર્ડ એક બાળકનો પિતા થવાનો હતો.

વાન આઈક કુટુંબનો એક શિષ્ય હાન્સ મેમલિંગ એ અરસામાં રોમ જવા ઊપડતાં માર્ગરેટે તેને જિરાર્ડ પર એક પત્ર લખી આપ્યો. પરંતુ એ ભલા માણસે વાતવાતમાં જિરાર્ડના ભાઈ સીબ્રાન્ટને એ કહી દેતાં તેણે અને કોર્નેલિસે જઇને મુખી ઘીસબ્રેક્ટ વાન સ્વીટેન આગળ એ વાત મૂકી. પોતાનો અગત્યનો દસ્તાવેજ જિરાર્ડ પાસે હોવાનું જાણતાં ઘીસબ્રેક્ટે તે હોલેન્ડ પાછો જ ન ફરી શકે એવી પેરવી કરવા માંડી. બુઢા સૈનિક માર્ટિને રાજકર્તા પાસેથી ક્યારનોય જિરાર્ડ માટે માફીપત્ર મેળવી લીધેલો તે એ જાણતો નહોતો. તેણે અને જિરાર્ડના બે ભાઇઓએ મળીને મેમલિંગની ટીંગાતી બંડીમાં પડેલો જિરાર્ડ પરનો અસલી કાગળ કઢાવી લઇને એ સ્થાને નકલી કાગળ સેરવી દીધો, જેમાં માર્ગરેટ મૃત્યુ પામ્યાનું જણાવેલું.

માર્ગરેટ અને તેના પિતા પીટર બ્રાન્ટ સેવનબર્ગેન છોડીને રોટરડામની બ્રીડ-ક્ર્ક સ્ટ્રીટમાં એક દરજીની દુકાનના ઉપલા માળે રહેવા લાગ્યાં હતાં. પીટરે દાક્તર તરીકેનો ધંધો શરૂ કરેલો અને થોડા સમય તો બધું બરાબર ચાલ્યું, પણ પછી એ પથારીવશ બન્યો. માર્ગરેટ હિંમત ન હારતાં બાપનો ધંધો ચાલુ રાખી બંનેનું પેટિયું કૂટી કાઢવા લાગી. પરંતુ એના હાથે કોઈ દર્દી મરતો જ ન હોવાથી બીજા દાક્તરોએ તે જાદુગરણી હોવાનો આક્ષેપ તેના પર મૂક્યો અને એ બદલ કેસ ચાલ્યો. કેસમાંથી તો દંડ ભરીને તેનો છુટકારો થયો, પણ દવા આપવાનું તો તેને બંધ જ કરવું પડ્યું. માર્ગરેટ સામે બીમાર પિતા અને સાથે જ રહેતા વૃદ્ધ માર્ટિનને પાળવા ઉપરાંત આવનારા બાળકને પોષવાનો પણ સવાલ ઊભો રહ્યો હતો. એણે પોતાનાં જૂનાં ઘરાકોનાં કપડાં ધોવાનું કામ શરૂ કર્યું ને માર્ટિન તેને એમાં મદદ કરવા લાગ્યો.

એક દિવસ એક અણધાર્યો ને અણગમતો અતિથિ માર્ગરેટને બારણે આવી ચડ્યો. તે હતો ઘીસબ્રેક્ટ વાન સ્વીટેન. વેનિસથી ઉપડેલા એક જહાજ મારફત જિરાર્ડે મોકલાવેલો પત્ર તેના હાથમાં આવી પડ્યો હતો. એણે મૂળ સ્વભાવને વશ બનીને તે પરના સીલ સાથે ચેડાં તો કરેલાં, પણ પછી પૂર્વકૃત્યનાં પશ્ચાત્તાપને વશ બની તે એ પત્ર માર્ગરેટને હાથોહાથ પહોંચાડવા આવ્યો હતો. પત્ર માર્ગરેટના હાથમાં મૂકી તે ત્યાંથી ચોરપગલે ચાલતો થઈ ગયો.

જિરાર્ડને તેના આગળના પ્રવાસમાં ભિખારીઓ, વેપારીઓ, ઉમરાવો આદિ વિવિધ વ્યક્તિઓનો સંગાથ મળેલો. વચ્ચે એક વેપારી કાફલાથી છૂટા પડી જઇ તેણે એક પવનચક્કીમાં આશ્રય લીધેલો, ત્યાં બદમાશોના હાથે મરતોમરતો માંડ બચેલો. ત્યાંથી પછી વેનિસ સુધીના પ્રવાસમાં એને કોઈ મોટું સાહસ ખેડવું નહોતું પડ્યું.

વેનિસથી રોમ પહોંચવા તે જહાજમાં બેઠો, પણ નેપલ્સ અને રોમ વચ્ચે જહાજ ભયંકર તોફાનમાં સપડાયું, અને ભાંગી પડ્યું. આ આપત્તિમાં પણ ભયભીત ન બનનારા જિરાર્ડ સિવાય બીજા કોઈ હોય તો તે હતા એક પડછંદ ડોમિનિકન સાધુ તથા બીજી હતી કેટ ધાવણા બાળક સાથેની એક રોમન માતા. જિરાર્ડે એ માબાળકને માતા મેરીની લાકડાની મૂર્તિ સાથે બાંધી દઈ હોડીની પેઠે દરિયામાં ઉતારી દીધાં. આ રીતે એને બચાવ્યાં પછી જિરાર્ડ અને પેલો ડોમિ-

નિકન સાધુ ભાંગી ગએલા કૂવાથંભને તોડી પાડવા મંડ્યા. એ છૂટો જઈ જતાં બંને તેને વળગી રહીને કિનારે પહોંચ્યા. જિરાર્ડ એને બીજે જ દિવસે રોમની પવિત્ર નગરીમાં પહોંચી ગયો.

રોમમાં પોતાની કલાથી પોતે ઝબકી ઊઠશે એવી જિરાર્ડને આશા હતી, પરંતુ તેણે જોયું કે અજાણ્યા કલાકાર અને કલાના આશ્રયદાતાઓ વચ્ચે એક જબરી દીવાલ ખડી હતી. તે પોતાના જેવી જ સ્થિતિના એક કલાકાર સાથે ગંજીપાનાં પાનાં ચીતરી જેમતેમ પેટિયું રળવા માંડ્યો. એવામાં તેણે જહાજ પર બચાવેલી પેલી સ્ત્રી ટેરેસાનો તેને અચાનક ભેટો થઈ ગયો. એ પોતે તો જિરાર્ડ માટે વધુ કંઇ કરી શકે તેમ ન હતી, પરંતુ ફાધર કોલોના સાથે તેની ઓળખાણ કરાવી આપી. શ્રીમંત અને સત્તાધારી કોલોના કુટુંબનો એ નબીરો કલાનો જબરો આશ્રયદાતા હતો.

ત્યહીંથી જિરાર્ડનો સિતારો ચડતો થયો. તેને પોપના નગર 'વૉટિકન'માંની પોથીઓની નકલ કરવાનું કામ મળ્યું. એક દિવસ તેને રાજમહેલ પરથી તેડું આવ્યું. રાજમહેલમાં કામ કરતાં રાજાની કુંવરી તેના પ્રેમમાં પડી અને પોતાનો એ પ્રેમ તેણે એની આગળ જાહેર સુદ્ધાં કર્યો. પરંતુ જિરાર્ડે તેને દાદ ન આપતાં તેણે એનું કાસળ કઢાવી નાખવાનો મનોમન નિર્ણય કરી લીધો.

જિરાર્ડે એવામાં એક દિવસ નિરાંત મળતાં આડા પડ્યેપડ્યે પેલો દસ્તાવેજ કાઢીને વાંચવા માંડ્યો. લખાણ એવું ગરબડિયું હતું કે અત્યાર સુધી તે એ ઉકેલવા જેટલી ધીરજ રાખી શક્યો ન હતો. તેને એ ઉકેલતાં જણાયું કે ઝીસબ્રેકટે માર્ગરેટ અને તેના પિતાનાં જમીનજાગીર ગેરકાયદે પચાવી પાડ્યાં હતાં. આ અન્યાય નિવારવા એણે સત્વર હોલેન્ડ પાછા ફરવાનો નિર્ણય કર્યો, પણ બીજે દિવસે હાન્સ મેમલિંગના હસ્તક પેલો બનાવટી કાગળ તેને મળ્યો જેમાં જણાવવામાં આવેલું કે માર્ગરેટ મરી ગઇ હતી અને દફનાવાઇ પણ ચૂકી હતી. પત્ર વાંચીને જિરાર્ડને જબરો આઘાત લાગ્યો અને તેનું ચિત્ત ભમવા લાગ્યું.

એક દિવસ આવી ભ્રમિત દશામાં આપઘાત કરવા તે નદીકાંઠે ફરી રહ્યો હતો ત્યાં કુંવરીએ તેનું કાસળ કાઢવા રોકેલો મારો તેની કને આવી પહોંચ્યો. આ મારો બીજો કોઇ નહિ પણ ટેરેસાનો પતિ હતો. એ પોતાની હત્યા કરવા આવ્યો હોવાની જાણ થતાં જિરાર્ડે તેની સામે પોતાની છાતી ખુલ્લી કરીને જલદી જલદી પોતાનો અંત આણી દેવા જણાવ્યું. મારાએ એના અવાજ પરથી એને ઓળખી કાઢ્યો અને પોતાનો ઉગામેલો હાથ તેણે રોકી લીધો. જિરાર્ડે એના પર આ કાયરતા બદલ ધિક્કાર વરસાવતો 'માર્ગરેટ...!' એવી ચીસ સાથે નદીમાં જઇ પડ્યો.

માર્ગરેટને એ જ રાત્રે પુત્રનો પ્રસવ થયો.

જિરાર્ડને પેલા મારાએ જ નદીમાંથી બહાર ખેંચી કાઢ્યો અને નજીકના ડૉમિનિકન મઠમાં તેને લઈ ગયો. ભગ્નાશ બનેલા જિરાર્ડે સંસાર પરથી મન ઉઠાવી લઇ દીક્ષા લઇ લીધી અને સાધુ બની ગયો. જેનો જીવ લેવા પોતાને રોકવામાં આવેલો તેનો જીવ પોતાને હાથે બચાવવાના સાંપડેલા સુયોગે પ્રભાવિત બનેલા મારાએ ખંજરનો ત્યાગ કરીને મજૂરીથી પેટ ભરવાનો નિર્ણય કર્યો. જ્યારે રાજકુંવરી પોતાના કૃત્યથી પશ્ચાત્તાપદગ્ધ બની દીનહીનોની ચરણરજ માથે ચડાવતી યાત્રાએ નીકળી પડી.

દીક્ષાને અંતે જિરાર્ડનું જૂનું નામ પણ બદલી નાખવામાં આવ્યું. તે હવેથી બંધુ કલીમેન્ટ બન્યો.

કલીમેન્ટની બુદ્ધિપ્રતિભાએ મઠમાં સૌને આંજી દીધા હતા. લાટિન, ઈટાલિયન, ફ્રેન્ચ અને ડચ એ ચાર ભાષાઓ પર તો તેનું પ્રભુત્વ હતું. તેને ધર્મોપદેશ માટે ઇગ્લેંડ મોકલવાનું નક્કી થયું. પરંતુ એમ થતાં પહેલાં એની વૈરાગ્યભાવનાને દૃઢ બનાવવાનું જરૂરી સમજીને એ કાર્ય બંધુ જેરોમને સોંપવામાં આવ્યું, જે તોફાનમાં સપડાએલા જહાજ પર જિરાર્ડની સાથે હતો. બંધુ જેરોમ એને જુદીજુદી અનેક કસોટીઓમાંથી પસાર કરવા લાગ્યો, જેમાં સૌથી વધુ તો તેણે ફાધર કોલોનાને મળવાની સમૂળગી કરી દીધેલી બંધી હતી. બંધુ જેરોમના કહેવા પ્રમાણે ફાધર કોલોના સાધુ હોવા છતાં એના હૃદયમાં ખ્રિસ્તી સંપ્રદાયના આદર્શો કરતાં ગ્રીક આદર્શોને વધુ સ્થાન રહેલું.

છેવટે કલીમેન્ટને બંધુ જેરોમ સાથે ધર્મોપદેશ અર્થે ઇગ્લેંડ ઊપડવાનો આદેશ આપવામાં આવતાં તેણે બંને હાથ છાતીએ લગાડી એ આદેશ માન્ય રાખ્યો. એણે માર્ગમાં ધર્મોપદેશ કરતાં સૌપ્રથમ બાલ જવાનું હતું. રોમના ઉત્તર દરવાજેથી ઢાળેલાં નેત્રો સાથે એ બહાર નીકળ્યો અને ફરી પાછો તેનો પ્રવાસ શરૂ થયો. ફેર એ હતો કે આ પ્રવાસમાં કશાં સાહસો કરવાનાં ન હતાં. ચોરો ને લૂટારાઓ એને જોતાં જ દંડવત્ કરવા મંડી જતા અને એની ના છતાં એને પોતે ચોરી આણેલાં નાણાં બળજબરીપૂર્વક બઝાડી એની દુઆ માગતા.

રસ્તામાં કલીમેન્ટને અનેક યાત્રાળુઓ અને યાત્રાસંઘોનો ભેટો થતો. તેમાં ટસ્કનીના એક ગામમાં ભેટેલા યાત્રાળુ સંઘમાંથી એક પર્દાપોશ સ્ત્રી તેના પગ ધોવા આગળ આવી. આવા પાદપ્રક્ષાલનની કશી નવાઈ નહોતી, પણ કલીમેન્ટને એ જે કાળજીથી પગ ધોતી હતી એ જોઈને એના દુ:ખી આત્માને કંઈક સાંત્વન આપવાનું દિલ થયું અને તે બોલ્યો, 'તારી આત્મશાંતિ માટે હું કંઇ કરી શકું તેમ છે, બેટી?'

'કશું જ નહિ, પવિત્ર પિતા, કશું જ નહિ.' તે માથું ધુણાવતી બોલી, 'આ પાપિણી આપના ચરણસ્પર્શ માટે પણ લાયક નથી.'

એ સ્ત્રી બીજી કોઈ નહિ પણ જિરાર્ડની હત્યા માટે મારો મોકલનારી રાજકુંવરી જ હતી. કલીમેન્ટ એના મોંએ એના પાપનો એકરાર સાંભળી રહ્યો. એનો સાચા દિલનો પશ્ચાત્તાપ જોઈ તેણે એને પોતાની જાતને ખુલ્લી પાડ્યા વિના ત્રાહિત વ્યક્તિ તરીકે સાચી હકીકતથી વાકેફ કરી. કુંવરીએ એને છેવટે ઓળખી કાઢ્યો અને એક મંદ ચીસ સાથે તે એના પગે ઢળી પડી.

કલીમેન્ટે તેને ઊભી કરતાં કહ્યું, 'બેટી, હવે જે જિરાર્ડ જ નથી રહ્યો તેને માટે તારી જાતને આટલું કષ્ટ ન આપ. તેં તારા પાપનો એકરાર તો કરી લીધો ને?'

'હા, પિતા!'

'તો હું હવે આજ્ઞાપાલન માગું છું. યાત્રા કરવી છોડીને તું રોમ પાછી ફર અને તારું શેષ જીવન દીનહીનોની સેવામાં વ્યતીત કર.'

કુંવરીએ એ આજ્ઞા શિરોધાર્ય કરી ને બંને છૂટાં પડ્યાં. કલીમેન્ટ ત્યાંથી બાલ પહોંચ્યો.

એ આ રીતે નીકળી પડેલો, પણ માર્ગરેટને છેલ્લા કેટલાય સમયથી એનો કશો પત્તો નહોતો. દસ્તાવેજોની ચોરી બદલ માફી મળી ગઈ હોવાનો પત્ર માર્ગરેટના પિતાએ એના પર લખેલો તેનો યે કશો જવાબ ન હતો.

બાલની વિદ્યાપીઠમાં કલીમેન્ટે કેટલોક સમય ધર્મશિક્ષણ આપ્યા બાદ બંધુ જેરોમ તેને ઇગ્લેંડ લઈ જવા આવી પહોંચ્યો. ર્‌હાઇન નદીને કાંઠેકાંઠે રસ્તામાં ધર્મોપદેશ આપતા બંને આગળ વધતા ડુસેલડૉર્ફ પહોંચ્યા. અહીંથી પાછા રોટરડામ મુકામે ભેગા થવાનું નક્કી કરીને બંને છૂટા પડ્યા. પરંતુ રોટરડામ પહોંચતાં ત્યાં બંધુ જેરોમનો કશો પત્તો ન લાગ્યો. આથી તે પોતાના સંપ્રદાયના કેટલાક સાધુઓને મળ્યો.

તમણે બંધુ જેરોમની લખેલી એક ચિઠ્ઠી તેના હાથમાં મૂકી, જેમાં તેણે જણાવેલું કે ક્લીમેન્ટને ઈંગ્લૅંડ આવવું હોય તો ભલે આવે, પણ પોતાના દેશવાસીઓને જ એ ધર્મોપદેશ આપે એ વધુ ઇષ્ટ હતું. ચિઠ્ઠીને અંતે ક્લીમેન્ટને ચેતવણી આપેલી : 'દુનિયા તને એના વ્યવહારમાં પાછી લપટાવી ન લે એ સામે જાગ્રત રહેજે. અને યાદ રાખજે કે એકાંત, ઉપવાસ અને પ્રભુપ્રાર્થના એ પાપ સામેનાં તલવાર, ભાલો ને ઢાલ છે.'

માર્ગરેટનો પિતા પીટર મરી પરવાર્યો હતો, પણ મરતા પહેલાં એક દિવસ એ અચાનક બોલી ઉઠેલો, 'મને એ એક વિશાળ નદી પર હોડીમાં અહીં આવતો દેખાય છે.' વૃદ્ધ માર્ટિન પણ મૃત્યુ પામેલો. માર્ગરેટને પેટનો ખાડો પૂરતાં ખૂબ મુશ્કેલી પડતી. કેથેરિન એના બાળકને ઉછેરવામાં એને મદદ કરી રહી હતી. જિરાર્ડનો કશો પત્તો ન લાગતાં એ એક દિવસ ગોદા મુકામે ગુફામાં નિવાસ કરતા એક યોગી પાસે પહોંચી અને તેને જિરાર્ડ વિષે પૂછી જોયું. યોગીએ મંદ અવાજે તેને આટલું જ કહ્યું, 'કોઈ સાધુને અહીં મોકલી આપ, મારું મૃત્યુ આવી લાગ્યું છે.'

રોટરડામના સેન્ટ લૉરેન્સના દેવળના ધર્માધ્યક્ષે ક્લીમેન્ટને પોતાને ત્યાં ધર્મોપદેશ માટે નિમંત્ર્યો હતો. એ ત્યાં જઈ રહ્યો હતો ત્યાં જ રસ્તામાં એક સ્ત્રીએ તેને ગોદાના ગુફાવાસી યોગી પાસે પહોંચવા જણાવ્યું. ક્લીમેન્ટે જવાબમાં ડોકું હલાવ્યું અને આગળ વધ્યો.

માર્ગરેટે ઘણા દિવસથી દેવળની મુલાકાત લીધેલી ન હોઈ ને એ દિવસે એ પણ ત્યાં પહોંચી. બેસવાની જગા મળતાં પહેલાં તે એક થાંભલાને અઢેલી ઊભી રહી. ક્લીમેન્ટની નજર એના પર ગઇ અને એ ભયસ્તબ્ધ બની ગયો. એણે તો એ માર્ગરેટનું ભૂત જ હોવાનું માની લીધું. ક્લીમેન્ટના સાધુવેશના કારણે માર્ગરેટ તેને પિછાણી ન શકી, પણ સાધુએ પોતાને પિછાણી લીધી હોવાનો તેના ચહેરા પરનો ભાવ માર્ગરેટથી છાનો ન રહ્યો.

માર્ગરેટનું ભૂત અહીં દેખાતાં તે સેન્ટ લૉરેન્સ દેવળના કબ્રસ્તાનમાં જ દફનાવવામાં આવી હોવી જોઇએ એમ ક્લીમેન્ટે માની લીધું અને વધુ ખાતરી કરવા દેવળના એક સેવકને પૂછી જોયું. આ સેવક એ વખતે માર્ગરેટની પડોશમાં રહેતો હતો અને પહેલાં ઘીસબ્રેક્ટ વાન સ્વીટેનને ત્યાં નોકરી કરતો. તેણે માર્ગરેટ વિષે એને બધી વાત કરી અને એના પ્રેમી જિરાર્ડ પર વાન સ્વીટેન તથા જિરાર્ડના બે ભાઇઓએ મળીને તે મરી ગઈ હોવાનો ખોટો પત્ર લખ્યો હોવાનો પણ સ્ફોટ કર્યો. તે ત્યાં નોકરીએ હતો ત્યારે સગી આંખે મેમલિંગની બંડીમાં કરવામાં આવેલી આ અદલબદલ તેણે જોએલી. આ સહકાર બદલ ઘીસબ્રેક્ટે જિરાર્ડના ભાઇઓને પૈસા પણ આપ્યા હોવાનું તેણે કહ્યું.

ક્લીમેન્ટ આ બધું સાંભળીને અસીમ ક્રોધને વશ બની ગયો અને સીધો તેના બાપના ઘર ભણી ચાલી નીકળ્યો. માર્ગરેટ તરત પેલા સેવક પાસે પહોંચી અને સાધુ સાથે શી વાત થઈ તે પૂછી જોયું. વાત સાંભળીને એ સાધુ બીજો કોઈ નહિ પણ જિરાર્ડ જ હોવાની તેની ખાતરી થઈ ગઈ. જિરાર્ડના ઉગ્ર સ્વભાવથી એ પરિચિત હોઇને કંઈ અમંગલ ન બની જવા પામે એટલા માટે એ પણ ઇલિયાસને ત્યાં ઊપડી. પરંતુ ક્લીમેન્ટ અથવા જિરાર્ડ તો એ જમાનામાં પ્રચલિત સઘળા શાપ કોર્નેલિસ અને સીબ્રાન્ટ પર વરસાવીને ત્યાંથી નીકળી ગએલો.

એને બે મરણાસન્ન વ્યક્તિઓનાં તેડાં આવેલાં. એક તો ગુફાવાસી યોગીનું અને બીજું તગોના મુખી ઘીસબ્રેક્ટ વાન સ્વીટેનનું. આમાંથી એ પહેલો તર્ગો પહોંચ્યો અને વાન સ્વીટેન પાસે તેનાં પાપકૃત્યોનો એકરાર કરાવ્યો. તથા માર્ગરેટની અન્યાયપૂર્વક પડાવી લીધેલી જમીન તેને પાછી આપી દેવાનું વચન એની પાસેથી મેળવ્યું. ત્યાર બાદ પેલા યોગી પાસે પહોંચ્યો. એના મૃત્યુ પછી એનો દફનવિધિ તેણે પતાવ્યો અને ગુફામાં તેનું સ્થાન પોતે લીધું. આ યોગી ગુફાની બહાર કદી આવ્યો જ નહોતો. ભાવિક લોકો એની ગુફાના મોં આગળ ભેટ મૂકી જતા અને તેના આશિષ માગતા.

માર્ગરેટને તેની જમીન પાછી મળતાં તે શ્રીમંત બની ગઈ, પરંતુ હજી તેને એક વાતનું દુઃખ રહ્યું હતું અને તે એ કે જિરાર્ડ પાછો અદૃશ્ય થઈ ગયો હતો. રાજદરબારમાં માનીતા બની ગએલા જિરાર્ડના ભાઈ જાઈલ્સે જિરાર્ડ સાધુ બને ત્યારે તેને એક મઠ બંધાવી આપવાનું વચન આપ્યું હતું, પણ જિરાર્ડનો તો પત્તો જ નહોતો.

માર્ગરેટે છેવટે શોધી કાઢ્યું કે જિરાર્ડે તો ગોદા મુકામે ગુફાનિવાસ સ્વીકાર્યો હતો. એક રાતે પોતાના બાળકને લઈ તે એ ગુફા પર પહોંચી. માર્ગરેટનો પ્રેમ વિસારે પાડવા દેહદમન કરીને એ ખૂબ જર્જરિત અને જ્વરપીડિત બની ગએલો. જેને પોતે ભૂલવા માગતો હતો એ ખુદ માર્ગરેટને જ પોતાની સામે ઉપસ્થિત જોઇને તેને લાગ્યું કે સેતાને જ પોતાને વિચલિત કરવા એને મોકલી હોવી જોઇએ. ખિન્નતોચિડાતો એ ગુફા છોડી નાસી છૂટ્યો. માર્ગરેટ બાળકને ગુફામાં જ મૂકી ચાલતી થઈ ગઈ. એ ફરી પાછી આવી ત્યારે જોયું તો જિરાર્ડ એ બાળકને ખોળામાં લઈ રમાડી રહ્યો હતો. તેણે તો એને કોઈ અનાથ બાળક માની લીધેલું. માર્ગરેટે ફોડ પાડ્યો કે તે તેનો જ પુત્ર હતો.

ત્યાર પછી તો માર્ગરેટના કહેવાથી જિરાર્ડ તેનાં માબાપને ત્યાં ગયો. કેટ બિચારી મરણ પામી હતી. એને જોતાં જ એની માતાએ એવી ચીસ નાખી, જેવી માત્ર કોઈ માતા જ નાખી શકે. જિરાર્ડે ત્યાં ખાધુંપીધું અને આખી રાત ત્યાં રોકાયો.

માર્ગરેટ ત્યાર પછી અવારનવાર જિરાર્ડને મળવા જતી અને એની પાસેથી ધર્મોપદેશ સાંભળતી. બાળક મોટો થતાં તેને નિશાળે મૂકવામાં આવ્યો. એક દિવસ એ જ્યાં ભણતો હતો એ ગામમાં પ્લેગ ફાટી નીકળ્યાના સમાચાર મળતાં જિરાર્ડ સત્વર ત્યાં પહોંચ્યો, પણ માર્ગરેટ તેના પહેલાં ત્યાં પહોંચી ગએલી. બાળક તો બચી ગયો હતો, પણ માર્ગરેટ તેમાં સપડાઈ ગઈ હતી. જિરાર્ડ પાસે એકરાર કરી તે તેના જ હાથમાં મૃત્યુ પામી. ભગ્નહૃદય જિરાર્ડ એનું શબ પોતાની સાથે લઈ ગયો અને ગોદા મુકામે પોતાના ગુફાનિવાસ આગળ જ એને દફનાવી. દફનાવતાં દફનાવતાં ઓચિંતું એના હૃદયમાં દર્દ ઊપડ્યું અને ભગ્ન તથા જર્જરિત જિરાર્ડ શાંતિપૂર્વક મૃત્યુને વરવા નજીકના ડોમિનિકન મઠ ભણી ચાલ્યો.

યોગાનુયોગે મઠનો નવો ધર્માધ્યક્ષ બંધુ જેરોમ જ નીકળ્યો.

'તને બચાવવા મારી જિંદગીનાં દસ વર્ષ આપવા હું તૈયાર છું.' તે બોલ્યો, પણ જિરાર્ડે જવાબ આપ્યો:

'જીવનમૃત્યુની દોરી જેના હાથમાં છે તેનું તેડું મને આવી લાગ્યું છે. એ દોરી તૂટતી મેં સ્વયં સાંભળી છે.

જિરાર્ડના મૃત્યુસમયે ઉપસ્થિત સાધવૃંદના કહેવા મુજબ તેના છેલ્લા શબ્દો હતા: 'હું આવું છું, પ્રિયે, હું આવું છું.'

ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મયનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ઈ. ૧૯૫૪ની સાલ સારુ પ્રો. ધીરુભાઈ પ્રે. ઠાકર, (૯/બ, ભારતીનિવાસ સોસાએટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬)ને સોંપવામાં આવ્યું છે. એટલે સૌ લેખકો તથા પ્રકાશકોને સાહિત્ય સભાની વિનંતી છે કે તેઓ પોતાનાં પ્રકાશનો બહાર પડે કે તરત જ, ઉપરના સમીક્ષકને મોકલી આભારી કરે, કે જેથી તેઓના કામમાં સરળતા થાય.



માધુકરી

અધીર હૈયું ઊછળી રહ્યું છે. આ જિંદગીનો નવજંગ ખેલવા
ઝેલ્લો; ભલે જે પરિણામ હો તે, લડીશ તો પૂરે પ્રતાપદાખવી.
મરીશ હું મારીશ શત્રુ, કિંતુ જંગે ચડ્યો પીઠ બતાવી પાછો
ફરીશ ના, દીનહતાશ થૈ ને આ જિંદગી હીન જીવી જવાને.
(દક્ષિણા) —શશીશિવમ્

એવરેસ્ટના મૂળ શોધક શ્રી રાધાનાથ સિકદાર

'સાહેબ, દુનિયાનું સૌથી ઊંચું શિખર મેં શોધી કાઢ્યું છે.' ઈ. સ. ૧૮૫૨ની એક સવારે હિંદની એ સમયની કંપની સરકારના એક કર્મચારીએ પોતાના ઉપરી અમલદારને કહ્યું.


દુનિયાનું સૌથી ઊંચું શિખર તો એવરેસ્ટ સિવાય બીજું કયું હોય? પોતે એ શોધી કાઢ્યાની વધાઈ આપનાર કર્મચારી હતા શ્રી રાધાનાથ સિકદાર નામના હિંદી, જ્યારે એ વધાઈ ઝીલનાર હતા કંપની સરકારના મોજણીખાતાનો અંગ્રેજ વડો સર ઍન્ડ્રૂ વૉ. કંપની સરકારે હિંદના ભૂપૃષ્ઠની મોજણીનું જે કાર્ય ઉપાડેલું તેમાં શ્રી સિકદારનો ફાળો આમ પણ મહત્ત્વનો તો હતો જ, પરંતુ હિમાલયના વિસ્તારની મોજણીના આંકડાઓ પરથી તેની ઉપર મુજબની તારવણીએ તો એ ફાળો અવિસ્મરણીય જ બનાવી દીધેલ છે.

અને તેમ છતાં તેનું નામ તેના પોતાના જ દેશવાસીઓની સ્મૃતિમાંથી લગભગ સરી પડ્યું છે—ત્રણત્રણ દાયકા સુધી હિમાલયનો પથ્થરે પથ્થર ફરી વળીને એ આખા ય પ્રદેશની અસાધારણ માહિતી મેળવનાર અને જાતનિરીક્ષણથી બંધાએલા અનુમાનને મોજણીના ચોક્કસ આંકડાઓના પ્રમાણ દ્વારા સિદ્ધ કરી આપનાર આ હિંદીને જાણે હિમાલય અને તેના સર્વોચ્ચ શિખર સાથે કંઈ નિસ્બત જ ન હોય એમ એ વિસરાઇ ગયો છે! એવરેસ્ટ સર થયું ત્યારે ક્વચિત ક્યાંક એના નામનો નિર્દેશ થએલો, પણ એથી આગળ વધીને એના નામને ભાવિ પેઢીની સ્મૃતિમાં તાજું રાખવાનો કશો જ પ્રયત્ન થવા નથી પામ્યો. વસ્તુતઃ તો આજે 'એવરેસ્ટ' નામે દુનિયાભરની જીભે ચડી રહેલા શિખરના શોધક શ્રી રાધાનાથ સિકદાર જ છે; જેનું નામ નથી એ શિખરને તેનું હાલનું નામ આપવામાં આવ્યું છે એ સર જ્યૉર્જ એવરેસ્ટ તો એ વખતે હિંદમાંની પોતાની નોકરીથી નિવૃત્ત થઈને ઇંગ્લંડમાં શેષ જીવન ગાળી રહ્યા હતા! આ યશ એમને પણ અણકલ્પ્યો હશે. આ પણ એક બલિહારી જ ને?



સર જ્યૉર્જ એવરેસ્ટ ઓગણીસમી સદીની બીજી પચીસીના ગાળામાં હિંદના સર્વેયર જનરલ હતા. રાધાનાથ એમના હાથ નીચે કામ કરતા. તેમના પ્રત્યે એમને અને એમની પછી એમના સ્થાને આવેલા સર ઍન્ડ્રૂ વૉને ખૂબ માન હતું. રાધાનાથ જેવો બીજો નિષ્ણાત ગણિતી એ સમયે એ ખાતાને મળવો મુશ્કેલ હતો. આ ઍન્ડ્રૂ વૉએ જ રાધાનાથે કહેલા જગતના સર્વોચ્ચ શિખરને પોતાના પુરોગામી અને ખ્યાતનામ ભૂસ્તરશાસ્ત્રી સર જ્યૉર્જ એવરેસ્ટના નામ પરથી 'એવરેસ્ટ' નામ આપી દીધું અને રાધાનાથે પણ એ સામે કશો વાંધો ન લીધો.

વખતના વહેવા સાથે આ શિખરની શોધ જોડે રાધાનાથને જાણે કશી જ નિસ્બત ન હોય એવો ભ્રમ પેદા થયો,—અથવા તો ઉપજાવવામાં આવ્યો એમ કહીએ તો પણ ખોટું



[માસમાસનાં પંખી-૯૮]
અધરંગ

માખીમાર પંખીઓમાં ચકલી જેવડા કદની અધરંગ નામની એક જાત થાય છે. આ ઋતુમાં સિંધ અને એ તરફના સુક્કા પ્રદેશ સિવાય સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના સાલ્સેટ ટાપુથી માંડીને ૫૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીના ખુલ્લી વનરાઈવાળા પ્રદેશમાં, ખાસ કરીને વાંસ જેવી ઝાડીમાં શીતળ છાયાવાળા ખડકાળ પ્રદેશમાં તે જોવા મળે છે. વસતિ વચ્ચે પણ ક્વચિત બાગબગીચામાં એ આવે જાય અને પૂછડી પટપટાવતું, 'કિલીક-કિલીક' અવાજ કરતું છાતી કાઢીને બેસે, અને ઊડતું જીવડું નજરે ચડે કે તુરત તેની પાછળ પડી ઝડપી લે. પોતાના કુળનાં અન્ય પંખીઓ પેઠે માખી વગેરે જીવડાંનો જ એનો આહાર હોવા છતાં, ક્યારેક ફૂલોમાંથી યે શિકાર શોધતું જોવા મળે ખરું. જમીન પર ચાલવાને એ ટેવાએલું નથી.

વાને એ મોટેભાગે ચળકતું આસમાની, કપાળ વાદળી, આંખની ભમ્મર ને ખભા પણ ખુલતા આસમાની જ. છાતી કાટ જેવા આછા રંગની ને હેઠળ જતાં સફેદ થતી જતી. પીઠ અને ઉપરનો ભાગ આસમાની. માદાનો વાન નરના જેટલો ભભકવાળો નહિ. લગભગ એકલું જોવા મળે. શરીરના વાનના ઓછાવત્તા ફેરફારો પરથી તેની જુદીજુદી ત્રણ જાતો નક્કી કરવામાં આવી છે.

એનો મીઠો રણકતો સતત આવતો અવાજ એની હાજરીની જાણ કરાવી દે છે.

સ્થળભેદે સહેજ ફેરફાર સાથે માર્ચથી ઑગસ્ટ એ એનો પ્રજનનકાળ. જમીનથી ત્રણચાર ફૂટ ઊંચે, ઝાડની ડાળીઓનાં મૂળમાં સૂકાં પાંદડાં, સળેકડાં, મૂળિયાં ને લીલ વગેરેનો, આસપાસના વાતાવરણમાં ભળી જઈ જલ્દી નજરે પણ ન પડે એવો માળો બાંધી, તેમાં આછા મટોડી કે તપખીરી રંગનાં અતિ ઝીણાં, રતાશ પડતાં તપખીરી છાંટણાંવાળાં, ત્રણથી પાંચ ઈંડાં તે મૂકે છે.

નથી. હિંદ સરકારના મોજણીખાતા તરફથી બહાર પડેલા 'ઍન્યુઅલ ઑવ સર્વેયિંગ'ના મુખપૃષ્ઠ પર ૧૮૫૧ની પહેલી અને ૧૮૫૨ની બીજી આવૃત્તિમાં રાધાનાથનું નામ મૂકવામાં આવેલું, એટલું જ નહિ પરંતુ એ ગ્રંથના અઘરામાં અઘરો વૈજ્ઞાનિક ભાગ રાધાનાથે લખેલો તે બદલ પ્રસ્તાવનામાં તેમનો ખાસ ઋણસ્વીકાર પણ કરવામાં આવેલો. પરંતુ ૧૮૭૫ના સપ્ટેમ્બરમાં બહાર પડેલી તેની ત્રીજી આવૃત્તિમાંથી વખતના સર્વેયર જનરલ કર્નલ એચ. એલ. થુઇલિયરે એ નામ તથા ઋણસ્વીકાર સમૂળગાં ઉડાવી દીધાં! રાધાનાથ પોતે તો એ વખતે જીવતા નહોતા, પરંતુ જાગ્રત આત્મસંમાનવાળા હિંદીઓએ, અને ન્યાયપ્રિયતાનો જેમનામાંથી લોપ નહોતો થયો એવા અંગ્રેજોએ પણ, એ સામે વાંધો ઉઠાવ્યો, પરંતુ સરતચૂકનું બહાનું આપીને થુઇલિયર છટકી ગયો અને રાધાનાથનું નામ ભુંસાએલું જ રહ્યું. હિંદના શાસક તરીકેનું ગુમાન ધરાવતા ગોરા માનસની આ એક કપટચાતુરી જ હતી, જેના પરિણામે એક હિંદીને તેની અસાધારણ કામગીરીના વાજબી યશથી વંચિત બનાવી દેવામાં આવ્યો છે. હજુ તાજેતરમાં જ બહાર પડેલા જૉન મરેના 'ધ સ્ટોરી ઑવ એવરેસ્ટ'માં હિમાલયના સર્વોચ્ચ શિખરની શોધનો યશ મોજણીખાતાના એક ઍંગ્લો ઇન્ડીઅન કર્મચારી હેનેસીના નામે ચડાવી દેવામાં આવ્યો છે! એ બદલ કશા પુરાવા આપવાની જરૂર એના લેખકને નથી જણાઈ!

'ધી ઍન્યુઅલ ઑવ સર્વેયિંગ'માંથી રાધાનાથનું નામ નીકળી જવા બદલ કર્નલ થુઇલિયરે આપેલું બહાનું તદ્દન વાહિયાત છે. એની ત્રીજી આવૃત્તિ બદલ સર્વાંશે એ જ જવાબદાર છે. એ બહાના સામે 'ફ્રેન્ડ ઑવ ઇન્ડિયા' પત્રે તો તેના તા. ૪થી નવેમ્બર ૧૮૭૫ના અંકમાં સીધો એવો આક્ષેપ કરેલો કે ઈંગ્લંડની રૉયલ સોસાએટીના ફેલો ચૂંટાવા માટે એ આખું ઍન્યુઅલ પોતાના જ પરિશ્રમનું ફળ હોવાનું થુઇલિયરે જણાવેલું, અને એટલા ખાતર જ રાધાનાથનું નામ ઉડાવી દીધેલું, જેનો જવાબ એ આપી નહોતો શક્યો. આ પત્ર ઉપરાંત 'ધી ઈંગ્લિશમૅન', 'પાયોનિયર', 'સ્ટેટ્સમેન', 'હિન્દુ પત્રિકા' વગેરે પત્રપત્રિકાઓએ પણ એ સામે ઊહાપોહ મચાવેલો, જેમાં લેફ. કર્નલ જૉન મૅકડોનલ્ડ નામના મોજણીખાતાના જ એક અધિકારીએ ૧૮૭૬ના જૂનની તા. ૧૭ અને ૨૪ના 'ઈંગ્લિશમૅન'માં રાધાનાથને થએલો અન્યાય દૂર કરવાની જોરદાર હિમાયત કરતાં થુઇલિયરે એના સામે શિસ્તભંગનાં પગલાં લેવા તે વખતની સરકારને જણાવ્યું અને સરકારે તેને ત્રણ મહિના સુધી સસ્પેન્ડ કરીને પછી નીચી પાયરીની જગ્યાએ ઉતારી મૂક્યો! આ હતો એક ભલા અધિકારીને તેના સત્યપ્રેમ અને સ્પષ્ટવક્તૃત્વનો મળેલો બદલો!

શ્રી રાધાનાથ સિકદારનો જન્મ ઈ. સ. ૧૮૧૩માં કલકત્તાના એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થએલો. ૧૮૨૪માં એ હિન્દુ કૉલેજમાં દાખલ થયા અને નવ વર્ષ લગી ત્યાં અભ્યાસ કર્યો. અભ્યાસનાં છેલ્લાં વર્ષો દરમિયાન એમનું મન ગણિત તરફ વળ્યું અને એમના અધ્યાપક ડૉ. ટીટલરે એમને ગણિતમાં તૈયાર કરવા માંડયા. ડૉ. ટીટલરે એમને સંસ્કૃત ભાષા શીખવા અને એમાં લખાએલાં ગણિતનાં પ્રમાણભૂત પુસ્તકો અંગ્રેજી ભાષામાં ઉતારવા કહેલું અને રાધાનાથે સંસ્કૃત શીખવા પણ માંડેલું, પરંતુ કુટુંબની ગરીબ સ્થિતિના કારણે તેમને ક્યાંક પણ નોકરીએ લાગ્યા વિના છૂટકો ન હતો. ડૉ. ટીટલરે જ એ વખતના સર્વેયર જનરલ સર જ્યૉર્જ એવરેસ્ટ પર ભલામણ લખી આપી અને એવરેસ્ટે તેમને માસિક રૂ. ૩૦ના પગારે પોતાના ખાતામાં મોજણીદાર તરીકે જગ્યા આપી.

ઈ. સ. ૧૮૩૨માં મોજણીખાતામાં જોડાયા પછી પણ રાધાનાથે પોતાનો ગણિતનો અભ્યાસ આગળ ચાલુ રાખ્યો. એમની ખંતને લઇને એ એવરેસ્ટના પ્રીતિપાત્ર બન્યા અને તે પોતે એમને ન્યૂટન અને લાપ્લાસના સિદ્ધાંતો શીખવતો. રાધાનાથે ગણિતમાં એવી પ્રવીણતા પ્રાપ્ત કરી કે એમના ખાતામાં એ અનિવાર્ય થઈ પડયા. ઇ. સ. ૧૮૩૭માં હિંદુ કૉલેજના વિદ્યાર્થીઓમાંથી હોશિયાર વિદ્યાર્થીઓને ડેપ્યુટી કલેક્ટરપદે મૂકવાનું નક્કી થતાં રાધાનાથે પણ એ કૉલેજના માજી વિદ્યાર્થી તરીકે અરજી કરી અને સર જ્યૉર્જ એવરેસ્ટ પાસે પોતાની ભલામણ માટે માગણી કરી. એવરેસ્ટને પોતાના ખાતામાંથી આવો શક્તિશાળી માણસ ગુમાવવો પરવડે તેમ નહોતું એટલે એણે ડેપ્યુટી કલેક્ટરપદ માટે ભલામણ કરવાને બદલે રાધાનાથનો પગાર વધારી આપવાની ભલામણ સરકારમાં કરી જેમાં એણે લખેલું કે, '... there are few in India, whether Europeans or native, that can at all compete with him.' એવરેસ્ટની આ ભલામણ સ્વીકારાઈ, પણ સાથોસાથ એવો સરકારી નિયમ પણ અસ્તિત્વમાં આવ્યો કે તમામ સરકારી નોકરોએ તેમના પોતાના ખાતા સિવાયની કોઈ જગ્યા માટે ઉમેદવારી કરવી હોય તો તે કરતાં પહેલાં પોતાના ખાતાના વડાની સંમતિ મેળવવી.

૧૮૪૩માં એવરેસ્ટની નિવૃત્તિ પછી એના સ્થાને આવેલો સર ઍન્ડ્રૂ વૉ પણ રાધાનાથની કામગીરી પર એટલો જ ફિદા હતો. એના પદ દરમિયાન ઈ. સ. ૧૮૫૦માં રાધાનાથે કલકત્તાના દેશી મેજિસ્ટ્રેટ પદ માટે ઉમેદવારી કરવાનો વિચાર કરેલો ત્યારે વૉએ પણ સરકારને ભલામણ કરીને એમનો પગાર વધારાવી આપેલો. ૩૦ રૂપિયાથી વધતો જઇને રાધાનાથનો પગાર આમ ૬૦૦ રૂપિયા પર પહોંચેલો.

૩૦ વર્ષની સેવા બાદ રાધાનાથ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા. ત્યારબાદ બે વર્ષ રહીને ૧૮૬૪માં એમણે હિમાલયનો ફરી એક વાર વિસ્તૃત પ્રવાસ ખેડ્યો ત્યારે દેહરાદૂનથી એ વખતે પ્રસિદ્ધ થતા 'હિલ્સ' નામના વિજ્ઞાનવિષયક સામયિકે એમની સેવાઓ બદલ એમને ભાવપૂર્ણ અંજલિ આપેલી. સ્ત્રીજાતિના ઉદ્ધારમાં સક્રિય રસ લઇને ઈ. સ. ૧૮૫૪થી ૧૮૫૬ સુધી એ શ્રી પ્યારીચંદ મિત્ર સાથે 'માસિક પત્રિકા'ના સંપાદક રહેલા. ગરીબોને આશ્રય આપી, હુન્નરઉદ્યોગ શીખવી, ધંધોરોજગાર મેળવવામાં મદદ કરતી કલકત્તાની 'ડિસ્ટ્રિક્ટ ચૅરિટેબલ સોસાએટી'ના એ સભ્ય અને પાછળથી મંત્રી બન્યા હતા. વિધવાઓના પુનર્લગ્નના એ હિમાયતી હતા અને એ માટેના છૂટ આપવા માટે સરકાર પર અરજી મોકલનારાઓમાંના એક એ પણ હતા. ગ્રીક અને લાટિન ભાષાઓ એ સારી જાણતા અને એમાંનાં કેટલાંક પુસ્તકો બંગાળીમાં પણ ઉતારેલાં. ઈ. સ. ૧૮૭૦ના મેની ૧૭મીએ એમનું અવસાન થએલું.

તીડ અને જેટ વિમાન

તીડ ૧૫૦૦ માઇલ જેટલું અંતર એકીસાથે આટલી ઝડપે કેમ ઊડી શકતાં હશે એ કોયડો ઉકેલવાની કોશિશ કરી હૉલેન્ડના ડૉ. વિઝફોગ નામે વૈજ્ઞાનિકે તીડની છાતીમાં અતિસૂક્ષ્મ યંત્રો ગોઠવ્યાં ને એ પરથી તેની પાંખોના ફફડાટનો આંકડો શોધ્યો. એ પરથી પ્રશ્ન થયો કે બહુ ઝડપથી ફફડતી પાંખોના સ્નાયુઓને પ્રાણવાયુ કેવી રીતે મળતો હશે.

પુષ્કળ જહેમતને અંતે ડૉ. વિઝફોગે એવી શોધ કરી કે પાંખોના સ્નાયુઓ સાથે ઝીણામાં ઝીણી સોયની અણીથી પણ બારીક એવાં છિદ્રોવાળી અનેક નળીઓ હોય છે. તીડ ઊડે અને તેની પાંખો ફફડે ત્યારે એ નળીઓ ધમણની જેમ સંકોચાય છે ને તેમાંથી હવા એક છેડે પેસીને બીજે છેડે નીકળી જાય છે. 'જેટ' વિમાનમાં જે યુક્તિથી હવાનો ઉપયોગ કરવામાં આવે છે તેના જેવી જ બરાબર આ ક્રિયા છે.

'જેટ' વિમાનમાં આ ક્રિયા પેટ્રોલથી ચાલતુ યંત્ર કરે છે, એટલે તેને થોડેથોડે સમયે પેટ્રોલ ભરવા નીચે ઊતરવું પડે છે.

તીડનાં ટોળાં હજારો માઇલ દૂરથી ભિનાશવાળા પ્રદેશ તરફ ખેંચાઈને કેવી રીતે આવે છે તે કોયડો પણ ડૉ. વિઝફ્રાગે ઉકેલ્યો. તેમના સંશોધન મુજબ તીડના કપાળમાં બારીક રુવાંટી જેવા જ્ઞાનતંતુ હોય છે. એ એટલા સતેજ હોય છે કે હવાના ઝીણામાં ઝીણા પ્રવાહોનું વહેણ કઈ દિશામાં છે તે એ જાણી શકે છે, અને એ પરથી તીડ ભિનાશવાળા પ્રદેશની દિશા પકડી પાડી ત્યાં યોગ્ય હવામાનમાં ઇંડા મૂકે છે.

બારીક પોલાદ

એકઈંચના ૧,૦૦,૦૦૦ ભાગ જેટલું બારીક પોલાદ અમેરિકાના એક કારખાનાએ તૈયાર કર્યું છે. માનવીના વાળ કરતાંયે ત્રીસમા ભાગ જેટલા સૂક્ષ્મ આ પોલાદની બારીક પટ્ટી પેન્સિલથી અરધા કદની ભૂંગળી પર વીંટીને તેને અત્યંત થોડા વીજળિક પ્રવાહ વડે ચુંબકત્વ આપી શકાય છે. એની કિંમત, એક રતલના સેંકડો ડૉલર જેટલી મોંઘી છે, પણ કેટલાં યંત્રોમાં વાતશૂન્ય (વૅક્યુમ) નળીને સ્થાને એ વાપરી શકાશે.

પ્લાસ્ટિક મિશ્રિત ધાતુનાં પતરાં

'યુનાઈટેડ સ્ટેઈટ્સ રબર કંપની'એ સ્ટીલ અને ઍલ્યુમાનિયમનાં પતરાં સાથે પ્લાસ્ટિકનું પડ જોડી દેવાની એક કરામત શોધી છે. આને પરિણામે તૈયાર થતા પદાર્થમાં સ્ટીલ અને અલ્યુમિનિયમની મજબૂતી અને ટકાઉપણું આવવા ઉપરાંત પ્લાસ્ટિકના ગુણ તરીકે એને કાટ ચડતો નથી તેમજ પ્લાસ્ટિકના ચળકતા રંગ પણ તેમાં આવી શકે છે. આ પદાર્થ બાંધકામની દીવાલોમાં, મકાનમાં પાર્ટિશન ઊભાં કરવામાં, ફર્નિચરમાં, ખટારાની દીવાલોમાં. તેમજ બીજાં ઘણાં કાર્યોમાં વપરાશે. આ નવા પદાર્થની કિંમત હજી નક્કી નથી થઈ, પણ સંસ્થાના અધિકારીઓ અંદાજે છે કે ગેલ્વેનાઈઝડ ધાતુ કરતાં એની કિંમત જરા વધારે રહેશે છતાં 'સ્ટેઈનલેસ સ્ટીલ' કરતાં તો એ ઘણો સસ્તો પડશે.

એ રબર કંપનીએ ધાતુઓ અને પ્લાસ્ટિકનું જોડાણ કરી આપે એવો ખાસ ચીકણો પદાર્થ તૈયાર કર્યો છે. ધાતુનાં પતરાં પર એ પદાર્થ લગાવીને પછી એના પર પ્લાસ્ટિક ચોંટાડવામાં આવે છે, ને પછી એ બન્ને પડને થોડી વાર ગરમ કરવામાં આવે છે. આ રીતે તૈયાર થતાં પતરાં ઊંચા ઉષ્ણતામાન, દબાણ કે ઠંડક સામે ટકી શકે છે. એ સાધન એટલું તો મજબૂત થાય છે કે ધાતુ પરથી એ પ્લાસ્ટિકને ઉખેડવા માટે એક ચોરસ ઇંચ જગ્યા ઉપર ૪૦ રતલથી વધારે દબાણ અજમાવવું પડે, અથવા ૧૬૦ ડિગ્રી ફેરનહીટથી વધારે ગરમી આપવી પડે, યા તો ૧૦૦૦ કલાક સુધી ૧૦૦ ટકા ભેજ તેને લગાડવો પડે. આ પદાર્થને ૧૮૦ ડિગ્રી જેટલો બેવડ વાળવા છતાં ધાતુમાંથી પ્લાસ્ટિક જુદું નથી પડતું.

સેલ્યુલોઝના અસંખ્ય ઉપયોગો

વનસ્પતિની દુનિયાના પ્રાથમિક પદાર્થ ગણાતા સેલ્યુલોઝના સેંકડો નવાનવા ઉપયોગો અર્વાચીન વિજ્ઞાને શોધી કાઢ્યા છે.

દરેક પ્રકારના લાકડામાં લગભગ અરધો ભાગ સેલ્યુલોઝ હોય છે. રૂ, શણ અને ભીંડીમાં, વનસ્પતિના છોડના રેસાઓમાં સેલ્યુલોઝ હોય છે. કાગળ તો પોતે જ નિર્ભેળ સેલ્યુલોઝ છે.

આજે સેલ્યુલોઝને રસાયણોમાં મેળવીને એમાંથી કાપડ, પ્લાસ્ટિક, લાખનો વાર્નિશ અને ફિલ્મ બનાવવામાં આવે છે. આમ, ચાર મોટા અર્વાચીન ઉદ્યોગોમાં મહત્વની સામગ્રી બની રહેવા ઉપરાંત અસંખ્ય ચીજોમાંપણ સેલ્યુલોઝનો ઉપયોગ થાય છે, જેમાં નખ રંગવાના પૉલિશ અને જહુરનાં ગૂમડાં પરના ઔષધથી માંડીને ભીંત માટેનાં પાટિયાં અને યંત્રો ચલાવવાના પટ્ટા સુધીનું વૈવિધ્ય છે.

પેન્સિલથી માંડીને મોટરગાડી સુધીની વસ્તુઓમાં સેલ્યુલોઝના લૅકર (લાખ)—વાર્નિશના ઉપયોગ થાય છે, અને પારદર્શક સેલ્યુલો ચીજવસ્તુઓનાં પડીકાં બાંધવામાં વપરાય છે.

ઊનનું સર્વપ્રથમ કાંતણ-વણાટ થયું એ પછીથી આજ સુધીનાં ત્રીસ સૈકામાં કાપડકલાને ક્ષેત્રે જેટલા નૂતન ભાપાક નથી સર્જાયા એટલા નૂતન અને વૈવિધ્યભર્યા વસ્ત્રો સેલ્યુલોઝમાંથી તૈયાર થતા રેયૉન કાપડ માંથી છેલ્લાં ત્રીસ વરસમાં બનાવી શકાયાં છે. સેલ્યુલોઝ ફિલ્મ પ ઉતારવામાં આવતું ચલચિત્ર એ શિક્ષણ ને મનોરંજનને ક્ષેત્રે સેલ્યુલોઝ માંથી બનેલા કાગળ પર છપાએલા શબ્દો જેટલુંજ મહત્વનું સાધન

ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં કેટલાંક પ્રવાહીઓમાં ફીણ્ણા પડતા અટકાવવા માટે સેલ્યુલોઝનું પ્રવાહી વપરાય છે. જેનો વપરાશ અમેરિકન ઉદ્યોગોમાં દર વરસે એક કરોડ રતલથી યે વધુ છે. પણ સેલ્યુલોઝનો મોટામાં મોટો વપરાશ તો કપડાં ધોવામાં થાય છે. સેલ્યુલોઝ પાણીમાંનો કચરો ને મેલ તરે છે અને ધોવાતાં કપડાં સ્વચ્છ રહે

કાગળમાંથી બનતાં પૂઠાંની સપાટી સારી બનાવવા માટે પ સેલ્યુલોઝ વપરાય છે. આ ઉપરાંત ગુંદરની ચીજો, માટીકામ વગેરે પણ સેલ્યુલોઝ કામ આવે છે. ખાદ્ય પદાર્થો, ઔષધો અને અંગપ્રસાધન(ટાઇલેટ)નાં સાધનો બનાવનાર ઉદ્યોગોમાં 'સેલ્યુલોઝ ગમ'નો વ્યાપક ઉપયોગ થાય છે. આઈસ્ક્રીમ અને સલાડના ડ્રેસિંગમાં સેલ્યુલો સુંવાળપ લાવે છે. તેમજ વજન ઘટાડવાની ગોળીઓમાં પણ તે વપરાય

માનવ-ખમીરની પરાકાષ્ઠા



જગતની ઊંચામાં ઊંચી ઇમારત ન્યૂ યૉર્કના એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગના ઘૂમટ પર, જમીનથી ૧૨૫૦ ફૂટ ઊંચે, કલાકે ત્રીસ માઈલની ઝડપે ફૂંકાતા ઠંડાગાર પવનથી જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતી લટકતી ખુરસી કે કમરબંધના એકમાત્ર આધાર પર ટકી રહી વીજળીના કારીગરોએ ટેલીવિઝનનાં આંદોલનો પ્રસરાવવા માટે, બિલ્ડિંગની ટોચથી પાછો ૨૨૦ ફૂટ ઊંચો પોલાદી મિનારો ઊભો કર્યો. કોઇ પણ આધાર વિના અંતરીક્ષમાં તોળાઇને કામ કરતા આ કારીગરનું આ છાતીધડાપણું માનવ ખમીરની એક પરાકાષ્ઠા દર્શાવે

શ્રી એમ. એન. રૉય (અનુસંધાન પૃષ્ઠ ૮૯થી)

જોઈ. પેકિંગમાંના જર્મન પ્રધાનની મુલાકાત લઈ તેને પણ આ દિશામાં કંઈક કરવા કહ્યું. જર્મન પ્રધાને હિંદીઓને એવડી મોટી મદદ આપવા અશક્તિ બતાવતાં નરેન આખી યે વસ્તુસ્થિતિ પામી ગયો. તેણે જોયું કે બ્રિટન અને જર્મની બંને એક ગગનાં જ બે ફાડિયાં હતાં. બન્ને સામ્રાજ્યભૂખ્યાં હતાં અને સંસ્થાનો તથા કાચામાલ માટે લડી મરતાં હતાં. એમની વચ્ચેનું યુદ્ધ જગતમાં પ્રજાતંત્રની સ્થાપના માટે તો નહોતું જ. જર્મનીનો અહેસાન સ્વીકારવો એ બ્રિટનને કબજે પડેલા હિંદને તેની પાસેથી છોડાવીને જર્મની પાસે ગીરો મૂકવા બરાબર હતું.

પરંતુ તત્કાળ પૂરતાં થોડાંઘણાં પણ શસ્ત્રાસ્ત્રો તો મેળવવાં જ જોઈએ. તો જ હિંદમાંનું ક્રાન્તિકારી સંગઠન વેગ પકડે તેમ હતું. આથી એણે જર્મની જવાનો વિચાર કર્યો. સીધા તો જઇ શકાય એમ હતું જ નહિ એટલે એક કેથલિક સાધુના વેશમાં એ અમેરિકા પહોંચ્યો. પણ ત્યાં ઊતર્યાંને બેએક દિવસ થયા હશે ત્યાં તો હિંદનો એક ભયંકર ક્રાન્તિકારી અમેરિકાને કાંઠે ઊતર્યો હોવાનું બુમરાણ ત્યાંનાં છાપાંઓએ મચાવી મૂક્યું. નરેનના એક સાથી યદુગોપાલના ભાઇ નાનુગોપાલ મુખરજીએ આ આપત્તિથી છૂટવા નરેનને તેનું નામ બદલી નાખવા સૂચવ્યું અને તેમણે પોતે જ નવું નામ શોધી આપ્યું. આ નવું નામ તે માનવેન્દ્રનાથ (એમ. એન.) રૉય, જે નામ ત્યાર બાદ એ મહાન માનવતાવાદીનું કાયમી નામ બની રહ્યું.

શ્રી. એમ. એન. રૉયે જર્મનીમાં વધુ પડતી શ્રદ્ધા ધરાવી રહેલા અમેરિકામાંની ગદર પાર્ટીના કાર્યકર્તાઓને સમજાવ્યું કે જર્મન સરકાર તો કેવળ હિંદીઓની વતનફરોશીનો લાભ લેવા માગતી હતી માટે તેની સાથે બહુ સાવધાનીથી કામ લેવા જેવું હતું, પણ એ લોકોને ગળે એ વાત ન ઊતરી. પોતે જર્મની પહોંચી બને તેટલી મદદ હિંદી ક્રાન્તિકારીઓને પહોંચાડી શકે માટે પોતાને થોડીક સહાય કરવાની વિનંતી રૉયે તેમને કરી જેનો પણ એ લોકોએ અસ્વીકાર કર્યો અને રૉય અમેરિકા છોડી ન શક્યા.

આ અરસામાં બીજી કંઈ પ્રવૃત્તિ ન હોતાં એમ. એન. રૉયે પોતાનો બધો વખત અભ્યાસ અને ચિંતનમાં જ ગાળવા માંડ્યો. જગતના ભિન્નભિન્ન રાજનૈતિક ને સામાજિક સિદ્ધાંતોના તથા પદાર્થશાસ્ત્રથી માંડી ભૂસ્તરશાસ્ત્ર સુધીનાં અનેક વિજ્ઞાનોનો ઊંડો અભ્યાસ કર્યો. તેને પરિણામે એમની શ્રદ્ધા માર્ક્સપ્રણીત સમાજવાદ તરફ ઢળી.

હિંદમાંથી કાઢી મૂકવામાં આવેલા લાલા લજપતરાય ત્યારે અમેરિકામાં હિંદતરફી પ્રચાર કરી રહ્યા હતા. રૉયે તેમની મુલાકાત લીધી અને એમના પ્રચારમાં એમને મદદ કરવા માંડી. લાલાજીએ ત્યારે પૂરા કરેલા 'ઇંગ્લૅંડસ ડેટ ટુ ઇન્ડીઆ'માં રૉયે સારા પ્રમાણમાં મદદ કરેલી અને લાલાજી તો લેખક તરીકે પોતાની સાથે રૉયનું નામ મૂકવા પણ તૈયાર થએલા, પણ ખુદ રૉયે જ તે માટે ના પાડી. કારણ, એ પુસ્તકની પ્રસ્તાવના લખી આપનાર કોલંબીઆ યુનિવર્સિટીના પ્રોફેસર સેલિગમાનના કહેવાથી લાલાજીએ પુસ્તકનો મૂળ ભાવ જ આખો બદલી નાખેલો. એ પુસ્તકમાં એમણે હિંદનું ધ્યેય 'સાંસ્થાનિક સ્વરાજ' ગણાવેલું જ્યારે રૉય તો સંપૂર્ણ સ્વતંત્રતાના હિમાયતી હતા. વળી સ્વતંત્રતા એટલે વિદેશીઓને બદલે દેશીઓનું શાસન નહિ પણ રાજકીયની સાથોસાથ આર્થિક અને સામાજિક સ્વતંત્રતા પણ હોવી જોઇએ એવી વિશાળ એમની વ્યાખ્યા હતી.

અમેરિકામાં રહીને ત્યાંના મજૂર આંદોલનમાં સક્રિય ભાગ લેવા માંડતાં ત્યાંની સરકારે એમને ભયંકર ક્રાન્તિકારી ગણી અટકમાં લીધા. પોતાને છૂટા મૂકવામાં આવે તો પોતાના કેસમાં બચાવનો પ્રબંધ પોતાનાથી થઈ શકે એમ તેમણે જણાવતાં એમને છૂટા મૂકવામાં આવ્યા. છૂટા થએલા એમ. એન. રૉયે સીધી મેક્સિકોની વાટ પકડી.

મેક્સિકોમાં પણ ક્રાન્તિનું આંદોલન ત્યારે જોર પર હોઈને રૉય ત્યાંના ક્રાન્તિકારી નેતા અલવારો ઓબરગોન સાથે ખભેખભા મિલાવી કામ કરવા લાગ્યા. એમનાં ઉત્સાહ અને એકનિષ્ઠાથી ત્યાંની પ્રજામાં તે એટલા પ્રિય થઈ પડ્યા કે આજે ય ત્યાંના લોકો એમને ભૂલી નથી શક્યા. એમણે ત્યાં કમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના કરી, જે રશિયા બહાર સ્થપાએલી પહેલી જ કમ્યુનિસ્ટ પાર્ટી હતી. એના પહેલા સેક્રેટરીપદે પણ એ જ ચૂંટાયા, એટલું જ નહિ પણ પક્ષના મુખપત્ર 'અલ કમ્યુનિસ્ટા'નું સંપાદકપદ પણ એમને જ સોંપવામાં આવ્યું.

મેક્સિકોમાં રહીને શ્રી એમ. એન. રૉયે એમનું પહેલું પુસ્તક 'વિશ્વશાંતિનો રાજમાર્ગ' ('The High Road to World Peace') લખ્યું. જેમાં યુદ્ધના કારણોનું એમણે વૈજ્ઞાનિક દષ્ટિએ પૃથક્કરણ કરી એને અંતે અમેરિકન સામ્રાજ્યવાદ પર એક પરિચ્છેદ જોડ્યો. મેક્સિકોનો ખુદ પ્રમુખ આ પુસ્તકથી એટલો પ્રભાવિત થયો કે તેણે રૉયને ખાસ મુલાકાતે બોલાવી તેને ધન્યવાદ આપ્યા. ત્યારથી જ પ્રમુખ સાથે રૉયનો એવો ગાઢ સંબંધ બંધાયો કે કેટલાક તો તેને 'પ્રમુખના બિનસરકારી સલાહકાર' જ ગણવા માંડેલા. રૉયે એમનાં પહેલાં લગ્ન પણ મેક્સિકોમાં જ, એમની સાથે ત્યાંની ક્રાન્તિકારી પ્રવૃત્તિમાં ભાગ લઈ રહેલી એવલીના નામક મેક્સિકન યુવતી સાથે કરેલાં. સ્પેનિશ ભાષા પર સારો કાબૂ મેળવી લીધો હોઈ એમણે એ ભાષામાં હિંદ પર એક પુસ્તક પણ બહાર પાડ્યું.

ઈ.સ. ૧૯૧૯માં રશિયન નેતા બોરોદિન યુનાઇટેડ સ્ટેટ્સથી છટકીને મેક્સિકો આવી પહોંચ્યો અને રૉયની સાથે રહેવા લાગ્યો. રશિયન ક્રાન્તિના નાયક લેનિનને લાગ્યા કરતું હતું કે રૉય જો રશિયા આવે તો આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનમાં તે અત્યંત મદદરૂપ થઈ પડે. રૉયની ઈચ્છા મેક્સિકો છોડવાની નહોતી, પણ બોરોદિનના સતત આગ્રહથી છેવટે તે ત્યાં જવા તૈયાર થયા. માર્ગમાં એમને કશી મુસીબત ન આવે એટલા માટે એમના પાસપોર્ટમાં એવો ખાસ શેરો મારવામાં આવેલો કે 'મેક્સિકોની સરકારના પ્રમુખના વિશ્વાસપાત્ર એજન્ટ.'

રૉય બર્લિન પહોંચ્યા ત્યારે યુદ્ધ બાદ સ્થપાએલી પ્રજાતંત્રીય સરકાર સામે પ્રતિક્રાંતિકારી બળો જોર પર આવેલાં. પરંતુ ત્યાંના કમ્યુનિસ્ટ નેતાઓ સાથે પરિચય સાધીને તેમની કાર્યદિશા જાણી તેઓ ત્યાં વધુ ન રોકાતાં ૧૯૨૦ના આરંભમાં રશિયા પહોંચ્યા.

લેનિને તો એમને મળતાં લાગલું આશ્ચર્ય જ પ્રદર્શિત કર્યું, 'અરે, હું તો માનતો હતો કે રૉય કોઈ બુઢ્ઢો અને ચહેરા પર લાંબી સફેદ દાઢીવાળો આદમી હશે!' રૉય ત્યારથી લેનિનના સહકારી બની રહ્યા અને તેના મૃત્યુ પર્યંત બંને વચ્ચેનો એ સંબંધ કાયમ રહ્યો. આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંગઠનમાં રૉયે આપેલી સેવાઓનો ખયાલ લેનિનના લેખો તથા કૉમિન્ટર્નના દસ્તાવેજો પરથી મળી રહે છે.

લેનિને સામ્યવાદીઓની બીજી વિશ્વપરિષદ સમક્ષ રજૂ કરવા રાષ્ટ્રીય આંદોલનો અને સાંસ્થાનિક સમસ્યાઓ પર એક 'થીસીસ' તૈયાર કરી રૉયનો અભિપ્રાય જાણવા તે એમને વાંચવા આપી. રૉયે એના કેટલાક ભાગ સાથે પોતે સહમત ન હોવાનું જણાવી પોતાની જુદી થીસીસ લખી. લેનિનની સાથોસાથ રૉયે પણ પોતાની થીસીસ વિશ્વપરિષદ સમક્ષ રજૂ કરતાં દુનિયાભરના પ્રતિનિધિઓ આ હિંદી નવજુવાનની હિંમત પર મુગ્ધ બની ગયા. પરિષદે બંને થીસીસ સ્વીકાર કરતાં એવું નક્કી કર્યું કે 'થોડાં વર્ષોના અનુભવે બેમાંની થીસીસ સમર્થનીય છે તેનો ખયાલ આવી જશે માટે છેવટનો નિ

ભવિષ્ય પર મુલતવી રાખવો.'

રૉયે પોતાની આ થીસીસ 'ઈન્ડીઆ ઈન ટ્રાન્ઝીશન' પુસ્તકમાં મૂકી. હિંદ પરની વિદેશી સરકારે તો એ પુસ્તક પર તરત જ પ્રતિબંધ મૂકી દીધો, પણ ચોરીછૂપીથી એની કેટલીક નકલો આવી પહોંચી. અને એથી હિંદમાં કમ્યુનિસ્ટ સંગઠનને જબરી મદદ મળી. યુરોપની અનેક ભાષામાં એ પુસ્તકનું ભાષાંતર થયું અને જર્મન ભાષામાં તો એક જ વર્ષમાં એની ત્રણ આવૃત્તિ બહાર પડી. લેનિનની થીસીસનો સૂર એ હતો કે શાહીવાદી કબજા નીચેના દેશોમાં ત્યાંનો મૂડીદાર વર્ગ ક્રાન્તિ માટેની તાકાત બની શકે તેમ હતો, જ્યારે રૉયની થીસીસ એ હતી કે એ વર્ગ શાહીવાદી લૂંટનો નાનો ભાગીદાર ('જૂનિયર પાર્ટનર') હોઈ તેના દ્વારા ક્રાન્તિ સંભવિત નહોતી; ક્રાન્તિનું નેતૃત્વ તો મજૂરો, કિસાનો અને નીચલા મધ્યમ વર્ગના લોકો જ લેવાના.

ઈ.સ. ૧૯૨૪માં મળેલી 'કમ્યુનિસ્ટ ઈન્ટરનેશનલ'ની પાંચમી વિશ્વપરિષદે રૉયની જ થીસીસ માન્ય રાખી અને તે લેનિન, ટ્રૉટસ્કી, સ્તાલિન ને બુખારિનની કક્ષાના નેતા ગણાવા લાગ્યા. મોસ્કો સોવિયતની કારોબારીના એ સભ્ય ચૂંટાયા, લાલ લશ્કરના 'રેજિમેન્ટલ કમાન્ડર' બન્યા, અને કૉમિન્ટર્નના પૂર્વના દેશોને લગતા ખાતાના પ્રધાન નિમાયા. બોરોદિન વગેરે સાથે એમણે મધ્ય એશિયાની મુલાકાત લઈ, ઝારના શાસન નીચેથી મુક્ત થએલા એ મુલકોમાં પ્રતિક્રાંતિકારી બળો જોર પકડે એ પહેલાં તેમને સોવિયત સંઘના સમાન સભ્યો જાહેર કર્યાં અને રશિયન તુર્કસ્તાને તો એમને જ પોતાના પહેલા પ્રમુખ બનાવ્યા.

૧૯૨૧માં લેનિનના બોલાવવાથી એ મોસ્કો પાછા ફર્યા. એ અરસામાં અમદાવાદ મુકામે ભરાએલી કૉંગ્રેસ પર એમણે વિચારણા અર્થે એક વિજ્ઞપ્તિપત્ર મોકલી આપેલો, જેમાં રાજકીય ઉપરાંત આર્થિક અને સામાજિક સ્વતંત્રતા માટે પણ લડવાની વિનંતી કૉંગ્રેસને કરેલી. એ જુદાજુદા દેશોની મુલાકાત લઈ સામ્યવાદી સંગઠન વધુ મજબૂત બનાવવા લાગ્યા. એ જ ઉદ્દેશે પ્રથમ 'વેનગાર્ડ' અને પછી 'માસિઝ' નામક પત્રો શરૂ કર્યાં, જે ૧૯૨૮ સુધી ચાલુ રહ્યાં.

ચીની રાષ્ટ્રવાદીઓનો કુઓમિન્તાંગ પક્ષ પ્રત્યાઘાતી બનવા માંડતાં ૧૯૨૦માં ત્યાં કમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના થએલી, ત્યાર બાદ બંને વચ્ચે ઘર્ષણ વધતું ગએલું. આ પરિસ્થિતિમાં ઈ. સ. ૧૯૨૭માં રૉય અને બોરોદિનને ચીન મોકલવામાં આવ્યા. રૉયે કમ્યુનિસ્ટોને સુન-યત-સેન પછીના લોકપ્રિય ચીની નેતા વાંગ-ચિંગ-વેઈને સહકાર આપવા કહ્યું, જ્યારે બોરોદિને ફરી પાછો કુઓમિંતાંગ સાથે સહકાર સાધવા જણાવ્યું. ચીની કમ્યુનિસ્ટોએ બોરોદિનની સલાહ માન્ય રાખી જેના પરિણામે ચીનની ક્રાન્તિ કેટલાંક વર્ષ આગળ ઠેલાઈ.

ઈ. સ. ૧૯૨૮માં કૉમિન્ટર્નની છઠ્ઠી વિશ્વપરિષદ મળી ત્યારે લેનિનનું અવસાન થઇ ચૂકેલું. રૉય બીમાર હોઇને ચિકિત્સા માટે જર્મનીમાં હતા. દરમિયાન સ્તાલિનવાદીઓએ સત્તા હાથ કરી લીધેલી અને આ પરિષદ મારફત કૉમિન્ટર્નની સ્વીકૃત નીતિમાં પણ ફેરફાર કરાવ્યો. આ નીતિપલટાથી જગતભરના ક્રાંતિકારી સંગઠનને ભારે ક્ષતિ પહોંચી અને જર્મનીમાં હિટલરનો ઉદય થયો. પાછળથી ૧૯૩૫ની સાતમી વિશ્વપરિષદે આ નીતિનો અસ્વીકાર કર્યો. કહેવાય છે કે આ પરિષદ પર રૉયે જર્મનીથી મોકલાવેલો પત્ર સ્તાલિનવાદીઓએ તેની સમક્ષ રજૂ જ ન કર્યો. રૉયે સ્તાલિનવાદીઓના આ સ્વચ્છંદ તથા તેમની માર્ક્સ-લેનિન-વિરોધી નીતિ સામે 'બ્રેન્ડલર-પ્રેસ'માં લેખ લખતાં સ્તાલિનવાદીઓએ તેમને કૉમિન્ટર્નમાંથી ઉખેડી નાખ્યા, એટલું જ નહિ પરંતુ કુસીનિને તો રૉયના મસ્તક સુદ્ધાંની માગણી કરી. રૉયને ત્યાર બાદ સ્તાલિનવાદીઓ 'કમ્યુનિસ્ટ-વિરોધી', 'ગુમરાહ', 'વિશ્વાસઘાતી', 'શાહીવાદીઓનો એજન્ટ' વગેરે અનેક વિશેષણોથી નવાજતા રહ્યા. કૉમિન્ટર્નમાંથી દૂર થએલા રૉય પર લંડનના 'ટાઇમ્સ' પત્રે 'મોસ્કોના એજન્ટનું પતન!' એ શીર્ષક નીચે તંત્રીલેખ લખ્યો અને બ્રિટિશ પત્રો એમની બદનામીનો ધંધો લઈ બેઠાં. જર્મનીના મજૂર આંદોલનમાં એ ભાગ લઇ રહ્યા હતા, પણ જર્મન કમ્યુનિસ્ટો અને જર્મન ઉદ્યોગપતિઓ બંને એમને જર્મનીમાંથી હાંકી કાઢવામાં પ્રવૃત્ત બન્યા.

ઈ. સ. ૧૯૩૦ની હિંદની રાષ્ટ્રીય લડતને કચડી નાખવાના બ્રિટિશ શાહીવાદના પ્રયત્ન સામે શ્રી એમ. એન. રૉયે બ્રિટનની મજૂર સરકારને હિંદીઓની પોતાની બંધારણસભા બોલાવી તેના દ્વારા હિંદનું લોકશાહી બંધારણ તૈયાર કરવાની વિનંતી કરતો પત્ર પ્રસિદ્ધ કર્યો. એ જ અરસામાં શ્રી જવાહરલાલ નેહરુની અનુમતિપૂર્વક એમણે જર્મનીમાં કૉંગ્રેસની એક શાખા ખોલી.

ત્યાર બાદ શ્રી રૉય એક દિવસ હિંદમાં આવી પહોંચ્યા. એ ક્યારે અને કેવી રીતે આવી લાગેલા એ કોઈ જ જાણતું નહોતું. ૧૯૩૧ના જૂનની ૨૧મીનાં વર્તમાનપત્રોમાં એમની ગિરફતારીના સમાચાર છપાયા ત્યારે જ લોકોને એની જાણ થવા પામી. ત્યાર પછી તો માલૂમ પડ્યું કે ડૉ. મહમૂદના નામે એ કૉંગ્રેસના કરાચી અધિવેશનમાં પણ હાજર રહેલા. ૧૯૨૪ના કાનપુર કાવતરા કેસના આરોપી તરીકે એમના પર મુકદ્દમો ચલાવવામાં આવ્યો અને ૧૨ વર્ષની કાળાપાણીની સજા થઈ. આ મુકદ્દમામાં પોતાનો બચાવ શ્રી રૉયે જાતે જ કરેલો અને એક ગુલામ દેશના નાગરિકને રાજદ્રોહ કરવાનો નૈતિક, કાનૂની અને માનવીય અધિકાર હોવાનું જે વક્તવ્ય રજૂ કર્યું તે દુનિયાભરના રાજદ્રોહના મુકદ્દમાઓમાં અજોડ છે (અમેરિકન અખબારોમાં એ આખું વક્તવ્ય છપાએલું). હાઈકોર્ટે એમની અપીલ કાઢી નાખી અને એમને બરેલી જેલમાં મૂકવામાં આવ્યા. ત્યાં સખત બીમાર પડતાં દેશપરદેશમાંથી તેમના છુટકારાની માગણી થવા લાગી. આ માગણી કરનારાઓમાં પ્રો. આઈન્સ્ટાઈન જેવા વિશ્વમાન્ય વિજ્ઞાની પણ હતા. છેવટે ૧૯૩૬ના નવેમ્બરમાં એમને મુક્ત કરવામાં આવ્યા.

શ્રી રૉય માનતા હતા કે કૉંગ્રેસ એ લોકક્રાન્તિનો સંયુક્ત મોરચો હોઇ એને સાથ આપવો જોઇએ, પણ એમાં દાખલ થયા પછી એમણે પોતાની કલ્પના કરતાં જુદું જ જોયું. બીજા મહાયુદ્ધ વખતે કૉંગ્રેસે અપનાવેલી નીતિએ એમને ખૂબ નિરાશ કર્યા. રૉયની એ દૃઢ માન્યતા હતી કે યુદ્ધના અંતે વિજયી નીવડવા છતાં બ્રિટનની કરોડ તૂટી જશે અને હિંદ આપોઆપ એની પકડમાંથી છૂટું થશે. એમણે ફાસિવાદી બળો સામે લોકશાહી સંગઠન મજબૂત બનાવવા 'રેડિકલ ડેમોક્રેટિક પાર્ટી'ની સ્થાપના કરી અને હિંદના શિક્ષિત વર્ગને પોતાના સાથમાં લેવા પ્રયત્ન આદર્યો.

યુદ્ધના અંતે બ્રિટનની કરોડ ખરેખર ભાંગી ગઈ અને તેને હિંદમાંથી હઠવું જ પડ્યું. રૉયે બીજી પણ આગાહી કરેલી, અને તે એ કે, યુદ્ધને અંતે દુનિયા બે વિચારસરણીઓના બે જૂથમાં વહેંચાઈ જશે. ૧૯૩૮માં એમણે પોતાનો પક્ષ-'રેડિકલ ડેમોક્રેટિક પાર્ટી'-વિખેરી નાખ્યો અને તેનું કારણ એ આપ્યું કે જગતનાં રાજ્યોએ કલ્યાણકારી રાજ્યનો આદર્શ સ્વીકાર્યા પછી રાજકીય પક્ષોની રચના નિરર્થક હતી. એમણે એક નવા જ દર્શનની જગતને ભેટ ધરી અને તે નવમાનવતાવાદ. માનવતાવાદનો આદર્શ તો અનેક સ્વપ્નદ્રષ્ટાઓ અવારનવાર આલેખતા આવ્યા છે, પરંતુ તેને પદ્ધતિસરના એક દર્શનનું સ્વરૂપ આપનાર જગતના પહેલા જ દાર્શનિક સ્વ. શ્રી માનવેન્દ્રનાથ રૉય હતા.

કુલદીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ,
જગદીપક જગદીશના અંશી કોક અલભ્ય.

લશ્કરી ગુના માટે માફી આપવાનો અધિકાર પ્રમુખ તરીકે માત્ર એકલા લિંકનને હતો, અને તે ઘણો દયાળુ હતો એટલે વગદાર માણસોની ભલામણો સાથે ઘણી અરજીઓ તેના પર આવતી. એક વાર એક સિપાહી તરફથી કોઇના પણ ભલામણપત્ર વિનાની માત્ર નાનકડી સાદી અરજી જ આવેલી જોઈ તેણે પૂછ્યું, 'શું આ માણસને કોઈ મિત્ર જ નથી?'

એક કારકુને કહ્યું, 'ના જી, એકે ય નથી.'

'તો તો હું જ તેનો મિત્ર બનીશ.' એમ કહીને લિંકને તેના પર ક્ષમાનો શેરો માર્યો.

કહેવતોના અર્થ: 'અંધેકી ગાવડી ને અલ્લા રખવાળ.'–આંધળો માણસ પોતાની ગાયને ચોરાઈ જતી અટકાવી (રખોપું કરી) શકતો નથી છતાં ઈશ્વર જેમ તેને બચાવી લે છે તેમ, જેનું કોઈ બેલી ન હોય તેનું રક્ષણ ઈશ્વર કરે છે એ ભાવ દર્શાવતી આ કહેવત જેવી બીજી કહેવતોમાં એવો ભાવ પણ છે કે જગતમાં અવગણાએલી કે ત્યજાએલી વસ્તુઓને કશું નુકસાન ન થતાં કુદરતથી આપમેળે રક્ષાઇને પોષાય છે. જેમકે: 'ઉઘાડે બારણે ધાડ નહિ, ઉજ્જડ ગામે ધાડ નહિ'; 'ગરીબનાં છોકરાં ને રામનાં રખોપાં'; 'રખડેલનું આવરદા ઘણું'; 'મડા ઉપર વીજળી પડે નહિ'; 'થોરને ઉછેરવો ન પડે'; વગેરે.

તારીખ પરથી વાર જાણવાની રીત

(૧) ઈસ્વી સનના પૂર્ણસૅંકડાને ૫$\frac{૨}{૪}$થી ગુણો, (૨) ઇસ્વી સનના પૂર્ણ વર્ષના આંકડાને $\frac{૧}{૪}$થી ગુણો, (૩) વર્ષની શરૂઆતથી ઈષ્ટ દિવસ સુધીની દિવસ-સંખ્યા કાઢો. પછી એ ત્રણેના આવેલા જવાબનો સરવાળો કરી તેને ૭થી ભાગતાં જો શેષ ૦ વધે તો રવિવાર, ૧ વધે તો સોમવાર...ને એમ ૬ વધે તો શનિવાર. દાખલા તરીકે તા.૧૬-૧૨-૧૯૩૩ના દિવસનો વાર શોધવો હોય તો (૧) પૂર્ણ સૅંકડા ૧૯×૫॥=૯૯॥, (૨) પૂર્ણ વર્ષ ૩૪×૦।=૮॥, (૩) વર્ષની શરૂઆતથી ઇષ્ટ દિવસ સુધીના દિવસ–૩૫૦.

હવે, એ બધાંનો સરવાળો કરતી વખતે જે આંકડા અપૂર્ણાંક હોય તો પૂર્ણાંક કરવા:

(૧) ૯૯॥ અપૂર્ણાંક છે માટે પૂર્ણાંક	૯૯
(૨) ૮॥ ,, ,, ,, ,,	૮
(૩) દિવસ	૩૫૦
	૪૫૭

૪૫૭÷૭=૨ શેષ, એટલે મંગળવાર આવે

(મીઠાપુર) —શીતલબિંદુ ભટ્ટ

અનેકાર્થી શબ્દ: **બેડી**=જંજીર; બંધન; જંજાળ; આડખીલી. પ્રતિબંધ; એક જાતની કેરી; વહાણ; પગનું રૂપાનું ઘરેણું; કાષ્ઠઘંટા, ડેરો; બે આંગળીએ પહેરવાની વીંટી; લગ્નગ્રંથી; ખેતરમાં પાણી પાવામાં વપરાતી એક જાતની ડોલ; કીચડવાળી જગ્યા; દાળ.




કાપડની મિલોની આવક કયા કયા ઉદ્દેશ પાછળ કેટકેટલા પ્રમાણમાં ખર્ચાય છે તેનું આ માન-ચિત્ર મુંબાઇ મિલઓનર્સ ઍસોસીએશને પ્રકટ કર્યું છે. તેમાં દર્શાવ્યા મુજબ સમગ્ર આવકને એક રૂપિયા સાથે સરખાવીએ તો આઠ આની (અરધા) ઉપરાંત રૂ પાછળ ને લગભગ ચાર આની મજૂરી ને પગાર પાછળ ખર્ચાય છે, ને બાકીનો ચાર આનીથી ઓછો ભાગ બીજા પ્રકીર્ણ વિષયોમાં જાય છે.

ભારતમાં વધારેમાં વધારે જંગલો મધ્ય પ્રદેશમાં છે, જે ૬૬૬૬૨ ચોરસમાઈલ જગ્યા રોકે છે, જ્યારે અજમેર રાજ્યમાં ઓછામાં ઓછાં– ૧૩૫ ચોરસ માઈલ જગ્યાનાં જંગલો છે.



ટેંકો, ડિસ્ટ્રૉયરો ને હેવી બૉમ્બરોના આ જમાનામાં આ ઊંટ-તોપ નાચીઝ રમકડા જેવી લાગે, પણ એક જમાનામાં એની બોલબાલા હતી.



આજથી ૫૦ વરસ પર ૧૯૦૩ના ૧૭મા ડિસેમ્બરે વિલ્બર અને ઑલિવર નામના રાઈટ બંધુઓએ અમેરિકાના નૉર્થ કૅરોલિના પરગણામાં કિલ ડેવિલ ટેકરી ઉપર જે સ્થળેથી પહેલવહેલું યાંત્રિક વિમાન ઉડાડ્યું તે સ્થળે ઊભું કરેલું તેમનું સ્મારક, જ્યાં ગયે વર્ષે એ સાંસ્કૃતિક પ્રગતિની જયંતી ઊજવાઈ.

ઘાસની વિવિધ જાતો: ૧ સાઇલેજ (સૂકું), ૨ ઝીંઝવો ૩ ગીની ૪ સમેરવો (ધઉલો) ૫ દર્ભ ૬ ચકલી-ચોખા ૭ સફેદ સુરવાળી (લાંપડું) ૮ ભાથું ૯ કરકરિયું ૧૦ ભેંઠ ૧૧ કાળો સુરવાળો ૧૨ ધોળી ધામણ ૧૩ આરોતારો ૧૪ મણચું ૧૫ ખારિયું ૧૬ કાંચણું ૧૭ નાનું લાંપડું ૧૮ ઝેઝરું ૧૯ વેકરિયું ૨૦ વરેલું ૨૧ સામો ૨૨ ધરો ૨૩ ગાંધુ (સૂકું) ૨૪ ગાંધુ (લીલું) ૨૫ મોથ (ભીંદો).

(માંડલ) —બાબુ વોરા

નવાં પુસ્તકો

વિજ્ઞાનમંદિર : લેખક-ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યા, પ્રકાશક-એન. એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, પૃષ્ઠ ૪૫૬, કિંમત રૂા. ૪-૦-૦.

બંગભંગ, સ્વદેશી આંદોલન વગેરેથી પ્રેરિત થઇને, સરકારી નોકરી ન કરતાં સ્વતંત્ર રાસાયનિક ઉદ્યોગમાં સ્વતંત્ર જીવન ગાળવાના ઉદ્દેશે વિજ્ઞાનનો વિષય લઈ એમ. એ. થયા પછી સર્વ સ્થળેથી નાસીપાસ થઈ, કમાવાની જરૂર પડવાથી આગ્રાની સેન્ટ જૉન્સ કૉલેજમાં રસાયનના 'એસોસીએટ-પ્રોફેસર'ની નોકરી સ્વીકારનાર ડૉ. કાન્તિલાલ પંડ્યાએ વિજ્ઞાનને લોકગમ્ય બનાવવા માટે અત્યાર સુધીમાં લખેલાં અનેક લખાણોમાંથી 'ગુજરાતી વાચકોને હજી ય રસ ને જ્ઞાન આપે' એવા કેટલાક લેખોને ગ્રંથસ્થ કર્યા છે. વાચકને કોઈ પણ ક્ષેત્રમાં સક્રિય રસ પ્રેરવો હોય તો તે માટેનું સર્વોત્તમ સાધન તે તે ક્ષેત્રમાં સિદ્ધિને વરેલી વ્યક્તિઓની જીવનસાધનાનું નિરૂપણ છે અને આ લેખકે પણ ઉચિત રીતે એ જ વાહન સ્વીકાર્યું છે. પ્રસ્તાવનામાં પ્રસિદ્ધ પદાર્થશાસ્ત્રી ક્લાર્ક મૅક્સવેલના શબ્દોમાં એ જણાવે છે તે મુજબ, 'જ્યારે આપણે વિજ્ઞાનની મોટી શોધો કરનારાઓમાં તથા તેઓની જીવનીમાં રસ લેતા થઇએ છીએ ત્યારે જ વિજ્ઞાનમાં જો રસ હોય તો તે સ્થાયી ભાવ પામે છે.'

લેખકના જણાવ્યા મુજબ આ પુસ્તકમાં આપેલા લેખોના મૂળમાં એમણે 'જરૂર પૂરતો ફેરફાર કર્યો છે. કેટલાક ટૂંકાવ્યા છે, ઘણામાં નવું ઉમેર્યું છે. વર્તમાન સમયની બને તેટલા નજદીક (up-to-date) તેઓને લાવવાનો યત્ન ગાલબત્ત કર્યો જ છે. રૉયલ સોસાએટી અને તેના હિંદી સભ્યો પરનો લેખ એ સંસ્થાનો પરિચય આપવા ઉપરાંત ૧૩ હિંદી એફ.આર.એસ.ના જીવન તથા કાર્યનો પરિચય આપેલ છે. જેમાં બે ગુજરાતીઓનો પણ સમાવેશ થઈ જાય છે. સવાસો ઉપરાંત પાનાંના એ માહિતીપૂર્ણ લેખ ઉપરાંત બીજો પણ એવો માહિતીપૂર્ણ લેખ છે, પુસ્તકનાં સોએક પાનાં રોકતો આઈન સ્ટાઈન પરનો લેખ. આ લેખ અગાઉ 'કુમાર' તરફથી જુદી પુસ્તિકારૂપે પણ બહાર પડી ચૂકેલો છે (મોટા ભાગના લેખો પ્રથમવાર 'કુમાર'માં જ પ્રસિદ્ધ થએલા છે.) આઈન સ્ટાઈન ને તેના આપેક્ષાવાદને આપણી ભાષામાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ સવિસ્તર પરિચય આપનાર કોઈ હોય તો તે ડૉ. પંડ્યા જ છે.

એડીસન ઉપર જુદેજુદે પ્રસંગે લખાએલા કુલ ત્રણ લેખો આ સંગ્રહમાં છે. લેખકે ધાર્યું હોત તો એ ત્રણે લેખોની વિગતોને એક લેખમાં સંકલિત કરી શકત અને એમાં જણાતું પ્રાસંગિકતાનું વધું પડતું પ્રમાણ નિવારી શકત. બોસ અને રામન્, રામાનુજન અને સાહા એ હિંદી એફ.આર.એસ.નાં વિસ્તૃત જીવનચરિત્રો પુસ્તકમાં આપ્યા પછી રૉયલ સોસાએટી પરના લેખમાં પણ એ લીધાં છે એટલા વિસ્તારથી લેવાની જરૂર નહોતી. આલફ્રેડ નોબલ અને કેપ્ટન કૂકને 'વિજ્ઞાની' કેટલી હદે ગણી શકાય એ પ્રશ્ન છે. આમ છતાં આ હકીકત સર્વ ચરિત્રોમાં પ્રધાનપણે તરી આવે છે કે લેખકે ચરિત્રનાયકોના જીવનધ્યેયને સારો ન્યાય આપેલો છે. ચરિત્રની ઉષ્મા ને પ્રેરકતા પણ એમાં છે. આ દૃષ્ટિએ ઊગતી પેઢીને માટે એ સંઘરવા જેવું પુસ્તક બન્યું છે. સ્વ. જયકૃષ્ણ ઈંદ્રજીનું ચરિત્ર તથા લેખકની 'મેનલોપાર્કના જાદુગર' વિજ્ઞાની એડીસન સાથેની મુલાકાત કોઈ વાચકથી નહિ ભૂલાય. ગુજરાતના સ્વલ્પ વિજ્ઞાનસાહિત્યમાં આ પુસ્તક એક ગણનાપાત્ર ઉમેરો કરે છે.

એકલા જાન રે ગાંધીજીની નોઆખલીની ધર્મયાત્રાની મનુબહેન ગાંધીએ રાખેલી ડાયરી ડાયરીનું ગાંધીજીની નિકટની પિછાન આપતું પ્રકાશન. પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૯, ૨-૦-૦; **સંત વિનોબાનો** પરિચય તથા એમનો સંદેશ સરળતાથી સમજાવતી પુસ્તિકા, લેખક: દેશાઈભાઈ પટેલ, પ્રકાશક: બાલગોવિંદ કુબેરદાસની કં. અમદાવાદ, ૦-૮-૦; **શ્રી મા શારદાદેવી** રામકૃષ્ણ પરમહંસનાં એ સહધર્મચારિણીનો પરિચય, લેખિકા: કુ. ગૌરાંગી રસિકલાલ મહેતા, પ્રકાશક: શ્રી શારદામણિદેવી શતાબ્દી મહોત્સવ સમિતિ તરફથી જયાબહેન પટેલ તથા વિષ્ણુપ્રસાદ ર. ઠાકોર, અમદાવાદ, ૦-૬-૦; આત્મસાક્ષાત્કાર પામેલા **એક મહાત્મા સાથેનો પરિચય** લેખક: સ્વામી શ્રી કૃષ્ણાનંદજી, પ્રકાશક: શ્રી રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ, અમૂલ્ય; **શામળાજી** પ્રકૃતિ સૌંદર્ય અને શિલ્પ સ્થાપત્યના એ કલાધામનો સવિસ્તર પરિચય, લેખક: રમણલાલ સોની, પ્રકાશક: વલ્લભ નેચંદદાસ શેઠ, ચેરમેન શામળાજી મંદિર ટ્રસ્ટી મંડળ, ન્યોચ્છાવર ૧-૦-૦; **ફૂલકલગી** કેટલાક નામી-અનામી કવિઓનાં કાવ્યો ને ગઝલોનો સંગ્રહ, પ્રકાશક: શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર (સૌરાષ્ટ્ર), ૧-૪-૦; **સ્વપ્નનો ભંગાર** 'કુમાર'ના પરિચિત વાર્તાકાર કેતન મુનશીની ચોવીસ નવલિકાઓ, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી લિ., મુંબાઈ-૨, ૩-૮-૦; **સિંહપુરુષ** 'જયભિખ્ખુ'ના અગાઉ પ્રગટ થએલા 'વીરધર્મની વાતો'ના ત્રણ ભાગમાં ઉમેરો કરતી એવી જ તેર પ્રેરક કથાઓ, ૨-૮-૦; **જ્ઞાનકથાઓ** ભાગ ૧ ને ૨, બાળકોને માટેની સુંદર બોધક કથાઓ, લેખક: 'ધૂમકેતુ', દરેકનો ૧-૦-૦.



સ્નાન: ભારતીય ચિત્રકળાની જૂની પ્રણાલીના દોર પર આધુનિક શૈલીથી રચાએલા આ ચિત્રમાં ખરબચડી ભૂમિ પર સાદા રંગોના સપાટ વર્ણપટ વડે, સીધી તેમજ વળાંકા લેતી રેખાઓના સંયોજનનું જે કાવ્ય રચાયું છે, તે સ્નાન કરતા પાત્રના દેહલાલિત્ય જેટલું જ મધુર છે, અને પ્રમાણે છે કે નગ્નતાને વિકારવિહીન પ્રસન્ન સૌંદર્યદૃષ્ટિથી પણ જોઇ શકાય છે. પશ્ચાદ્ભૂમિમાં મકાનોની આડી ઊભી સીધી રેખાઓની સામે વૃક્ષોની તથા પડદાની ને તેના પકડનાર પાત્રની પ્રવાહી રેખાઓ પેઠે જ આગલા ભાગમાં બાજોઠની સીધી રેખાઓને પડછે વહેતા પાણીની વળાકા લેતી રેખાઓ એકબીજામાં મળીને સુમધુર ગૂંથણીની જે હારા રચે છે તેની ભોંય પર કેશસંમાર્જન કરતા પાત્રનું દેહલાવણ્ય કેન્દ્રસ્થ બનીને સર્જનહારની સૌંદર્યલીલાનું સત્ત્વ ફોરી રહે છે. **ચિત્રકાર: વિદ્યાભૂષણ**

ફોટો: નવી દિલ્હીની ફાઇન આર્ટસ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી